વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૦મું
માર્ચ - ૨૦૧૫
અંક : ૪૪૨

મંગલ મંદિર ● માર્ચ-૨૦૧૫ ● ૧
(કુલ પાના : ૮૦)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



તીરૂપતિ
બાલાજી મંદિર


મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

તંત્રી મંડળ :
**અશોક મહેતા** - મુખ્ય તંત્રી
**મનુભાઈ શાહ**
**દિનેશચંદ્ર મહેતા**

# ‘ગાલા’ની અતિ ઉપયોગી શ્રેષ્ઠ ડિક્ષનરીઓ

## અંગ્રેજી–ગુજરાતી, ગુજરાતી–અંગ્રેજી અને અંગ્રેજી–હિન્દી




આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.

NAVNEET®
Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED


**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, **Ahmedabad – 380 052**. India
**Phone :** (079) 6630 5000, 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

AN ISO 9001 - 2000 COMPANY

**નવભારત સાહિત્ય મંદિર**

૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૭

પતાસા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

mail : info@navbharatonline@gmail.com
website : www.navbharatonline.com

– ગુજરાતી ભાષાના જાણીતા લેખકો દ્વારા લખાયેલાં
– તમામ વિષયોનાં પુસ્તકો
– તમામ પ્રકાશકોનાં પુસ્તકો
– ગુજરાતી ભાષાની ક્લાસિક કૃતિઓ
– વિપુલ બાળસાહિત્ય
– ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનાં પુસ્તકો
– બે વિશાળ એ.સી. શો-રૂમ
– જીવનને બદલી નાખનાર ઉત્તમ વિપુલ સાહિત્ય

**ગુજરાતી ભાષાનાં ઉત્તમ પુસ્તકો**
**એક જ સ્થળેથી મેળવવા માટે પધારો છો ને?**

**આપને મનગમતાં કોઈ પણ પુસ્તક માટે સંપર્ક કરો તથા અમારા બે સેન્ટ્રલ એ.સી. શો-રૂમની મુલાકાત લો.**

**TOYCRA**
play to grow

TOYCRA, 2nd Floor,
Indraprashth Corporate House,
Opp. Relaince Petrol Pump,
Prahlad Nagar Road,
Satellite, Ahmedabad-380015

Ph: (079) 66170265, Mo. : 98791 10650

mail : toycra@gmail.com
facebook link : facebook.com/toycra

– ઈન્ટરનેશનલ બ્રાન્ડના અવનવાં અદ્ભુત ટોય્ઝ
– વિશ્વની ૪૦ જાણીતી બ્રાન્ડનાં રમકડાં
– વૈવિધ્યસભર રમકડાંઓ ડેમો સહિત
– વિશ્વની જાણીતી ગેમ્સ
– એજ્યુકેશનલ - નોલેજ બુક્સ
– ગુજરાતી તથા અંગ્રેજી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
– પુસ્તકો, ટોય્ઝ, ગેઈમ્સ જોવા, બેસવાની ઉત્તમ સુવિધા
– ૧૨૦૦૦ ક્વેર ફૂટમાં પથરાયેલ વિશાળ એ.સી. શો-રૂમ
– તમામ ઉંમરના લોકો માટેની બ્રાન્ડ્સ

**અમદાવાદના સૌથી ટોઝના સૌપ્રથમ આવા**
**વિશાળ એ.સી. શો-રૂમમાં પધારો છો ને?**

**વિશ્વની જાણીતી બ્રાન્ડનાં ટોઝ, ગેઇમ્સ મેળવવા અમારા વિશાળ એ.સી. શો-રૂમની આજે જ મુલાકાત લો.**



**GILL & CO. PVT. LTD.**

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office :** NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

**: BRANCHES :**
**ADONI / AHMEDABAD / AMRAVATI**
**BHATINDA / NEW DELHI / UJJAIN**


COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL®
Masala Grinder
Cum
Mini Flour Mill
PATENTED BY GOVT. OF INDIA
Instagrind
QUALITY CONTROL ORDER 1981.89.93
HOUSE HOLD ELECTRICAL APPLIANCES MAH/10/009/0694
GOVERNMENT OF MAHARASHTRA
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
COOKWELL®
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
COOKWELL
COOKING SYSTEM
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON™
100% Safe Water
High Performance Mineral Water System
Big 17 Ltrs. CAPACITY
TESTED By
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
NANO Ceramic Candle
Silica Sand
Silver Activated Carbon
Activated Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
COOKWELL®
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ
આવકાર્ય

# તમારા પરિવાર માટે આ પુસ્તકો વસાવવાનું ચૂકશો નહિ !

### ડગલે ને પગલે ઉપયોગી સાહિત્ય

| | | |
|---|---|---|
| દીકરો વહાલનું આસમાન | નીલમ દોશી | 280 |
| દીકરી મારી દોસ્ત | નીલમ દોશી | 250 |
| સેલિબ્રિટિ સાથે સંવાદ | આનંદ ઠાકર | 150 |
| ગુણવંત શાહ સાથે વાચનયાત્રા | મહેન્દ્ર મેઘાણી | 20 |
| જવાહરલાલ નહેરુ સાથે વાચનયાત્રા | મહેન્દ્ર મેઘાણી | 20 |
| અરધી સદીની વાચનયાત્રા-3 | મહેન્દ્ર મેઘાણી | 250 |
| અરધી સદીની વાચનયાત્રા-4 | મહેન્દ્ર મેઘાણી | 250 |

### લેખસંગ્રહો

| | | |
|---|---|---|
| યૂ-ટર્ન | રોહિત શાહ | 100 |
| માણસ હોવાનો મને વહેમ | ડૉ. કેશુભાઈ દેસાઈ | 200 |
| અખંડ દીવાનાં અજવાળાં | ડૉ. કાંતિ ગોર | 180 |
| વૃદ્ધાવસ્થામાં જીવનસાફલ્ય | ડૉ. ભાનુ એન. કાપડિયા | 160 |
| જ્યાં પગ મૂકું ત્યાં તીરથ | પ્રતાપભાઈ ત્રિવેદી | 130 |
| સુખ તમારી પ્રતીક્ષા કરે છે | આચાર્ય વાત્સલદીપ | 30 |
| જીવનમાં મેળવો સફળતા 100% | શ્રી ચંદ્રપ્રભ, અનુ. હીરેન્દ્ર લાડ | 120 |
| ઉપહાર | વિકાસ ઘનશ્યામ નાયક | 125 |
| કથાકળશ | વિકાસ ઘનશ્યામ નાયક | 125 |
| સ્પર્શ | વિકાસ ઘનશ્યામ નાયક | 125 |
| વિચારોની રખડપટ્ટી | હરેશ ધોળકિયા | 125 |

### કિશોરસાહિત્ય

**'સચિત્ર પ્રવૃત્તિમય-આનંદ પ્રેરક વિજ્ઞાન' શ્રેણી** (પુ. 10) — અનુ. પ્રતીતિ તેજસ શાહ — 500

1. હવા, 2. રાસાયણિક દ્રવ્યો અને ભૌતિક પદાર્થો, 3. વિદ્યુત, 4. ગુરુત્વાકર્ષણ અને ચુંબકત્વ, 5. ગરમી (ઉષ્ણતા), 6. પ્રકાશ, 7. છોડ, 8. જ્ઞાનેન્દ્રિયો, 9. અવાજ, 10. પાણી

| | | |
|---|---|---|
| સકળ તીરથ જેના તનમાં રે...આપણા સંતો (પુ. 6) | રજની વ્યાસ | 600 |
| જેમણે જગતને અજવાળ્યું : વિશ્વના વિજ્ઞાનીઓ (પુ. 8) | રજની વ્યાસ | 800 |
| દૃષ્ટાંતકથાઓ | નાનાભાઈ ભટ્ટ | 110 |
| ધર્માત્માઓનાં ચરિત્રો | ગિજુભાઈ | 100 |
| કિશોર ચરિતમાળા પુ. 5 | અશોક હર્ષ | 550 |

### બાળસાહિત્ય

| | | |
|---|---|---|
| વિશ્વના ક્રિકેટ ખેલાડીઓ (પુ. 20) | જગદીશ શાહ, જયવંત પંડ્યા | 300 |
| વિશ્વના મહાન ચિત્રકારો (પુ. 20) | વિવિધ ચિત્રકારો-લેખકો | 300 |
| સોનેરી રાજહંસ | રવજીભાઈ કાચા | 80 |
| પંડિત સસ્સારામનાં પરાક્રમો (ભા. 1થી 5) | યશવંત મહેતા | 300 |
| ઉદ્યમપ્રેરણાની કથાઓ | યશવંત મહેતા | 200 |
| લાંબી પૂંછડીનો વટ | ગિરા પિનાકીન ભટ્ટ | 70 |
| ડ્રાઉં ડ્રાઉં દાબેલી પાઉં | ગિરા પિનાકીન ભટ્ટ | 70 |
| મંકોડાનો સાફો | ગિરા પિનાકીન ભટ્ટ | 90 |
| હાક્છી... ધાક્છી ને મજા...મજા | ગિરા પિનાકીન ભટ્ટ | 75 |
| મીઠુભાઈની મીઠી વાતો | શ્રદ્ધા એ. ત્રિવેદી | 50 |
| અકબર-બીરબલ શ્રેણી (ગુજરાતી-અંગ્રેજી) પુ. 6 | શ્રદ્ધા એ. ત્રિવેદી | 250 |
| હયા, સુમેધા, કશ્વી | યોસેફ મેકવાન | 60 |
| સમજણની વારતા | ભાવેશ પંડ્યા | 50 |
| વારતા રે વારતા | ભાવેશ પંડ્યા | 75 |
| દાદાનો ડંગોરો | ભાવેશ પંડ્યા | 50 |
| બાલગીતો અને જોડકણાં | સંપા. જયંતભાઈ શુક્લ | 50 |
| કીડી-કુંજર કરે કમાલ | અંજના ભગવતી | 120 |
| Miracles of Nature | Anjana Bhagavati | 120 |
| The Valiant Heroes (vol. 1 to 8) | R. S. Nayak | 600 |

### વાર્તાસંગ્રહો

| | | |
|---|---|---|
| ખંડિયેર | રમેશ ર. દવે | 110 |
| આઇ એમ શ્યૉર | નીલમ દોશી | 125 |
| કાળી પરજ | ઇલા આરબ મહેતા | 150 |
| જિંદગીના ધબકાર | ડૉ. હર્ષદ કામદાર | 180 |
| રસધારની વાર્તાઓ | ઝવેરચંદ મેઘાણી | 180 |
| સૌરાષ્ટ્રની રસધાર (સંકલિત) | ઝવેરચંદ મેઘાણી | 300 |
| ધૂમકેતુનાં વાર્તારત્નો | ધૂમકેતુ | 150 |
| ધૂમકેતુની શ્રેષ્ઠ વાર્તાઓ | ધૂમકેતુ | 150 |
| આવાગમન | વિજય શાસ્ત્રી | 100 |
| અણહિલપુરની લોકકથાઓ | હરજી પ્રજાપતિ | 100 |

### યોગ વિષયક સાહિત્ય

| | | |
|---|---|---|
| મહર્ષિ પતંજલિનાં યોગસૂત્રો | સંપા. રમેશચંદ્ર ટી. જાદવ | 600 |
| યોગ અને આરોગ્ય | સ્વામી અધ્યાત્માનંદ | 200 |
| શિક્ષણ અને યોગ | શ્રી ભાણદેવ | 60 |
| યૌગિક શોધનકર્મ | શ્રી ભાણદેવ | 100 |
| સંપૂર્ણ પ્રાણાયામ | શ્રી ભાણદેવ | 300 |
| અંતરંગ યોગ | શ્રી ભાણદેવ | 150 |
| અધ્યાત્મરહસ્ય | શ્રી ભાણદેવ | 135 |
| યૌગિક બંધ અને મુદ્રા | શ્રી ભાણદેવ | 110 |
| યોગ અને વ્યક્તિત્વવિકાસ | પંકજ ભટ્ટ | 100 |
| યોગશિક્ષણમાં શરીરરચના અને ક્રિયાવિજ્ઞાન | ડૉ. હર્ષદ ભટ્ટ | 150 |

### આરોગ્ય વિષયક સાહિત્ય

| | | |
|---|---|---|
| કેન્સર મટી શકે છે | ડૉ. ચિરાગ એ. શાહ | 400 |
| ફિટનેસ ફન્ડામેન્ટલ | ડૉ. મુકુંદ મહેતા | 225 |
| હેલ્થ ટિટબિટ્સ | ડૉ. મુકુન્દ મહેતા | 225 |

## ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો-રૂમ

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે,
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર,
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૩૯ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખક પાના નં.*

**તંત્રી લેખ :**

- બેલેન્સ શીટ ...... **અશોક મહેતા** ...... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ...... ૧૦

**લેખ વિભાગ**

**સાયન્સ અને ટેકનોલોજી**

- આપણી અદ્ભુત વૈજ્ઞાનિક સિધ્ધિઓ ...... **ડૉ. યાસીન દલાલ** .... ૧૫
- તાપમાન ...... **મુરજી ગડા** .... ૧૭

**ગઝલ ગુંજન**

- અય મહોબત તેરે અંજામ પે રોના આયા ...... **ડૉ. ગિરીશ વીછીવોરા** .... ૧૯

**સંસાર ચક્ર**

- પરણ્યાને મહિનો થયો... ને દીકરો વહુનો થયો! ...... **દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ** .... ૨૧

**સમાજની ક્ષિતિજો**

- મૌ સમ કૌન કુટીલ ખલખામી ...... **લીલાધર ગડા** .... ૨૩

**વાર્તા**

- મન, કાચ ને મોતી તૂટ્યા પછી સંધાય? ...... **ડૉ. ઊર્મિલા શાહ** .... ૨૬
- બ્લોકેજ! ...... **હરેશ ધોળકિયા** .... ૨૯

**પ્રજાતંત્ર**

- અનધિકૃત બાંધકામો નિયમિત કરવામાં તંત્ર જ ઉદાસીન.... **શશીકાંત ઠક્કર, એડવોકેટ** .... ૩૨

**તંદુરસ્તી**

- અનિદ્રા (Insomnia) – ૨ ...... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** ..... ૩૩
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળમનોચિકિત્સક**
- સ્વાઈન (એચ-૧ એન-૧) ફ્લુ...... **તબીબી સેવા સમિતિ દ્વારા પ્રકાશિત** .... ૩૫

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ઘર : ૦૭૯-૨૬૭૫ ૨૧૨૨ મો. ૯૪૨૭૫ ૫૧૮૭૭

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૬૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## જીવન ચરિત્ર

● આદિવાસી લોકોનો ઉત્કર્ષ સાધનાર : મૂકસેવક રવિશંકર મહેતા ..... **કિરણ ચાંપાનેરી 'સેતુ' ફ્રીલાન્સ પત્રકાર** .... ૩૭

## ઇતિહાસ

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ પ્રકરણ-૩૭ .......... **સંકલન : પ્રતાપ નારાણજી દંડ** .... ૩૯

## વિચાર વિમર્શ

● દિલનું દર્પણ – રોજનીશીની સાખે : (૨) ..... **માવજી કે. સાવલા** .... ૪૨

## જૈનત્વ

● ધાર્મિક પાઠશાળાના અભ્યાસક્રમ અંગે વિચારણા ..... **શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા** .... ૪૪

## શિક્ષણ જગત

● શિક્ષણ ..... **મગનલાલ સંઘવી** .... ૪૬

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ..... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૪૭

## નિયમિત વિભાગો

● આંજો કાગર ..... ૪૮
● અન્ય સંસ્થાઓના સમાચાર ..... ૫૧
● સાર સમાચાર ..... **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૫૪
● જાણવા જેવું ..... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૬
● *Nano Nine* શબ્દ રમત-૧૦૩ ..... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૭
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૫૯) ..... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૯
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકોની યાદી ..... ૬૧
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ..... ૬૩
● વલોવતન ..... **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૬૪
● સમાજ દર્પણ ..... ૬૭
● સંસ્થા સમાચાર ..... ૬૮
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ..... ૭૧
● ઊડતી નજરે ..... ૭૩

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## બેલેન્સ શીટ

***– અશોક મહેતા***

વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના નાણાંકીય વર્ષના અંતે આપણે આપણા વ્યાપારની બેલેન્સ શીટ બનાવી આપણા વ્યવસાય પર એક દૃષ્ટિપાત કરી લઈએ છીએ. એ રીતે આપણે આપણા સામાજિક વ્યવહારો પર પણ એક દૃષ્ટિપાત કરી લેવાનું હિતાવહ ગણાશે.

સામાન્યપણે આપણને સમાજમાં બે પ્રકારના લોકો જોવા મળશે. પ્રથમ પ્રકારના લોકો મોટાભાગે સ્વના ઉધ્ધારની વાતો કરતા રહેશે અને તે માત્ર પોતાની પ્રવૃત્તિઓ સિવાય અન્ય કોઈ પણ પ્રવૃત્તિમાં રસ દાખવતા નહીં હોય. જ્યારે દ્વિતીય પ્રકારમાં એવા લોકો હશે કે જે સ્વના ઉધ્ધારની સાથે પરના ઉધ્ધારની પણ ખેવના રાખતા હશે અને તેના માટે કદાચ સામાજિક, ધાર્મિક કે રાજકીય ક્ષેત્રમાં, પોતાની રૂચિ અનુસાર જોડાઈ જવા પ્રયાસ પણ કરતા હશે. અગર તે કોઈ પણ ક્ષેત્રમાં જોડાઈ ના શકે તો પરના ઉધ્ધાર તરફ પોતાની માનસિકતા તો જરૂર વિકસાવતા રહેશે.

પરના ઉધ્ધારમાં જોડાયેલ વર્ગની વાત કરીએ તો ત્યાં પણ બે પ્રકારના લોકો જોવા મળશે. પ્રથમ પ્રકારના લોકો ખૂબ જ સંકુચિત શ્રેણીવાળા હશે જ્યારે અન્ય પ્રકારના લોકોની દૃષ્ટિ વિશાળ હશે. સંકુચિત પ્રકારના લોકો રાજકીય ક્ષેત્રે હશે તો તે માત્ર પોતાના વિસ્તારની કે પોતાના ગ્રુપની ખેવના રાખતા હશે; ધાર્મિક ક્ષેત્રે હશે તો તેની દૃષ્ટિ માત્ર પોતાના સંપ્રદાય કે પંથ પરની હશે અને સામાજિક ક્ષેત્રે હશે તો તે માત્ર પોતાના સમાજના ઉધ્ધારની વાત કરતા હશે. જનસમુદાયના વિકાસ માટે રાજકીય ક્ષેત્રના કાર્યકરોને અન્ય વિસ્તાર, ધાર્મિક ક્ષેત્રે કામ કરતા મહાનુભાવોને અન્ય સંપ્રદાય કે અન્ય પંથ અને સામાજિક ક્ષેત્રે કામ કરનારને અન્ય સમાજોના વિકાસની તેટલી ખેવના નહીં હોય, જેટલી પોતાના સમાજની ખેવના રાખતા હશે. અન્ય તરફ વિશાળ દૃષ્ટિવાળી વ્યક્તિની નજરમાં તો કેવળ અને કેવળ કોઈ પણ જાતના ભેદ પાડ્યા વગરનો જનસમુદાય જ હશે. **વિશાળ દૃષ્ટિ ધરાવનાર થકી જ આજે ઠેર ઠેર શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, હોસ્પિટલો, રમત-ગમતના મેદાનો વગેરે આપણે મેળવી શકીએ છીએ.**

સંકુચિત મનોવૃત્તિ ધરાવનાર સામાજિક ક્ષેત્રે કામ કરતી વ્યક્તિ અગર પોતાની જાતને આંતરિક રીતે નિહાળી નીચે મુજબના પ્રશ્નો પૂછી તેનો જવાબ મેળવે તો તે પોતાની વિચારસરણીમાં કદાચ બદલાવ લાવી શકે અને તે પણ વિશાળ દિલ બની શકે. પોતાની જાતને પૂછવાના પ્રશ્નોની શરૂઆત નીચે મુજબ કરી શકાય :

- ☞ તમારો જન્મ થયો ત્યારે દાયણ, નર્સ કે ડૉક્ટર તમારી જ્ઞાતિના હતા કે અન્ય જ્ઞાતિના? મોટા ભાગના લોકોનો જવાબ હશે 'અન્ય જ્ઞાતિના.'
- ☞ તમારું પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર ભણતર થયું તે શાળા તમારા સમાજની હતી? મોટાભાગના લોકોનો પ્રત્યુત્તર 'ના'માં આવશે. બહુ ઓછા લોકોએ પોતાના સમાજની શાળામાં અભ્યાસ કર્યો હશે અથવા તો એવું બને કે પોતાના સમાજની શાળાનું અસ્તિત્વ જ નહીં હોય.
- ☞ જે કોલેજમાં તમારું ભણતર થયું તે કોલેજ શું તમારા સમાજની હતી? મોટા ભાગના લોકોનો જવાબ 'ના' માં જ આવશે.
- ☞ તમે નોકરી કરો છો તે દુકાન, પેઢી કે કંપની શું તમારા સમાજની વ્યક્તિની હતી? કદાચ પાંચ ટકા લોકોનો જવાબ 'હા' માં આવે. પરંતુ મોટાભાગના લોકોનો જવાબ 'ના'માં આવશે.
- ☞ તમે અગર વ્યાપાર કરો છો તો શું તમારે ત્યાં આવતા ગ્રાહકો તમારા સમાજના હોય છે? કદાચ પાંચ ટકા લોકો 'હા' પાડે પરંતુ મોટાભાગના લોકોનો જવાબ 'ના'માં હશે.

*પ્રાર્થનાની ખૂબી એ છે કે તે બધાં પ્રલોભનો પર વિજય અપાવે છે.*

☞ તમે જે દુકાન ચલાવો છો તે દુકાન પર આવતા ગ્રાહકો તમારા સમાજના હોય છે? કદાચ પાંચ ટકા લોકો 'હા' પાડે પરંતુ મોટાભાગના લોકોનો જવાબ 'ના' માં હશે.

☞ તમે અગર કોઈ કંપની ચલાવો છો તો તેમાં કામ કરતો સ્ટાફ તમારા સમાજનો હોય છે? કદાચ એકાદ ટકા જેટલો સ્ટાફ પોતાના સમાજમાંથી આવતો હશે, પરંતુ બાકી સ્ટાફ અન્ય સમાજમાંથી આવે છે.

☞ તમે અગર કોઈ આઈટમનું મેન્યુફેક્ચરિંગ કરો છો તો તેના બધા કારીગરો તમારા સમાજમાંથી આવે છે? જવાબ હશે કે લગભગ બધા જ કારીગરો અન્ય સમાજમાંથી આવે છે.

☞ તમે તમારા માલનું જેને વેચાણ કરો છો તે ખરીદનારા શું તમારા સમાજના હોય છે? પ્રત્યુત્તર એ હશે કે ૯૯થી પણ વધુ ટકાના ગ્રાહકો બહારના સમાજના હોય છે.

☞ તમે જે મકાનમાં રહો છો, જે રસ્તા પર ચાલો છો, જે વીજળીનો વપરાશ કરો છો, જે સાધનોનો વપરાશ કરો છો તે બધા જ ઘરો, રસ્તાઓ, વીજળી, સાધનો વગેરે તમારા સમાજના લોકોએ બનાવ્યા હોય છે? ભાગ્યે જ કોઈ આઈટમમાં સમાજના સભ્યોનો હાથ હશે. મોટાભાગના કિસ્સામાં અન્ય સમાજના લોકોનો સહકાર મેળવવામાં આવેલ હશે.

☞ તમે બીમાર પડો છો ત્યારે જે ડૉક્ટર કે હોસ્પિટલનો ઉપયોગ કરો છો તે ડૉક્ટર કે હોસ્પિટલ તમારા સમાજે બનાવેલ હશે? ૯૯ ટકાથી વધુ લોકોનો પ્રત્યુત્તર 'ના' માં મળશે.

☞ તમે મૃત્યુ પામો ત્યારે જે સ્મશાનગૃહમાં તમને અગ્નિદાહ માટે લઈ જવામાં આવે છે, એ સ્મશાનગૃહ શું તમારા સમાજે બનાવેલ હશે? ૯૯ ટકાથી વધુ લોકોનો પ્રત્યુત્તર 'ના'માં આવશે.

આ રીતે જીવનથી મૃત્યુ સુધી આપણે જે જે વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ તે દરેક આઈટમ અન્ય સમાજના લોકોએ બનાવેલ હોય છે. અને આજે આપણે જે સુખાકારી મેળવેલ છે તેનો મોટા ભાગનો શ્રેય અન્ય સમાજોની વ્યક્તિઓ પર અવલંબિત હોય છે. તો તેના અનુસંધાને તે સમાજની સુખાકારી માટે આપણું કોઈ દાયીત્વ ખરું કે નહીં?

આપણે જે કંઈ નાણા અન્ય સમાજના લોકો સાથેના વ્યાપારથી કમાયા હોઈએ તે નાણાં માત્ર પોતાના સમાજના વિકાસ માટે વાપરવા હિતાવહ ગણાય કે તે નાણાં પરનો નૈતિક અધિકાર અન્ય સમાજના સભ્યોનો પણ ગણાય?

આ પ્રકારના પ્રશ્નો રાજકીય અને ધાર્મિક ક્ષેત્રે કામ કરતી વ્યક્તિઓને પણ પૂછી શકાય.

જાહેર જીવનમાં આવનાર દરેક વ્યક્તિ અગર પોતાની જાતને આ પ્રશ્નો પૂછશે તો તેનો અંતરાત્મા તેને વિશાળ દિલ માનવ બનવા જરૂરથી પ્રેરણા આપશે.

વિશાળતા તરફ દૃષ્ટિ રાખી આપણે એક એક ડગ આગળ ભરતા રહેશું તો તેમાં સમગ્ર સમાજનું હિત જળવાશે.

પરના ઉધ્ધારની ખેવના રાખનાર વ્યક્તિ પર આપણને ગૌરવ હોવું જોઈએ કે તે સ્વના ઉધ્ધાર માત્રથી બહાર આવીને પરના ઉધ્ધારની વાત કરે છે. પરંતુ જ્યારે તે પરના ઉધ્ધારની વાત કરતા કરતા સ્વના સમાજના, સ્વના રાજકીય પક્ષના કે સ્વના સંપ્રદાયના ઉધ્ધારની વાત કરવા લાગે ત્યારે આપણને થોડું દુઃખ થાય! અને આ પ્રકારના દાખલા આપણને ઠેર ઠેર એટલે કે વિવિધ સમાજોમાં અને વિવિધ સ્થળોએ જોવા મળશે. આ પ્રકારના લોકો પોતાની જાતને ઉપરોક્ત પ્રશ્નો પૂછી પોતાની વિચારસરણીમાં બદલાવ લાવી શકે તો સોનામાં સુગંધ ભર્યા સમાન ગણાશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • તા. ૬થી ૧૨-૪-૨૦૧૫ (૭ દિવસ) | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ | ધોરણ-૧૦ની પરીક્ષા આપનાર છાત્રો માટે કરિયર ગાઈડન્સ વર્કશોપ |

*યોગ્ય સમયે કરેલું નાનું કામ પણ બહુ ઉપકારક હોય છે.*

# 'મંગલ મંદિર' – શ્રેષ્ઠ લેખ / શ્રેષ્ઠ આંજો કાગરની પસંદગી

## વર્ષ ૨૦૧૫-૨૦૧૬ : નિર્ણાયક સમિતિની રચના

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ની છેલ્લા કેટલાક વર્ષોની પ્રણાલી રહી છે કે વર્ષ દરમ્યાન 'મંગલ મંદિર'માં પ્રકાશિત થતા સમગ્ર લેખોમાંથી શ્રેષ્ઠ લેખ (પ્રથમ ત્રણ) અને આંજો કાગર વિભાગમાં પ્રસિધ્ધ થતા પત્રોમાંથી શ્રેષ્ઠ પત્રો (પ્રથમ ત્રણ) પસંદ કરીને તેના લેખકશ્રીઓનું ઉચિત સન્માન કરવું.

આ વિષય અંતર્ગત દર વર્ષે એક નિર્ણાયક સમિતિની અત્રેથી રચના કરવામાં આવે છે.

તે પ્રથા અનુસાર વર્ષ ૨૦૧૫-૨૦૧૬ (એપ્રિલ ૨૦૧૫થી માર્ચ-૨૦૧૬)ના સમયગાળા માટે નીચે મુજબ નિર્ણાયક સમિતિ જાહેર કરતા 'મંગલ મંદિર' પરિવાર આનંદ અનુભવે છે.

**(૧) શ્રી ચિત્રસેનભાઈ આર. શાહ — ગાંધીનગર — કન્વીનરશ્રી**
હાસ્ય લેખનના લેખક. તેમના સાત પુસ્તકો પ્રકાશિત થયા છે તથા 'ગુજરાત સાહિત્ય સંગમ' તરફથી જ્યોતીન્દ્ર દવે સાહિત્યશ્રીનો ઍવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

**(૨) શ્રી ચેતનભાઈ શુક્લ — ગાંધીનગર — સભ્યશ્રી**
મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી - ગાંધીનગર. સાહિત્યકાર, એન્કર તેમજ કલાકાર.

**(3) શ્રીમતી વર્ષાબેન જે. મહેતા — ગાંધીનગર — સભ્યશ્રી**
ગાંધીનગર કચ્છ મિત્ર મંડળની મહિલા પાંખના મંત્રી, 'કચ્છશ્રુતિ'ના કટારલેખક અને સારા એન્કર.

***ઉપરોક્ત બાબતે સંબંધિત સર્વેએ નોંધ લેવા અનુરોધ છે.***

શક્ય હશે તો ઉપરની વિગતે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે નિર્ણાયક સમિતિનો અહેવાલ 'મંગલ મંદિર'ના માસ જૂન-૨૦૧૫ના અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

***– તંત્રી મંડળ, 'મંગલ મંદિર'***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

આ અગાઉ વારંવાર જાહેરાત કર્યા અનુસાર શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી જરૂરતમંદ કોઈપણ વ્યક્તિ માટે તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે આપવાની એક યોજના કેટલાક સમયથી અમલમાં છે.

છેલ્લા વર્ષ (૦૩/૨૦૧૪થી ૦૨/૨૦૧૫) દરમ્યાન કુલ ૧૦૨ વ્યક્તિઓ દ્વારા આ યોજનાનો લાભ લેવામાં આવેલ છે.

***તબીબી સાધનો પ્રમાણેની વિગત નીચે મુજબ છે :***

| સાધનનું નામ | ભાડે આપેલ વ્યક્તિની સંખ્યા | સાધનનું નામ | ભાડે આપેલ વ્યક્તિની સંખ્યા | સાધનનું નામ | ભાડે આપેલ વ્યક્તિની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ફાઉલર બેડ | ૧૩ | બેડપાન | ૦૫ | નેબ્યુલાઈઝર | ૦૪ |
| વ્હીલચેર | ૧૭ | સ્ટીક | ૦૯ | સેલાઈન સ્ટેન્ડ | ૦૨ |
| કમોડ ચેર | ૦૯ | એર બૅડ | ૦૯ | ટેબલ ટોપ | ૦૧ |
| વૉકર | ૨૫ | ઓક્સિજન સિલિન્ડર | ૦૭ | ઓક્સિજન ટ્રોલી | ૦૧ |

***જે વ્યક્તિને તબીબી સાધનો વપરાશ માટે દૈનિક ભાડાના ધોરણે જોઈતા હોય તેમણે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ફોન નંબર : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક કરવાથી મળી શકશે.***

**નોંધ :** ★ સ્ટોકમાં હશે ત્યાં સુધી સાધનો ડિપોઝિટ આપીને ભાડેથી મેળવી શકશે.
★ સાધનો પાલડી ભવન પરથી સ્વખર્ચે લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## 'મંગલ મંદિર'ની જાહેરાતના માસિક દરો

| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટી કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટી કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટી કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સીંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ** : ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

*"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો ચેક* ***(Payable at AHMEDABAD)*** */ ડ્રાફ્ટ મોકલાવવા વિનંતી.*

**નોંધ : જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. | (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. | (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

## "મંગલ મંદિર" : લવાજમનાં દરો

૧ વર્ષના : રૂા. ૧૫૦/- | ૫ વર્ષના : રૂા. ૬૦૦/-
૩ વર્ષના : રૂા. ૪૦૦/- | આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-

## ● વાંચન અભિયાન ●

## પુસ્તક લાઈબ્રેરીનો અચૂક લાભ લેશો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત પુસ્તક લાઈબ્રેરીમાં હાલે ૭૦૦થી વધુ નવાં પુસ્તકોનો ઉમેરો કરતાં પુસ્તકોની કુલ્લ સંખ્યા ૨૫૬૦ જેવી થઈ છે અને તે કારણે પુસ્તક વાંચન કરનાર ગ્રાહકોની સંખ્યામાં પણ વધારો થતાં હાલે ૨૬૦ વ્યક્તિઓ તેનો નિયમિત રીતે લાભ લઈ રહ્યા છે. આપશ્રી આ વાંચન - અભિયાનમાં જોડાવ તેવો ખાસ આગ્રહ છે. અન્ય વિગત માટે લાઈબ્રેરિયનનો ફોન નંબર : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨ અને ૨૬૫૮ ૧૫૦૧ પર સંપર્ક કરશો.

★ કુલ ૨૫૬૦માંથી બાળ વિભાગના પુસ્તકો સાથે અંગ્રેજી ભાષાના પુસ્તકો .......................... ૧૬૦
★ બાળ વિભાગના ગુજરાતી પુસ્તકો .......................................................... ૧૫૦
★ અન્ય ગુજરાતી વિવિધ પ્રકારના પુસ્તકો .................................................. ૨૨૫૦

*આ સિવાય, સંખ્યાબંધ મેગેઝિન અને વર્તમાનપત્રો સાથે ઉપરના જ સ્થળે વાંચનાલયની સગવડ છે જેનો પણ કોઈપણ વ્યક્તિ લાભ લઈ શકે છે.*

## જ્યોત સે જ્યોત જગાતે ચલો... દાન કી ગંગા બહાતે ચલો...

## શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ, અમદાવાદ મધ્યે શ્રી જલારામ અન્નક્ષેત્ર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ - અમદાવાદ ખાતે તા. ૧-૧૨-૨૦૧૦થી 'શ્રી જલારામ અન્નક્ષેત્ર'ની એક યોજના અમલમાં છે. આ યોજનાના મુખ્ય હેતુ અનુસાર અમદાવાદમાં તબીબી સારવાર અર્થે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગમાં કચ્છથી પધારતા જરૂરિયાતવાળા દર્દીઓને દરરોજ નાસ્તા તેમજ બંને સમય ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક કરવામાં આવે છે.

હાલના સમયે આ યોજના અંતર્ગત પ્રતિદિન ૧૫થી ૩૦ કુપનો તેમના લાભાર્થીઓને અપાય છે. જેનો અંદાજિત ખર્ચ પ્રતિદિન રૂા. ૧૫૦૦થી રૂા. ૨૦૦૦ની આસપાસ થાય છે.

અગાઉ જાહેર કર્યા મુજબ આ કામગીરીમાં શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર તેમજ શ્રી જગદીશભાઈ ઠક્કર દ્વારા સુંદર સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. તેઓએ પ્રતિમાસના ખર્ચ પેટે રૂા. ૨૦૦૦/- જેવી રકમ અલગ અલગ દાતાશ્રીઓ પાસેથી નિયમિત રીતે મેળવવા પ્રયત્નો શરૂ કરી દીધા છે. તેઓશ્રીના તેમજ આ સમાજના હોદ્દેદારશ્રીઓના પ્રયાસથી ઉપરોક્ત યોજનામાં દાનની ગંગા વહેતી થઈ છે.

આપશ્રી પણ આ યોજના અંતર્ગત નિયમિતરૂપે રૂા. ૨૦૦૦/- જેવી રકમ પ્રતિમાસ સ્વૈચ્છિક રીતે નોંધાવી શકોછો.

ઉપર મુજબના પ્રયત્નોથી તથા 'મંગલ મંદિર' તથા અન્ય મેગેઝિનોના માધ્યમથી જે અપીલ અવારનવાર થઈ રહી છે... તેનાં પરિણામ રૂપે નીચે પ્રમાણે દાનની રકમ પ્રાપ્ત થઈ છે.

| | | |
|---|---|---|
| **રૂા.** | **૨૫,૦૦૦/-** | **શ્રી મંગલદાસ શિવજી દનાણી (વારાપધ્ધર) ચેરિટેબલ ટ્રસ્ટ - માધાપર (કચ્છ)** |
| **રૂા.** | **૨૫,૦૦૦/-** | **સ્વ. સાકરબેન મોહનલાલના સ્મરણાર્થે - માધાપર (કચ્છ), હસ્તે : જલારામબાપા** |
| **રૂા.** | **૨૧,૦૦૦/-** | **શ્રી નલિન મગનલાલ શાહ (ફરાદી - અમદાવાદ)** |
| **રૂા.** | **૧૫,૦૦૦/-** | **એક સદ્ગૃહસ્થ તરફથી - મુંબઈ** |
| **રૂા.** | **૧૨,૦૦૦/-** | **શ્રી જલારામ સેવા મંડળ - માધાપર હસ્તે : દિલીપભાઈ રતિલાલ ભીંડે - માધાપર** |
| **રૂા.** | **૧૨,૦૦૦/-** | **શ્રી વલમજી આર. પલણ - અમદાવાદ** |
| **રૂા.** | **૬,૦૦૦/-** | **શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર - અમદાવાદ** |
| **રૂા.** | **૬,૦૦૦/-** | **શ્રી લક્ષ્મીદાસ મેઘજી ઠક્કર - અમદાવાદ** |
| **રૂા.** | **૨,૦૦૦/-** | **શ્રી પ્રેમજી ત્રિકમજી ભીંડે - અમદાવાદ** |
| **રૂા.** | **૧,૦૦૦/-** | **શ્રી હરખચંદ કુંવરજી ગોસર - સુરેન્દ્રનગર** |
| **રૂા.** | **૫૦૧/-** | **શ્રી ઉપેન્દ્રકુમાર સુધાકર લાપસિયા - ભાવનગર** |

*સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.*

*આપશ્રીના અમૂલ્ય ફાળાની રકમ નીચેની વિગત પ્રમાણે અત્રેના બેંક ખાતામાં ડાયરેક્ટ ડિપોઝીટ કરાવી શકાય છે.*

**SHRI KUTCHI JAIN SEVA SAMAJ - AHMEDABAD**

Syndicate Bank, Paldi Branch, Ahmedabad.

A/c. No. 70072010016032 • IFSC Code : SYNB0007007

ઉપરોક્ત યોજનામાં અપાતી રકમ આવકવેરા **U/s. 80G** હેઠળ કરમુક્ત પાત્ર છે.

*એક શુભ ઈરાદાથી શરૂ કરવામાં આવેલી આ સેવાકીય પ્રવૃત્તિ સૌ કોઈના સાથ - સહકારથી નિરંતરપણે ચાલતી રહે તેવી અપેક્ષા છે.*

**કે. આર. શાહ**

**માનદ્ મંત્રી**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*સમય વીતી ગયા બાદ કરેલું મહાન કામ પણ વ્યર્થ જતું હોય છે.*

શ્રી લક્ષ્મીચંદ માણેકચંદ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# કુદરતી ઉપચાર કેન્દ્ર



## કુદરતી ઉપચાર, યોગ અને પંચકર્મ કેન્દ્ર

### ફક્ત શુધ્ધ કુદરતી અને આયુર્વેદ નિદાન અને સારવાર પધ્ધતિ

★ નવીન સુવિધા અને નવા બાંધકામ સાથે ફરીથી સુસજ્જ સ્થિતિમાં શરૂ થયેલ નવ એકરમાં વ્યાપેલ કેન્દ્રમાં તમામ પ્રકારના રોગોની, તમામ પ્રકારની સારવાર ઉપલબ્ધ છે. સાથે રહેવાની ઉત્તમ સુવિધા માટે એ.સી. રૂમ, સ્પેશિયલ રૂમ, સેમી સ્પેશિયલ રૂમ ઉપલબ્ધ છે.

★ કેન્દ્રમાં ઓ.પી.ડી. અને આઈ.પી.ડી. દર્દીઓની વ્યવસ્થા અને સાથે કુદરતી ઉપચાર, યોગ, પંચકર્મ, ફિઝિયોથેરાપી, હેલ્થ સ્પા ફક્ત એક જ સેન્ટરમાં ઉપલબ્ધ.

#### રોગોના ઉપચાર

★ પેટ અને આંતરડાના રોગ
★ જૂની શરદી, એલર્જી
★ વાળ તથા ચામડીના રોગ
★ શ્વસનતંત્રના રોગ
★ પાચનતંત્રના રોગ
★ ઢીંચણનો દુ:ખાવો, સોજો
★ મણકાનો ઘસારો
★ કમરનો દુ:ખાવો
★ સાંધાનો દુ:ખાવો
★ માનસિક તણાવ
★ સ્ત્રી રોગ
★ બ્લડપ્રેશર
★ મેદસ્વિતા
★ આમવાત
★ થાઈરોઈડ
★ હૃદયરોગ
★ પેરાલીસીસ
★ શરીર શુધ્ધિકરણ
★ ડાયાબિટીસ

વગેરે રોગોની સારવાર.....

#### હોસ્પિટલની વિશેષ સારવાર

★ પાણીની ચિકિત્સા
★ આહાર ચિકિત્સા
★ માટીની ચિકિત્સા
★ ચુંબકીય ચિકિત્સા
★ વિવિધ પ્રકારની માલીશ
★ શિરોધાર, નસ્ય, બસ્તી
★ ઔષધીય વરાળ સ્નાન
★ વાળ તથા ચહેરાની ઓર્ગેનિક ચિકિત્સા
★ બાળકોની માલીશ (૩થી ૧૨ વર્ષ)
★ વિવિધ પ્રકારના પેકેજ
★ એક્યુપંક્ચર અને રીફ્લેક્સોલોજી વગેરે

#### યોગ ક્લાસ

સવારે ૭.૦૦ થી ૮.૦૦ (સંયુક્ત ક્લાસ) અને
સાંજે ૫.૦૦ થી ૬.૦૦ (ફક્ત બહેનો માટે)

કુદરતી ઉપચાર કેન્દ્ર, ગુંદાલા રોડ, મુંદ્રા, કચ્છ-૩૭૦ ૪૨૧.
ફોન : (૦૨૮૩૮) ૨૨૨૨૧૯
ડૉ. પીયુષ આર. પટેલ (મો. ૯૪૨૯૨ ૨૮૪૪૬)
E-MAIL : info@naturalcarekutch.com Website : www.natraulcarekutch.com

સમય : સોમવારથી શનિવાર સવારે : ૮.૦૦થી ૧.૦૦ અને સાંજે ૩.૦૦થી ૭.૦૦
રવિવારે સવારે : ૮.૦૦થી ૧.૦૦

સાયન્સ અને ટેકનોલોજી

# આપણી અદ્‌ભુત વૈજ્ઞાનિક સિધ્ધિઓ

• ડૉ. યાસીન દલાલ •

**વૈજ્ઞાનિક ક્ષેત્રનો આ એક ખૂબ જ ઉત્તમ કક્ષાનો લેખ છે... દરેકે અચૂક વાંચવા યોગ્ય...**

*– તંત્રી મંડળ*

આપણે આખરે મંગળ ઉપર યાન મોકલ્યું અને એ યાન મંગળના ગુરુત્વાકર્ષણમાં દાખલ પણ થઈ ગયું. આપણો ધ્યેય મંગળ ઉપર યાનને ઉતારવાનું નહોતું પણ એને લગતી માહિતી મેળવવાની હતી. ખાસ તો ત્યાં જીવસૃષ્ટિ છે કે નહીં એ જાણવું જરૂરી હતું. માત્ર રૂપિયા ૪૦૦૦ કરોડના ખર્ચે આ યાન સફળતાથી મંગળની નજીક પહોંચી ગયું એ આપણી અદ્‌ભુત વૈજ્ઞાનિક સિદ્ધિ છે. આજે નહીં તો આવતીકાલે બ્રહ્માંડમાં બીજે ક્યાંક જીવસૃષ્ટિ છે એવું વૈજ્ઞાનિકો શોધી કાઢશે. જો કે ત્યારે પણ કેટલાક અંધશ્રદ્ધાળુઓ એમ કહેશે કે આ તો બધી બનાવટ છે. અત્યારે પણ કેટલાક લોકો એમ જ કહે છે કે, માણસ ચંદ્ર ઉપર ગયો જ નથી.

બ્રહ્માંડ તો એ જ છે, સૂર્ય, ચંદ્ર, તારા પણ એ જ છે. પૃથ્વી પણ એની એ જ છે. અને છતાં એ બધાં વિશેની સમજમાં, જ્ઞાનમાં અને અર્થઘટનોમાં એટલો બધો ફરક! એક ધર્મગ્રંથ એમ કહે કે પૃથ્વી ચોરસ છે. બીજો કહે કે એ તો લંબચોરસ છે અને વિજ્ઞાન એમ કહે કે પૃથ્વી ગોળ છે. ધર્મોની માન્યતા તો માત્ર અનુમાનો અને અધૂરા જ્ઞાન પર આધારિત હોય, પણ વિજ્ઞાન તો સજ્જડ આધાર, પુરાવા અને ચોક્કસ તર્કને આધારે કહે. છતાં ધર્મના કહેવાતા ઠેકેદારો એનો ઇન્કાર જ કરે અને આજની એકવીસમી સદીના આરે ઊભેલી દુનિયામાં પણ કોઈ એવો દાવો કરે કે પૃથ્વી ચોરસ છે, તો એની બુદ્ધિ વિશે શું કહેવું?

એક બીજો દાખલો લઈએ. ભારતથી બે જણ ઇંગ્લેન્ડમાં પ્રવાસે જાય છે. એમાંથી એક અતિ ધાર્મિક વૃત્તિના, આખો દિવસ ધાર્મિક ક્રિયાકાંડોમાં રચ્યાપચ્યા રહેતા સજ્જન છે અને બીજા ખુલ્લા મનના, નહીં ધાર્મિક નહી અધાર્મિક એવા, થોડું વૈજ્ઞાનિક દષ્ટિબિંદુ ધરાવતા નાગરિક છે. પેલા ધાર્મિક સજ્જનને ઇંગ્લેન્ડના મિત્રો ત્યાંના આપણા મંદિરોમાં લઈ જાય છે, જ્યાં આપણા ગુજરાતી સમૂહો ધર્મ-અધ્યાત્મમાં રમમાણ છે. ત્યારે પેલાભાઈ તો આખુ લંડન જુએ છે, એને ત્યાં ચર્ચમાં માણસો દેખાતા નથી. છાપામાં એ વાંચે છે કે ઇંગ્લેન્ડના ૬૫ ટકા લોકો હવે કોઈ વિધિ ધર્મમાં માનતા નથી અને માંડ પાંચ - સાત ટકા લોકો મહિને કે પખવાડિયે એકાદવાર ચર્ચમાં જાય છે. બીજી બાજુ એ ભાઈ ત્યાંના સાફ સૂથરા રસ્તા, શાંતિ, હોર્ન અને બીજા ઘોંઘાટ કે અકસ્માતો વિના ચાલતો વાહન-વ્યવહાર, લોકોની કાર્યનિષ્ઠા અને પ્રામાણિકતા જોઈને અત્યંત પ્રભાવિત થાય છે. આ બંને સજ્જનો દેશમાં પાછા ફરે છે અને એમને પ્રવાસનો અનુભવ પૂછવામાં આવે છે, ત્યારે એક જણ કહે છે, “પશ્ચિમમાં પણ ધર્મ અને અધ્યાત્મનો જયજયકાર છે. લોકો મંદિરોમાં જવા માંડ્યા છે. ત્યાં ભજન - કીર્તન થાય છે. ધાર્મિક વાતાવરણ છે...વગેરે...’

અને, પેલા બીજા સજ્જન કહે છે, ‘ઇંગ્લેન્ડની પ્રજા હવે ધર્મના વળગણમાંથી બહાર આવી ગઈ છે. મોટાભાગના લોકો ચર્ચમાં જતા નથી. ધાર્મિક ક્રિયાકાંડો કરતા નથી. અડધી વસતિ તો લગભગ નાસ્તિક જેવી થઈ ગઈ છે અને છતાં નીતિમત્તા અને પ્રામાણિકતાનું ધોરણ ઊંચામાં ઊંચું છે. લોકો પૂરી નિષ્ઠાથી કામ કરે છે. છાશવારે હડતાળો પડતી નથી. ગટરનું ગંદુ પાણી વહેતું નથી, સ્વચ્છતાનું ધોરણ અત્યંત ઊંચું છે.’

આ બંનેમાંથી કઈ વાત સાચી માનવી? એકનું તારણ સીમિત જગ્યાઓ જોઈને અને બહુ થોડા લોકોને મળીને તૈયાર થયું છે. તો બીજાનું તારણ ખૂબ ફરીને અભ્યાસ પછી બહાર આવ્યું છે. **પણ મુદ્દો એ છે કે માણસ એની નજર સામે માહિતી કે જ્ઞાનનો ભંડાર ભર્યો હોય છતાં એમાંથી એને ગ્રહણ કરવું હોય એ જ ગ્રહણ કરે છે.** જ્ઞાનનો અખૂટ સાગર હાજર હોય છતાં અજ્ઞાની બની રહેવું એ માનવવૃત્તિને સહેલાઈથી સમજી શકાય એમ નથી. પંદરમી કે સોળમી સદીની વાત જુદી હતી. પણ વીસમી સદીમાં ઇન્ટરનેટના જમાનામાં પણ માણસ અજ્ઞાની, વહેમી અંધશ્રદ્ધાળુ બની રહેવાની પ્રતિજ્ઞા ચાલુ રાખે ત્યારે શું કરવું? માણસને અજ્ઞાનનું શરણું છોડવાનું ગમતું નથી. નક્કર સત્ય છોડીને એને અસત્યનું શરણું લેવામાં આનંદ આવે છે.

સૂર્ય, ચંદ્ર, તારા અને ધૂમકેતુ વિશે એક જમાનામાં આપણે કેટલા બધા અજ્ઞાની હતા? આજે તો હેલ અને બોપ્પ નામના બે વૈજ્ઞાનિકો કોઈ ધૂમકેતુ શોધી કાઢે છે અને હેલ - બોપ્પ નામનો એ ધૂમકેતુ દરરોજ રાત્રે નરી આંખે માણસ જોઈ શકે એ રીતે દર્શન આપે છે. આવી રોમાંચકારી ક્ષણો માણવા માટે આપણે આધુનિક વિજ્ઞાનનો આભાર માનવો જોઈએ. એ વિજ્ઞાનની મદદથી જ સૂર્યગ્રહણની ઘટનાને પણ ચોક્કસ પ્રકારના ચશ્માથી જોઈ અને માણી શકાય છે. બ્રહ્માંડના રહસ્યોને વિજ્ઞાનની મદદથી પુરુષાર્થી માણસ ઉકેલવાની મથામણ કરી રહ્યો છે અને એમાં સફળતા પણ મેળવી રહ્યો છે. પણ આપણી આસપાસ એવા નમૂનેદાર મનુષ્યો હજી વસે છે જે વિજ્ઞાનના આ ચમત્કારોથી અંજાતા નથી, રોમાંચ

*દોડવું નકામું છે, મુખ્ય વાત તો છે સમયસર નીકળવું.*

અનુભવતા નથી કે વિસ્મય પામતા નથી. એ લોકો તો કહેવાતા ધર્મ અને અધ્યાત્મને નામે હજી પણ એ જ જૂનો પુરાણો રાગ આલાપ્યા કરે છે. મનુષ્ય તો પામર છે, તુચ્છ છે, એના હાથમાં કંઈ જ નથી. કેટલાક વિરલા તો વળી એમ પણ કહે છે કે, માણસ ચંદ્ર પર ગયો નથી. બલકે અમેરિકાએ વિશ્વની પ્રજા સાથે એક મોટી બનાવટ કરી છે! અને આવી વાહિયાત વાતને ઠસાવી દેવા માટે સંમેલનો યોજવામાં આવે છે અને એમાં તદ્દન અગડમ બગડમ દલીલો વડે આખી દુનિયાએ ટેલીવિઝનના પડદે નિહાળેલી ઘટના ઉપર શંકા કરવામાં આવે છે. પચ્ચીસ વર્ષ પહેલા નીલ આર્મસ્ટ્રોંગને વજનવિહોણી દશામાં ચંદ્રની ધરતી પર કૂદકા મારતો જોયો ત્યારે આખા શરીરમાં રોમાંચનું મોજું ફરી વળ્યું હતું. માનવ જાતના પુરુષાર્થનું એક વિરાટ કદમ હતું. પ્રકૃતિ પર વિજય મેળવવા મથી રહેલા માનવના આ ભવ્ય પુરુષાર્થને બિરદાવવાને બદલે આપણે એમ કહીએ કે ના, ના એ તો બનાવટ હતી ત્યારે એ કહેનારની બુદ્ધિની દયા જ ખાવી પડે.

માણસ પાસે એના વિકલ્પો ખુલ્લા જ છે. કાં તો એ વિવેકબુદ્ધિ અપનાવીને બ્રહ્માંડના રહસ્યોને પામવાનો પુરુષાર્થ કરે છે અને એમાંથી જે સત્ય બહાર આવતું જાય એનો આનંદ માણે અને વધુને વધુ વૈજ્ઞાનિક શોધખોળોથી પૃથ્વી પરના માનવોનું જીવન સુખ-સગવડભર્યું બનાવે અને કાં જરીપુરાણી, હજારો વર્ષ જૂની ત્યારના અલ્પજ્ઞાન અને અલ્પ માહિતીને આધારે લખાયેલી દંતકથાઓરૂપી આવરણમાં જાતને ઢાંકી દે અને શાહમૃગની જેમ રેતીમાં માથુ નાખી દઈને પોતાની નિરાળી કાલ્પનિક દુનિયામાં રમમાણ રહે. એટલું સારું છે કે, યુરોપની શાણી પ્રજા રેશનાલિઝમને માર્ગે ગઈ અને પરિણામે આપણે આજે ઉપગ્રહોની દુનિયા સુધી પહોંચી શક્યા નહીંતર તો આજે પણ આપણે એ બળદગાડાના યુગમાં જ જીવતા હોત. જો કે આજે તો આપણે ત્યાં હજી એવા લોકો પણ છે જે મોટરકાર, રેલવે-ટ્રેન અને વિમાનને છોડીને ફરીથી બળદગાડાનો યુગ પાછો લાવવાની હિમાયત કરે છે! પણ, ઘડિયાળના કાંટા એમ ઊંધા ફેરવી શકાતા નથી. એક બાજુ ખ્રિસ્તીઓના ધર્મગુરુ પોપ પોલ સ્વીકાર કરે છે કે ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ એ ધર્મની ફિલસૂફીનો વિરોધી નથી. અને બીજી બાજુ આપણા કહેવાતા શ્રદ્ધાળુઓ હજી પણ પ્રજાને મધ્યયુગી માન્યતાઓમાં પાછી લઈ જવા મથે છે. આજ પોપ પોલે બે-ત્રણ વર્ષ પહેલાં એમ પણ જાહેર કરેલું કે, ગેલેલિયો, કોપરનિક્સ કે બ્રુનો જેવા વૈજ્ઞાનિકોને એ સમયના ધર્મગુરુઓએ જે ત્રાસ આપ્યો હતો એ ખોટું હતું. બદલાતા જમાનામાં જે વૈજ્ઞાનિક સત્યો સામે આવે એને સ્વીકારી શકે એ જ સંગઠિત ધર્મ આજની દુનિયામાં ટકી શકે.

સ્વર્ગ, નર્ક, મૃત્યુલોક, પાતાળલોક આ બધી વાતો ધર્મગ્રંથોએ સદીઓ પહેલા લખી એની પાછળ એ સમયની મનુષ્યની પરિસ્થિતિ અને સંજોગોના ચોક્કસ કારણો હતા. ત્યારના પછાત અને અભણ માણસોને સાચા માર્ગે વાળવા માટે આ બધું જરૂરી હતું પણ આજે એ સમય નથી, એ સંજોગો નથી.

આજનું બાળક પણ કોમ્પ્યુટરનું બટન દબાવીને એ ઈચ્છે તે વિષયની અદ્યતન માહિતી મેળવી શકે છે. એને હવે સદીઓ પુરાણી પરીકથાઓમાં જકડી રાખવાનો કોઈ જ અર્થ નથી. માણસ તો તુચ્છ છે, દુર્બલ છે, દૈવીશક્તિના આદેશ વિના એ કશું જ કરી શકે નહીં, એવી બધી વાતો કરીને માણસને સદીઓ સુધી વૈચારિક ગુલામીમાં જકડી રાખવામાં આવ્યો.

એમાંથી એ છૂટ્યો અને પછી તો એણે પોતાની બુદ્ધિશક્તિથી સંખ્યાબંધ ચમત્કારી શોધખોળો કરી બતાવી. હવે એના પર 'બ્રેક' લગાવવાની બધી કોશિશો નિરર્થક બની રહેવાની છે.

પણ જેની મતિ જ અવળી હોય એ આવાં દૂષણો માટે વિજ્ઞાનનો દોષ કાઢશે અને જે સારા પરિણામ આવે એના માટે ઈશ્વરનો આભાર માનશે! વાસ્તવમાં ધર્મ કે કોઈ આધિભૌતિક શક્તિ આ આખી પ્રક્રિયામાં ક્યાંય આવતાં જ નથી. એ તો મનુષ્યની તર્કશક્તિ અને વિવેકબુદ્ધિની જ કમાલ છે.

દોઢ - બે સદી પહેલાં વિજ્ઞાનની આ આગેકૂચ જ્યારે ઝડપી બની ત્યારે જ ન્યૂટને માનવજાત પરના ધર્મ અને રાજ્ય દ્વારા લદાયેલા નિયંત્રણોનો વિરોધ કરીને માણસને સંપૂર્ણ સ્વતંત્રતા આપવાની હિમાયત કરતા કહ્યું હતું કે જો મનુષ્યના જીવનને કષ્ટ અને દુ:ખમાંથી ઉગારીને સુખમય બનાવવું હોય તો એને સાહિત્ય, વિજ્ઞાન કે અર્થકારણ બધાં જ ક્ષેત્રોમાં પોતાની બુદ્ધિ અજમાવવાની સંપૂર્ણ છૂટ આપવી જોઈએ. મિલ્ટને 'એરોપેજિટિકા' મારફતે આ જ સંદેશો આપ્યો હતો અને આદમ સ્મિથે અર્થશાસ્ત્રમાં પણ મનુષ્યની બુદ્ધિને વિકાસ માટે મોકળું મેદાન આપવાની આ પ્રકારની જ વાત કરી હતી. આ વાત યુરોપની પ્રજાએ અને ત્યાંની સરકારોએ સ્વીકારી; માટે આજના વિજ્ઞાનયુગી ચમત્કારી શોધખોળો આપણે જોઈ શક્યા પણ આપણે એશિયાના લોકોએ શોધખોળોમાં પ્રયોગો વડે ઉમેરો કરવાને બદલે નિષ્ક્રિય બેઠા રહીને ઉપરથી એનો વિરોધ કરવામાં અને એ રીતે પ્રજાને ગુમરાહ કરીને આળસુ, પ્રારબ્ધવાદી, વહેમી અને અંધશ્રદ્ધાળુ રાખવામાં સમય વેડફી રહ્યા છીએ એ આપણા સમયની સૌથી મોટી કરુણાંતિકા છે.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# તાપમાન

• મુરજી ગડા •

**ખૂબ જ રસપ્રદ અને ગહન માહિતીસભર આ લેખ દરેક વાચકવર્ગે અચૂક વાંચવો રહ્યો.**

*– તંત્રી મંડળ*

પાછલા અંકોમાં ચર્ચા થઈ હતી તે સમય અને ગુરુત્વાકર્ષણની જેમ જ, માનવજીવન સાથે ગાઢ રીતે સંકળાયેલું કુદરતનું એક અન્ય પાસું છે — તાપમાન. એક યા બીજી રીતે આપણે જેને સતત અનુભવીએ છીએ તે તાપમાનનાં આપણી દૃષ્ટિએ બે રૂપ છે : ગરમી અને ઠંડી. જો કે ઠંડી કોઈ સ્વતંત્ર રૂપ નથી, એ માત્ર ગરમીનો અભાવ છે. આપણને બાહ્ય ગરમી બે સ્રોતોમાંથી મળે છે : સૂર્યના તાપ દ્વારા અને કોઈ પ્રકારના બળતણના દહનથી. આંતરિક ગરમી ખોરાકના પાચનથી મળે છે.

તાપમાનનો અનુભવ તો આદિ માનવને શરૂઆતથી જ હતો છતાં, એને માપવાની કોશિશ માનવે લાંબા સમય સુધી કરી નહીં, તે એક રીતે નવાઈની વાત છે, તો બીજી રીતે એ પણ બતાવે છે કે માનવ સંસ્કૃતિના વિકાસ દરમિયાન પ્રયોગાત્મક શોધખોળનો બહુધા અભાવ રહ્યો હતો. આ વાત ખાસ કરીને ભારતીય ઉપખંડને વધારે લાગુ પડે છે. પ્રયોગાત્મક શોધખોળની જરૂર ન પડે એવાં, વજન, કદ, રાશિ (Volume) અંતર વગેરેનાં માપ તો દરેક સંસ્કૃતિમાં માનવે શરૂઆતથી જ બનાવ્યાં હતાં. યુરોપમાં રેનેસાં (Ranaissance) દરમિયાન કોઈ જિજ્ઞાસુએ આ તાપમાનની બાબત પણ હાથમાં લીધી. એની શરૂઆત રોજબરોજની ઘટનાથી થઈ હશે.

પાણીને ગરમ કરીએ એટલે તે એક ચોક્કસ તાપમાને ઊકળવા લાગે છે. પાણી એનાથી વધારે ગરમ ન થઈ શકે. વધુ ગરમી આપતાં પાણીનું વરાળમાં રૂપાંતર થાય છે. આ એક જાહેર અનુભવની વાત છે. પાણી કે કોઈ પણ વસ્તુ કેટલી ગરમ છે તેનો માપદંડ કોઈની પાસે નહોતો. એનું તાપમાન કેટલું છે તે જાણી શકાતું નહોતું. કોઈ ગુમનામ વૈજ્ઞાનિકે ઊકળતા પાણીને ૧૦૦ ડિગ્રી સેલ્શિયસ અને થીજતા પાણીને ૦ ડિગ્રી સેલ્શિયસ ગણીને ગરમી-ઠંડીનો ચોક્કસ માપદંડ શરૂ કર્યો. (શિયાળામાં પાણીનું થીજવું યુરોપ માટે સામાન્ય ઘટના રહી છે ઉત્તર ભારત સિવાયના બાકીના ભાગના લોકોએ બરફ જોયો પણ નહોતો એમ કહેવામાં અતિશયોક્તિ નથી.)

સત્તરમી સદીમાં યુરોપમાં જુદા જુદા વૈજ્ઞાનિકોએ તાપમાન માપનારાં અલગ અલગ પ્રકારનાં થર્મોમીટર બનાવ્યાં. સમયાંતરે એમાં જરૂરી ફેરફારો થયા. આજે આપણે વાપરીએ છીએ એવાં થર્મોમીટર આવતાં, બીજાં સો વર્ષ જેટલો સમય લાગ્યો હતો. એ કેટલાયે વૈજ્ઞાનિકોની વર્ષોની મહેનતનું ફળ છે.

આજે સામાન્ય વ્યવહારમાં થર્મોમીટરમાં બે પ્રકારના સ્કેલ વપરાય છે : એક તો, આગળ વર્ણવેલો દશાંશ પદ્ધતિ આધારિત સેલ્શિયસ અને બીજો, ફેરનહાઈટ (Fahrenheit), જેમાં પાણીના થીજવાના તાપમાનને ૩૨ ડિગ્રી F અને ઉકળવાના તાપમાનને ૨૧૨ ડિગ્રી F માનવામાં આવ્યાં છે. જો કે, આ બીજા થર્મોમીટરનો ઉપયોગ મુખ્યત્વે શરીર અને વાતાવરણનું તાપમાન જાણવા માટે જ થાય છે.

તાપમાન માપવાની શરૂઆત, ભલે, પાણીને કેન્દ્રમાં રાખીને થઈ હોય; તેમજ આપણા રોજબરોજના જીવનમાં, ભલે એટલું પૂરતું હોય, પણ તાપમાનનો - ઉષ્ણતામાનનો - વિસ્તાર એનાથી ઘણો વધારે છે. એના સમગ્ર વિસ્તારને આવરી લેવા માટે, વિજ્ઞાનના વિકાસ સાથે, બે વધારાના માપદંડ બનાવાય છે, જે સેલ્શિયસ અને ફેરનહાઈટના પાયા પર જ રચાયા છે. જો કે, એમની શરૂઆત ન્યૂનતમ તપમાનથી થાય છે.

આપણી આસપાસના પદાર્થોને આપણે ત્રણ રૂપે જોઈએ છીએ : ઘન, પ્રવાહી અને વાયુ. એમનાં આ ત્રણ રૂપ પૃથ્વી પરના સામાન્ય તાપમાન અને હવાના દબાણે છે. એમનું તાપમાન અને/અથવા દબાણ વધારવા કે ઘટાડવાથી પદાર્થોનું સ્વરૂપ બદલાવી શકાય છે. ઊંચા તાપમાને ઘન પદાર્થો પીગળવા લાગે છે. તાપમાન એના કરતાં પણ વધારીએ તો એ વાયુ રૂપ પણ બની જાય છે. એ જ રીતે તાપમાન ઘટાડવાથી કે દબાણ વધારવાથી વાતાવરણના વાયુઓને પ્રવાહીમાં ફેરવી શકાય છે અને પછી એ થીજીને ઘન સ્ફટિકો પણ બની શકે છે.

ઊંચા તાપમાનની કોઈ સીમા નથી, જ્યારે નીચા તાપમાનની ચોક્કસ સીમા છે. એ છે, -૨૭૩.૧૫ ડિગ્રી સેલ્શિયસ અને -૪૫૯.૬૭ ડિગ્રી ફેરનહાઈટ, જેને 'એબસોલ્યુટ ઝીરો' (Absolute Zero) કહે છે. સૈદ્ધાંતિક રીતે, આ ન્યૂનતમ તાપમાનથી ઓછું તાપમાન શક્ય નથી. ખરું પૂછો તો, ત્યાં પહોંચવું પણ અશક્ય જેવું છે. આ આંકડા સૈદ્ધાંતિક રીતે મેળવવામાં આવ્યા છે.

ન્યૂનતમ તાપમાને ૦ ડિગ્રી K (Kelvin) ગણીને સેલ્શિયસ માપ બનાવાયું છે. એ પ્રમાણે પાણીનું ઠારબિંદુ -૨૭૩ ડિગ્રી K અને ઉત્કલનબિંદુ ૩૭૩ ડિગ્રી K થાય.

*અવસર ચૂકી જવો એ જિંદગીમાં સૌથી મોટું નુકસાન છે.*

એ જ પ્રમાણે ફેરનહાઈટ સ્કેલ વાપરતાં, ન્યૂનતમ તાપમાનને ૦ ડિગ્રી R (Rankine) ગણવામાં આવ્યું છે. એના આધારે પાણીનું ઠારબિંદુ ૪૯૨ ડિગ્રી R અને ઉત્કલનબિંદુ ૬૭૨ ડિગ્રી R ગણાય.

આ ઊંચા-નીચા તાપમાનના વ્યવહારિક ઉપયોગના થોડા દાખલા જોઈએ. તેમજ, અતિ ઊંચા અને અતિ નીચા તાપમાને શું થાય કે થઈ શકે એ પણ જાણીએ. પહેલાં નીચે તાપમાનની વાત કરીએ.

હોસ્પિટલમાં જોવા મળતા ઓક્સિજન સિલિંડરમાં પ્રવાહી ઓક્સિજન હોય છે. અવકાશયાનને લઈ જતા રોકેટના ઈંધણ તરીકે પ્રવાહી હાઈડ્રોજન વપરાય છે. કોઈ પણ ઈંધણને બળવા માટે ઓક્સિજનની જરૂર પડે છે. દહન માટે જરૂરી ઓક્સિજન અવકાશમાં હોતો નથી એટલે પ્રવાહી ઓક્સિજન પણ રોકેટમાં સાથે લઈ જવો પડે છે. ઓક્સિજનને પ્રવાહી બનાવવા એને - ૧૮૩ ડિગ્રી સેલ્શિયસ એટલે કે ૯૦ ડિગ્રી K જેટલો ઠંડો કરવો પડે. હાઈડ્રોજનને પ્રવાહી બનાવવા માટે ૨૦ ડિગ્રી K સુધી ઠંડો કરવો પડે. વાતાવરણમાં સૌથી વધારે પ્રમાણ ધરાવતો નાઈટ્રોજન ૭૭ ડિગ્રી K જેટલા તાપમાને પ્રવાહીમાં ફેરવાય છે. અન્ય વાયુઓ પણ જુદા જુદા તાપમાને પ્રવાહી બની જાય છે. આ બધા વાયુઓના ઔદ્યોગિક ઉપયોગ પણ છે. આટલું નીચું તાપમાન મેળવવાની પ્રક્રિયાને 'ક્રાયોજેનિક્સ' (Cryogenics) કહે છે.

વાયુઓના ઘન સ્વરૂપનો કોઈ વ્યવહારિક ઉપયોગ નથી. તેમ છતાં, જાણવા ખાતર કહી શકાય કે નાઈટ્રોજન ૬૩ ડિગ્રી K, ઓક્સિજન ૫૦ ડિગ્રી K અને હાઈડ્રોજન ૧૪ ડિગ્રી K પર ઘન બની જાય છે.

આપણા રોજિંદા ઉપયોગમાં, રસોડામાં વપરાતો LPG (Liquified Petroleum Gas) 'બાટલામાં' પ્રવાહી રૂપે હોય છે. **એનું કુદરતી સ્વરૂપ વાયુ રૂપ છે. એને ઠંડો કરીને નહીં, પણ ભારે દબાણ નીચે એને પ્રવાહી રૂપમાં ફેરવાય છે.** જ્યારે તે રેગ્યુલેટરમાંથી પસાર થાય છે ત્યારે દબાણ ઘટી જતાં એ તરત વાયુ રૂપમાં બહાર આવે છે.

હવે ઊંચા તાપમાનની વાત કરીએ. આપણા ઉપયોગની બધી ધાતુઓ જમીનમાંથી કાચી ખનીજ માટીના (Ore) રૂપમાં મળે છે, જેમાં જોઈતી ધાતુનું પ્રમાણ બહુ ઓછું હોય છે. એના શુદ્ધિકરણની પ્રક્રિયા ઘણી લાંબી હોય છે. એક તબક્કે કાચા ખનીજને ખાસ પ્રકારની ભઠ્ઠીમાં જરૂરી તાપમાને પીગળાવીને મુખ્ય ધાતુને પ્રવાહીના રૂપે મેળવાય છે. સૌથી વધુ વપરાતી ધાતુ લોખંડ ૧૮૧૦ ડિગ્રી K પર પીગળે છે અને ૩૧૩૪ ડિગ્રી K પર વાયુ બને છે. બધાનું માનીતું સોનું ૧૩૩૭ ડિગ્રી K પર પીગળે છે અને ૩૧૨૯ ડિગ્રી પર વાયુ બને છે. આવા ઊંચા તાપમાન માપનાર સાધનોને થર્મોમીટર નહીં પણ પાયરોમીટર (Pyrometer) કહે છે.

અતિ ઊંચા તાપમાનના થોડા આંકડા જાણ ખાતર જોઈએ. સૂર્યની સપાટીનું તાપમાન આશરે ૬૦૦૦-૭૦૦૦ ડિગ્રી K જેટલું હોય છે, જ્યારે એના ગર્ભનું તાપમાન ૧૫,૦૦,૦૦૦ ડિગ્રી K જેટલું હોય છે. અન્ય તારાઓના ગર્ભનું તાપમાન એના કરતાં પણ વધુ હોઈ શકે છે. આકાશમાં થતી વીજળીનું તાપમાન ૨૮,૦૦૦ ડિગ્રી K હોય છે.

કહેવાતો ઈશ્વરીય કણ શોધનાર LHC તરીકે ઓળખાતી પ્રયોગશાળામાં એકડા પર અઢાર મિંડાં મૂકીએ એટલું તાપમાન પેદા કરાયું હતું. પૃથ્વી પર, અને કદાચ સૂર્યમંડળનું પણ, આ મહત્તમ તાપમાન હતું. બ્રહ્માંડની ઉત્પત્તિની ક્ષણે એક જ ક્ષણ માટે તાપમાન ૧૪ પાછળ ૩૧ મિંડા જેટલું તાપમાન થયું હોવાનું વૈજ્ઞાનિકોનું માનવું છે. મોઢું વકાસી, આંખ પહોળી કરવા માટે આટલું તાપમાન પૂરતું નથી? અતિ ઊંચા તાપમાને પરમાણુઓના ઘટકો પણ છૂટા પડી જાય છે. એને પદાર્થનું પ્લાઝમા સ્વરૂપ કહેવાય છે.

હવે ન્યૂનતમ તાપમાનના થોડા આંકડા જોઈએ. તારા ભલે સતત કાર્યરત અણુભઠ્ઠીઓ હોય અને લાખો ડિગ્રી તાપમાન પેદા કરતા હોય, પરંતુ અવકાશનું સરેરાશ તાપમાન માત્ર ૨.૭૩ ડિગ્રી K હોવાનું વૈજ્ઞાનિકોનું માનવું છે. અવકાશમાં સર્વત્ર ગાઢ અંધકાર છે. સૂર્યથી માત્ર બે પ્રકાશકલાક જેટલા દૂર જઈએ તો સૂર્ય એક સામાન્ય તારા જેવો દેખાવા લાગે છે. આપણો પાડોશી તારો તો ૪.૩ પ્રકાશવર્ષ જેટલો દૂર છે. અગણિત લાગતા તારા જાણે અવકાશની વિશાળતાનો આછો ખ્યાલ આપવા માટે છુટાછવાયા વેરાયા હોય એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

તાપમાનની આટલી વિશાળ રેન્જની સરખામણીએ આપણે જોઈએ છીએ એવી સજીવ સૃષ્ટિના અસ્તિત્વ માટે જરૂરી તાપમાન અને વાતાવરણ આ પૃથ્વી પર સર્જાયું છે, એનું મહત્ત્વ સમજવા જેવું છે. મોટા ભાગના લોકોને ૭૫ ડિગ્રી ફે. તાપમાન આલ્હાદક લાગે છે. એમાં માત્ર ૧૦ ડિગ્રી ફે. ની વધઘટ થાય તો માનવ 'કમ્ફર્ટ ઝોન' ની બહાર હોવાનું ગણાય. એનાથી ૧૦ ડિગ્રી ફે. જેટલું ઘટીને ૫૫ ડિગ્રી ફે. થઈ જાય તો એને ઠંડી કહેવાય. બીજી બાજુ, ૧૦ ડિગ્રી વધીને ૯૫ ડિગ્રી થઈ જાય તો આપણે ગરમીની ફરિયાદ કરીએ છીએ.

**પૃથ્વી પરના તાપમાનમાં બહુ મોટી વધઘટ નથી થતી એની પાછળનું કારણ પૃથ્વી પરનું વાતાવરણ છે, જે સૂર્યની વધારે પડતી ગરમીને આવતાં રોકે છે.** આવેલી ગરમીને બધે ફેલાવે છે, તેમજ અવકાશમાં પાછી જતી પણ રોકે છે. ચંદ્ર અને પૃથ્વી સૂર્યથી સરખા અંતરે આવેલાં છે. પણ ચંદ્ર પર વાતાવરણ ન હોવાથી એની સૂર્ય તરફની પ્રકાશિત બાજુનું તાપમાન ઊકળતા પાણીથી પણ વધુ, એટલે કે ૧૨૦ ડિગ્રી સે. જેટલું રહે છે, જ્યારે અંધારી બાજુનું તાપમાન –૨૭૦ ડિગ્રી સે. રહે છે. ચંદ્ર પર દિવસે પાણી ઊકળે અને રાતે થીજી

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૫ ઉપર)

*શાસન જેમ મર્યાદિત હોય તેમ એ વધારે સારું શાસન કહેવાય.*

ગઝલ ગુંજન

# અય મહોબત તેરે અંજામ પે રોના આયા

• ડૉ. ગિરીશ વીછીવોરા •

*અય મહોબત તેરે અંજામ પે રોના આયા*
*જાને ક્યું આજ તેરે નામ પે રોના આયા.*
*યું તો હર શામ ઉમ્મીદોમેં ગુજર જાતી થી,*
*આજ કુછ બાત હય જો શામ પે રોના આયા.*
*કભી તકદીર કા મોસમ, કભી દુનિયા કા દિલાસા,*
*મંઝિલે ઈશ્ક મેં હર ડામ પે રોના આયા.*
*જબ હુઆ જિકર જમાને મેં મહોબત કા 'શકી',*
*મુજકો અપને દિલે નાદાન પે રોના આયા.*

**ગીતકાર : શકીલ બદાયુની**
**ગાનાર : બેગમ અખ્તર**

શકીલ બદાયુનીના આ ઊર્મિગીતને બેગમ અખ્તરના બહેતરીન સ્વરમાં માણવું એક લહાવો છે. ગીત રેકોર્ડ કે સી.ડી. પર શરૂ થાય, તબલા, હારમોનિયમ અને સારંગીનો ઉપાડ સંભળાય, ગમગીન વાતાવરણની સહેજ ઝલક પીરસાય કે તરત ઉપસી આવે બેગમ સાહિબાનો અવ્વલ નંબરનો, ભરેલો, ભારી, દર્દની દાસ્તાં લહેરાવતો બુલંદ સ્વર. પલકવારમાં જ વાજિંત્રો પશ્ચાદભૂમાં ચાલ્યા જાય ને છવાઈ રહે ફક્ત દર્દભર્યો બેનમૂન બહેલાવતો બુલંદી સ્વર. શું થયો તેનો વિચાર કરીએ તે પહેલાં એ જાદુઈ ચિરાગ આપણા દિલ દિમાગનો એવો તો સજ્જડ કબજો લઈ લે, બધું ભૂલી વિસરી, સ્વર પર ઓવારી જઈ માણતાં માણતાં ક્યાંક ખોવાઈ જવાય. ગઝલ મૂળમાં બળૂકી હોવી જ જોઈએ. એનો હર શબ્દ, હર લબ, કંઈક કહેતો હોય, ભાવદર્શન હોય ને બીજા શબ્દોની સાથે હળીમળી કંઈક અવનવું ચિત્ર ઉપસાવતો હોય. બે લીટીમાં એ ચિત્ર ફક્ત પૂરું થવું જોઈએ એટલું કાફી નથી. એ ચિત્ર સંપૂર્ણ, સર્વાંગ સુંદર, ચોક્ખું ચણક, ને કંઈક સંદેશો આપતું તો હોવું જ જોઈએ. સાથે સાથે આખી ગઝલના મણકારૂપ સપ્રમાણ ને સુસંગત હોવું જોઈએ. દિલને એવી તો ઠેસ પહોંચાડતું હોવું જોઈએ કે હૃદયમાંથી ઊર્મિ ઊઠી વહી બેસે "ઔર હો જાએ." એવી નકશીદાર ગઝલ બહુ જ ઓછી બની છે. હર ગઝલને પોતાની એક તાસીર હોય છે, એક રૂપ હોય છે, એક ભાવ હોય છે, એની એક અનુપમ શિલ્પ ધરાવતી મૂર્તિ હોય છે. એ મિજાજને જે પહેચાની શક્યો તે જ ગઝલ બરાબર ગાઈ શકે. જે ભાવક એ મૂર્તિમાં મોહિત થઈ શક્યો એને જ એ ગઝલ દિલદારીથી દર્શન આપે છે. ગઝલ ગવાય એ એક પરફોર્મન્સ - અદાકારી બની રહે છે. ગાયક ગઝલના હાર્દ સુધી પહોંચી શક્યો, એની રૂહ પામી શક્યો તે જ એના મિજાજને પામી શકશે ને વહાવી વ્યક્ત કરી, ભાવક સુધી પહોંચાડી શકશે. સર્વાંગ સુંદર, સુડોળ, કમનીય, ઊર્મિસભર ને હરપળે, હર લીટીએ નવી નવી ઊર્મિ જન્માવતી ગઝલ જૂજ છે. ગઝલ હંમેશાં ગહન ને ગુઢાર્થવાળી હોવી જોઈએ એ મુમકિન નથી. ઉપરટપકે, સાવ સીધી સાદી, સરળ ભાસતી આ ગઝલમાં શાયર શકીલ બદાયુનીએ જીવનનો મર્મ કહી દીધો છે. ઉપાડ જ જુઓને, 'અય મહોબત તેરે અંજામ પે રોના આયા,..... ' આપણને સહેજે દુન્યવી મહોબ્બત, પ્રેમ આશિકી, આશિક – માશૂકની જીકર થતી હોવાનો ભાસ થાય છે, જે સહજવારમાં જ અલોપ થઈ ઉચ્ચ આધ્યાત્મિક સ્તર પર પહોંચી જવાય છે. તેના જેવી બીજી લાઈન 'જાને ક્યું આજ તેરે નામ પે રોના આયા...' અરે, જેનો ગજબનો ચાહક છું એનું નામ સ્મરણતા કેમ દુઃખ થાય છે! ગમ ઉભરાઈ આવે છે? ગાલીબને યાદ કરીએ :

*યહ ન થી હમારી કિસ્મત કિ વિસાલ-એ-યાર હોતા,*
*અગર ઔર જીતે, યહી ઈંતઝાર હોતા.*

જેની રાહ જોતાવેંત જીવન પૂરું થઈ જાય છતાં નાસીપાસ ન થવાય એવી આશા મનમાં ઘર કરી બેઠી હોય તો જ એ ભાવ સાથે. આગળ વધીએ :

*'યું તો હર શામ ઉમ્મીદો મેં ગુજર જાતી થી,*
*આજ કુછ બાત હય જો શામ પે રોના આયા.'*

ઉમ્મીદ રહેતી થી મનમેં કે તું જરૂર આવશે. એ ઉમ્મીદોમાં જ સાંજ ગુજરતી હતી, વીતી જાતી હતી. મને એની ફિકર નહોતી. હું બહુ જ આશાવાદી હતો. તેં તો મને વાયદો પણ આપ્યો હતો એટલે એ આશાના તંતુ પર ટીંગાઈ, તારી વાટ ઉમંગથી જોતો હતો. એ મારો ક્રમ હતો. એકાએક આજે એવું શું થઈ ગયું કે એ ઉમ્મીદોભરી શામ ઉપર જ રડવું આવી ગયું? ક્યારેક વ્યક્તિ જે આશાના તંતુ પર જીવતી હોય, એને સહારે જ જીવતી હોય ને એવો હેલો પણ મનમાં ક્યારેક આવી જાય કે શું કામ આટલો આશાવંત થઈ પ્રભુદર્શનની રાહમાં જ જિંદગી વિતાવી રહ્યો છું! ક્યારેક આવી પોતાની દર્દભરી હાલત પર રડવું આવી જાય. પ્રેમલક્ષણા ભક્તિમાં ભક્તની હર ઊર્મિ સહજ રીતે ઉભરાય છે. એ નાચશે, ગાશે, હસશે પણ ખરો, તો રડે શું કામ નહિ? ક્યારેક ભગવાન સાથે ઝઘડો પણ કરી બેસે.

*ગુલઝારે એવું જ કહ્યું છે :*

***શામ સે આંખ મેં નમી સી હૈ, આજ ફિર આપકી કમી સી હૈ.***
***કભી તકદીર કા મોસમ કભી દુનિયા કા દિલાસા,***
***મંઝિલે ઈશ્કે હર ડામ પે રોના આયા.'***

આ એવી વાતો છે જેમાં દિલ દિમાગ કામ નહિ આવે. ક્યારેક તકદીરના ખેલ ખેલાય, ક્યારેક દુનિયાદારી આડી આવી ઊભી રહી જાય. ઈશ્ક, પ્યાર, મહોબ્બતની મંઝિલ તો કાંટાળો

*બધા દેશોમાં શિક્ષણનો પહેલો નિયમ એ છે કે કોઈને કદી ખરાબ વેણ કહેવું નહીં.*

પથ છે. ત્યાં જેવા તેવાનું કામ નથી. હર ડગલે ને પગલે કંઈક થતું રહે. ક્યારેક પ્રેમની મોસમ છલકાઈ જાય, ક્યારેક રડવું પણ આવી જાય. ખરો ઈશ્કબાજ આવી મુસીબતોથી ન ડરે છે, ન રડે છે. સામનો કરી પરીક્ષામાંથી પસાર થાય છે. જુઓને મૌલાના હસરત સોહાનીનો મિજાજ :

*'આજ તક નજરોં મે હૈ વો સોહબતે-રાઝ-ઓ-અપાઝ,*
*અપના જાના યાદ હૈ, તેરા બુલાના યાદ હૈ.'*

*'જબ હુઆ જિકર જમાને મેં મહોબતકા 'શકી',*
*મુજકો અપને દિલે નાદાન પે રોના આયા.'*

તારા પ્યારમાં ગળાડૂબ ખૂંપેલો હતો. મને થયું હવે તો તારું સાનિધ્ય ઢુંકડું છે. હું તલપાપડ હતો મિલન માટે, પણ યાર એ બેદર્દ દુનિયામારીએ બેસુમાર ઈશ્કબાજીને કોઈક જુદા જ અંદાજથી જોતી રહી. દુનિયાદારીને મારી સાથેની તારી ઈશ્કબાજી મંજૂર નો'તી. લોકોએ હોબાળો મચાવ્યો ને મારા પાગલપનને ધુત્કારી કાઢ્યું. મારા એ બેહૂદા વર્તન પર ટીકાઓની ઝડી વરસી. શું કરું યાર, મને મારી નાદાનિયત, મારી છોકરમત પર રડવું આવ્યું ને રડતો રહ્યો. ફરી 'શાયર' બોલી ઊઠે છે :

*'ન જાને કૌનસી મંઝિલ પે આ પહુંચા હૈ પ્યાર અપના,*
*ન હમકો એતબાર અપના, ન ઉનકો એતબાર અપના.'*

શકીલ બદાયુનીની બેહતરીન કળાકૃતિને સહારો મળ્યો બેગમ અખ્તરના સ્વરનો. ગઝલનું એ સદ્‌ભાગ્ય. બેગમ સાહેબાએ એક અલગ અંદાજથી એને ગાઈ છે, એને રમાડી છે, ભમાવી છે, એની સાથે ફેરફુદરડી ફર્યા છે. **એ ગઝલને ફરી ફરી એક ચિત્તે સાંભળતા રહીએ ત્યારે જ ખ્યાલ આવે કે બેગમ સાહેબાએ એને ગાતાં પહેલાં આખી પોતાના અંગમાં ઉતારી હશે, એ ગઝલમય થઈ ગયા હશે કારણકે ગઝલને માણતાં એવું મહેસૂસ થતું જ રહે છે કે એ ગઝલનો મિજાજ એનું કથાવસ્તુ જાણે બેગમસાહેબા દુ:ખી થઈ વ્યક્ત કરતા ન હોય.** યાદ રહે, આવું થાય ત્યારે ગાયન પાછલી સીટ પર બેસી જાય છે. અવ્વલ નંબરે ઉપસે એ કૃતિનું ભાવજગત. હા, બેગમ સાહેબાએ ભાવ જગતમાં જ રમમાણ રહી એને ગાઈ છે. એટલે જ એના એકેએક શબ્દમાં પ્રાણ પુરાયા છે ને એક જીવંત દૃશ્ય ખડું થયું છે. હરેક શબ્દ પર યોગ્ય વજન, અવાજની સીલવટમાં બદલાવ ને હલક લાજવાબ છે. ભાવક એ માણતાં માણતાં એમાં ઓતપ્રોત થઈ જાય છે. ગઝલથી ઘેરાઈ જતો નથી. ગઝલને એ ઓઢી લે છે. ગઝલથી આવર્તિત થઈ જાય છે. ખુદમાં સરી પડે છે ને સ્વ તરફ ભ્રમણ કરતો થાય છે. બસ, એટલું થયું કે ગઝલનું કામ પૂરું થયું. પછી તો 'માંહી પડ્યા તે મહાસુખ માણે.' બેગમ અખ્તરનું અમદાવાદમાં જ હૃદયના પ્રાણઘાતક હુમલાથી અચાનક અવસાન થયું હતું.

*૫૦/૪, રામસદન, માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

## વધારીંયેં ગામજૌ ગૌરવ...

(ભલેં વિનધા રોજા ભાવર પિંઢજે ગામ....)

કીં ભુલેં માદરે વતન...? જાુકો દર વરે વિને પિંઢજે ગામ
ને ઉત્સુક થૈ ઉજવીયેં ભાવથી, પર્યુષણ પર્વ વડે ધૂમ-ધામ.
ગામ કેડાં ને વસેં કેડાં, તોય પંજાુષણમેં પુજી વિને ન્યાર
ઈજ ઈનીજો પિંઢજે ગામતેં, આય ખરો પ્યાર.
કેતરાક ત પિંઢજો કમ, બેકે સોંપેને પણ વિને પિંઢજે ગામ
ધન્ય! ઈની ગામ વાસીયેં કે, જેંજી નશ નશમેં વસે ગામ.
વરે-વરે ગામમેં વિનેને, ગામમેં ભરાજે મિઠ્ઠો દરબાર
નિંઢા વડ્ડા મિળે વિને, જેંજી તમન્ના ને રાજીપો ભારોભાર.
પંજુષણજા અઠ્ઠડીંયેંમેં, ડિસજે ઈનીજો ગામતેં લગાવ
સપને જે ઘીજા ચડાવા કરીયેંને, પાડીયેં ધર્મજો પ્રભાવ.
સાધુ-સાધ્વીએંજા ચોમાસાને, વૈયાવચ્ચ કરીયેં પારાવાર,
વ્યાખ્યાન સુણે ભાવથી, ને તપસ્યાંઉં કરીંયેં લગાતાર.
પ્રભાવનાંઉ ત એળીયું કરીંયે, જેમેં ડેસાંજે સદ્‌ભાવનાને સંસ્કાર
ઈ અઠ્ઠ ડીંયેજો એળો માહૌલ, જાણે ભગવાન આયા ન્યાર.
ખીલી ખીલી મિળે ચેં, અચીંધા રોબો ગામ અવાર નવાર
ગામજે કમલા ને ગામજે વિકાસલા, અસીં અંયું તૈયાર.
ભલેં વિનધા રોજા પિંઢજે ગામ, હિલી-મિલી કજા ગામજો વિકાસ
'રશ્મિન' ચેં ગામકે આદર્શ ગામ ભનાય, પાડીજા ગામ પ્રકાશ.

*– રશ્મિન ખોના પાસેથી સાભાર*

**સૌ. લીનાબેન હંસકુમાર શાહ - હેમંત સર્જીકલ ઇ.લી.**
૧૪૦૩, શોભા સુમન, ડૉ. M.M.M. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.

*Ramesh Savla*
*Manish Savla*
M. 94260 77479

AI

**ARIHANT INDUSTRIES**

Mfg. : Bakelite Moulding & Pannel Board
Accessories, Push Buttons,
Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate,
Phase-1, Vatva,
Ahmedabad-382 445.
**Ph. : (F) 25831205 (R) 25464948**

સંસાર ચક્ર

# પરણ્યાને મહિનો થયો.... ને દીકરો વહુનો થયો!

● દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ ●

ઘણા વડીલોને ફરિયાદ રહેતી હોય છે - **'પરણ્યાને મહિનો ના થયો ત્યાં દીકરો વહુનો થઈ ગયો!'** આવું કેમ થાય છે? માનવ પ્રકૃતિની આ ખાસિયત સમજવા જેવી છે. માણસ ફક્ત હાડ, ચામ અને માંસમાંથી નથી બન્યો; એમાં લાગણીનું એક શક્તિશાળી તત્ત્વ પણ ભળેલું છે. શ્રી ભગવતીકુમાર શર્માજીએ લખ્યું છે : 'લાગણી લખાવે તો લાખ વાર લખવું છે...બુદ્ધિ બૂમ પાડે તો પણ ધરાર લખવું છે!' **માણસના જીવનમાં કુદરત સાઇલન્ટ રીવોલ્વર જેવી ભૂમિકા ભજવે છે.** ખબર ના પડે તે રીતે જીવન પસાર થતું રહે છે.

નાના બાળકોને મા વહાલી હોય છે. કિશોરાવસ્થામાં મિત્રો ગમે છે. યુવાવસ્થામાં પત્ની ગમે છે. પણ ઘડપણમાં ભગવાનની ભક્તિ તરફ વધુ ધ્યાન રહે છે. પરણ્યા પછી વહુનો થઈ ગયેલો દીકરો ઘડપણમાં ભગવાનનો થઈ જાય છે. ૧૫ થી ૫૦ વર્ષની ઉંમર જીવનનો તોફાની વિસ્તાર હોય છે. એને ડેન્જર ઝોન ઓફ લાઈફ કહી શકાય. એ ઉંમરે જોશ હોય છે, ઝનૂન હોય છે. દિલમાં શૃંગારિક પ્રેમનું વર્ચસ્વ વિશેષ રહેતું હોય છે. એ અવસ્થામાં અર્જુનની જેમ માણસને પક્ષીની કેવળ ડાબી આંખ (ફક્ત પત્ની) દેખાય છે. ડાળ, પાંદડા, આકાશ, વૃક્ષ કશું દેખાતું નથી. ભૂલો કરવાનો એ જોખમી સમયગાળો હોય છે. એ અંગે ગાંધીજીનો અનુભવ આંખ ઉઘાડનારો છે.

ગાંધીજી તેમના માંદા પિતાની સેવામાં તેમના ઓરડામાં સૂતા હતા. એક રાતે એમને પત્નીનું સાંનિધ્ય માણવાની ઈચ્છા થઈ. એ બીજા રૂમમાં આવ્યા. કસ્તુરબા સાથે પ્રેમ માણ્યો. એજ સમયે પિતાજીનું મૃત્યુ થયું. ગાંધીજી પિતાજીની અંતિમ ઘડીએ હાજર રહી શક્યા નહીં. એ ઘટનાથી તેઓ ભીતરમાં હચમચી ઊઠ્યા. તે ઘડીથી તેઓ જાતીયતાને મનુષ્યનો મોટો દુશ્મન સમજવા લાગ્યા. તે પછી જ એમણે મનુ સાથે નગ્નાવસ્થામાં સૂઈને પોતાના બ્રહ્મચર્યની આકરી કસોટી આદરી હતી.

ગાંધીજી હોય કે ગોડસે, કુદરત સૌને એક લાકડીએ હાંકે છે. યુવાન પરણે ત્યારે તેને પોતાના ભાઈ, બહેન, કે મા બાપ કરતાં પત્ની પ્રત્યે વિશેષ આકર્ષણ રહે છે. મામલો કંઈક એવો બનીને રહી જાય છે કે માતાની વીસ વર્ષની પ્રેમભરી પરવરીશ પત્નીના પાંચ જ મિનિટના પ્રેમમાં ધોવાઈ જાય છે. બાપની ગમે તેટલી કરડાકી, પત્નીની એકાદ હઠ આગળ હારી જાય છે. દીકરો ઊંડે ઊંડે અનુભવે છે, આ ખોટું થઈ રહ્યું છે પણ કમળ પાંદડીમાં કેદ બનેલા ભમરાની જેમ તેને પત્નીની ઈચ્છા પ્રમાણે વર્તવાનું ગમે છે. આ શૃંગારિક સંમોહન છે. અમારા મિત્ર બચુભાઈ કહે છે : **'નવો પરણેલો દીકરો નવા વસાવેલા માટલા જેવો હોય છે.** કોરા માટલાનું પાણી થોડા દિવસ વપરાશમાં લઈ શકાતું નથી. પાણીમાંથી માટીની સોડમ આવતી હોય છે. થોડા દિવસ બાદ માટલાની સૂકી ઠીકરી જળતૃપ્ત થયા પછી નોર્મલ બની જાય છે. દીકરો પણ સ્નેહતૃપ્ત થયા પછી નોર્મલ બની જાય છે. એથી પરણ્યા પછી વહુના ઘૂંઘટમાં ખોવાયેલા દીકરા માટે છાપામાં 'ખોવાયો છે'ની જાહેરાત આપી શકાતી નથી.

માનવ સંબંધોની એક બીજી પણ સચ્ચાઈ છે. ચમત્કાર વિના નમસ્કાર ન કરવાની માણસને આદત હોય છે. જુવાનીમાં માબાપની કાળજી ના રાખતો દીકરો પરણ્યા પછી છેડો ફાડી અલગ ઘર માંડવા સુધી પહોંચી જાય છે. એ દીકરો ઘરડો થાય છે ત્યારે ઘરડા માબાપ તરફ એને થોડી થોડી સહાનુભૂતિ થવા માંડે છે. પંચાવનની આધેડ વયમાં દીકરાના કાન, આંખ, પગ ઢીલા પડવા લાગે છે ત્યારે એના અંતરાત્મામાં એક આકાશવાણી થાય છે : 'પંચાવનની વયે મને આટલી તકલીફ છે તો પંચ્યાસીએ પહોંચેલા મારા માબાપને કેટલી વેદના થતી હશે!' ઘડપણનું દુઃખ અનુભવ્યા પછી માણસને ઘરડાઓ પ્રતિ સહાનુભૂતિ દાખવવાનું આત્મજ્ઞાન લાધે છે. દાંત પડી ગયા પછી જ ખાઈ ન શકવાની લાચારી ઠીક રીતે સમજી શકાય છે. ઘણાના ઘરોમાં ફ્રેમમાં મઢીને એક કાવ્ય ટીંગાડેલું હોય છે : 'ભૂલો ભલે બીજું બધું પણ માબાપને ભૂલશો નહીં...!' **શરત મારીને કહી શકાય, એ પંક્તિ કોઈ એકવીસ વર્ષના યુવાને નહીં, એક્યાસી વર્ષના બુઝુર્ગે જ લખી હશે. એકવીસ વર્ષે એવું આત્મજ્ઞાન લાધતું નથી.**

માણસ ઘડપણમાં થોડો ઠરેલ બને પછી તેના વિચારો અને લાગણીમાં પરિપક્વતા આવે છે. પંચાવનની ઉંમરે માણસ પોતાના માબાપને જેટલો પ્રેમ કરે છે તેટલો પચ્ચીસની ઉંમરે કરી શકતો નથી. હેનરી બીચરે કહ્યું છે : 'આપણે જ્યાં સુધી માબાપ નહીં બનીએ ત્યાં સુધી માબાપનો આપણા પ્રત્યેનો પ્રેમ આપણે સમજી શકતાં નથી!' ઘરડા ના બનીએ ત્યાં સુધી ઘડપણની વેદના સમજી શકાતી નથી. એક વહુને મેં એવું કહેતાં સાંભળી હતી : 'પંચોતેર વર્ષની મારી સાસુ છ વાગ્યે ઊઠીને રાત્રે અગિયાર વાગ્યા સુધી ઘરના કામો કરે છે છતાં થાકતી નથી. હું એમના કરતાં કેટલી નાની છું છતાં થાકી જાઉં છું!'

વૃદ્ધાવસ્થામાં ઘડપણમાં ધનકુબેરોને પણ થોડી અસલામતી લાગવા માંડે છે. મૃત્યુનો એક અદશ્ય ભય એના સબકોન્શિયસ

*જીવનનો આનંદ માણવો હોય તો તમારા જીવનને બીજાની સાથે સરખાવો નહીં.*

માઈન્ડમાં છવાયેલો રહે છે. એથી જુવાનીમાં લગભગ નાસ્તિક બની રહેલો માણસ ઘડપણમાં ભગવાન તરફ ઢળવા લાગે છે. યુવાનને આંખે મોતિયો આવે કે ઝામરને કારણે ઝાંખુ દેખાવા લાગે ત્યારે એને પોતાના પંચ્યાસી વર્ષના બાપને થતી આંખની તકલીફ સમજાતી હોય છે. તે પહેલાં યૌવનાવસ્થામાં તે સમજવા માગે તો પણ સમજી શકતો નથી. **દરિયાના આ કિનારે ઊભેલો માણસ સામેના કિનારાની આબોહવાથી પરિચિત હોતો નથી.**

એક મિત્રે કહ્યું : 'મારા પુત્રને સંતાનમાં એક જ દીકરી છે. તે હજી નાની છે. સૌને તે ખૂબ વહાલી છે. એક દિવસ ટી.વી. પર હું ફિલ્મ જોતો હતો. કન્યાવિદાયનો પ્રસંગ હતો. દીકરી બાપને વળગીને ચોધાર આંસુએ રડતી હતી. તે જોઈ મને એકાએક મારી નાની પૌત્રીનો ચહેરો તે કન્યામાં દેખાયો. મને વિચાર આવ્યો વીસ વર્ષ પછી મારી પૌત્રી પણ સાસરે ચાલી જશે ત્યારે મારો દીકરો અને વહુ કેટલા એકલા પડી જશે? માત્ર ઘર રહી જશે...ઘરમાંથી જાણે પ્રાણ ચાલ્યા જશે! વાત વિચારતાં જ મારી આંખોમાં ઝળઝળિયાં આવી ગયા. થોડા દિવસો બાદ પત્નીએ એ વાત પુત્રને કહી ત્યારે તેણે કહ્યું : 'આટલા લાગણીશીલ ના બનવું જોઈએ. બધાની દીકરીઓ સાસરે જાય છે!'

'દીકરાનો જવાબ કોઈ રીતે ખોટો નહોતો પરંતુ મારી આંખના આંસુ સમજવા માટે એની ઉંમર કાચી હતી. મારી ભાવના, એ નકરી લાગણીશીલતા નહોતી, જિંદગીનો દરિયો તરીને કિનારે પહોંચેલા એક વૃદ્ધની ઠરેલ વેદના હતી. પ્રસંગ એક હતો પણ એ અનુભવનારા બે પાત્રોની વય અને અવસ્થા જુદી હતી. એંસીએ જે અનુભૂતિ થાય છે તે એક્ત્રીસમે વર્ષે થતી નથી. **પરિપક્વતા માટે વયવૃદ્ધિનો કોઈ વિકલ્પ હોતો નથી!'**

આ બધાં લાગણી વિષયક અને વયલક્ષી પરિવર્તનો છે, જે તત્ત્વતઃ કુદરતી છે. પચ્ચીસ વર્ષનો પુત્ર પ્રેમિકાને ચાહે છે. પરંતુ એથીય વિશેષ ઠાવકાઈથી એ સાઠનો થાય ત્યારે સો વર્ષની એની માની કાળજી રાખે છે. પચ્ચીસ વર્ષનો કોઈ યુવાન પિતા બને છે ત્યારે બાળક પ્રત્યે એને જે લાગણી જન્મે છે એના કરતાં એ પંચાવનનો થાય ત્યારે સંતાન પ્રત્યે એનો પ્રેમ વધુ પરિપક્વ થાય છે. માણસની આ તમામ વૃત્તિ, પ્રકૃતિ કે ખાસિયતોમાં કુદરત સંડોવાયેલી છે. માણસ હંમેશાં ભગવાન કે મોક્ષ માટે આંધળી દોટ મૂકતો રહે છે તેને બદલે પોતાને મળેલા જીવનની આવી નાની નાની કુદરતી બાબતોને સમજવાની કોશિષ કરે અને એ સર્વ અવસ્થાઓમાંથી હેમખેમ પસાર થવાનું શીખી લે તો એનો આ ભવ સુધરી શકે.

*સી/૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી - ૩૯૬ ૪૪૫.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

**પતિની વ્યાખ્યા**

*પતિ એક સ્પ્લીટ એ.સી. જેવો છે. બહાર ગમે એટલો અવાજ કરે, ઘરમાં તો 'સાઈલન્ટ' જ રહેવું પડે!*

## અમર શહીદ ગૌરક્ષક ગીતાબેન રાંભિયા એવોર્ડ - ૨૦૧૫ તથા ગૌરત્ન એવોર્ડ - ૨૦૧૫




અહિંસા તથા ગૌરક્ષા ક્ષેત્રે ભગીરથ કાર્યો કરનાર એવા ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ - અમદાવાદના **શ્રી બચુભાઈ પી. રાંભિયા** ને તા. ૧૬-૨-૨૦૧૫ના રોજ જીવદયા ગૌરક્ષા મહા અભિયાન સમિતિ - વડોદરા દ્વારા ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા તથા ગૌસેવા, ગોચર વિકાસ બોર્ડના વાઈસ ચેરમેન શ્રી ચૈતન્ય શંભુ મહારાજના વરદ્ હસ્તે "ગૌરત્ન એવોર્ડ-૨૦૧૫" તથા 'પ્રશસ્તિપત્ર' અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ.

તેમજ ઉપરોક્ત સમિતિ દ્વારા ગુજરાતના ૨૧ ગૌરક્ષકો, ૫ પોલીસ સ્ટાફ તથા લોકગાયીકા ફરીદાબેન મીરને ગૌરક્ષા ક્ષેત્રે અગ્રીમ સેવા બજાવવા બદલ "અમર શહીદ ગૌરક્ષક ગીતાબેન રાંભિયા એવોર્ડ - ૨૦૧૫" એનાયત કરવામાં આવેલ.

ઉપરોક્ત સમિતિ દ્વારા ગૌરક્ષા તેમજ જીવદયા ક્ષેત્રે કાર્ય કરનારને પ્રતિવર્ષ **"અમર શહીદ ગૌરક્ષક ગીતાબેન રાંભિયા એવોર્ડ"** આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

કોઈ સંસ્થા કે સમિતિ દ્વારા ગુજરાતમાં કોઈ ગૌરક્ષક મહિલાના નામથી એવોર્ડ પ્રસ્થાપિત કરીને કાર્યકર્તાઓને જાહેરમાં આપવાની આ સર્વ પ્રથમ પ્રથા અમલમાં મૂકાઈ છે. **જે ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ માટે ગૌરવપ્રદ છે.**

સમાજની ક્ષિતિજો

# મૌ સમ કૌન કુટીલ ખલખામી

• લીલાધર ગડા •

આડા દિવસોએ કચ્છ એક્સપ્રેસમાં હવે પહેલા જેવો કચ્છી માહોલ નથી રહેતો સિવાય કે દિવાળી વેકેશન, ઉનાળુ વેકેશન અને કાર્તિક પૂનમની આસપાસનાં દિવસો. ધરતીકંપ પછી પૂર્વ કચ્છમાં ઔદ્યોગિકીકરણનાં નવા વાતાવરણમાં કચ્છ એક્સપ્રેસ હવે પંચરંગી પ્રજાથી ઉભરાય છે. ગાડીમાં કંઠી અબડાસાનાં આપણા સમાજના ભાઈઓ સાથે થઈએ એટલે વાર્તાલાપમાં બે ચાર વાક્યો અવશ્ય સાંભળવા મળે. "પાંજા હાણે ગાડીમેં ન તા વે. મેળે બારાતુ અઈ (આપણા હવે ગાડીમાં દેખાતા નથી, બધા બીજા છે.) પાંજા હાણે કચ્છ અંઈ કેતરા, બેઈ પ્રજા વધી વઈ આય (આપણા હવે કચ્છમાં કેટલા છે, બીજી પ્રજા વધી ગઈ છે) ગામ મેં માજન મેળે કમ કરે અને લાભ બેઈ કોમ ગેનેતી (ગામમાં મહાજન બધું કામ કરે છે અને લાભ બીજી કોમો લઈ જાય છે.)" અને ધીરે ધીરે આ ચર્ચામાં સંકીર્ણતાનો સૂર એવો દૃઢ બની બહાર આવે છે કે આપણને આપણા સમાજ કચ્છી વીસા ઓસવાળ સિવાય અન્ય માટે કશું નહી કરવું જોઈએ. દુર્ભાગ્યે આવી ચર્ચામાં સામેલ થનારામાં ભણેલો વર્ગ છે, ગ્રેજ્યુએટ્સ છે, વેપારીઓ છે અને આવી ટીપ્પણી માત્ર કચ્છમાં નહી પણ મુંબઈમાં વારંવાર ઘણે સ્થળે સાંભળવા મળે છે.

પચાસ વર્ષ પહેલાંના આપણા મોવડીઓ, વડીલો જેઓ ગામડાનાં મહાજનોનું સંચાલન કરતા હતા અને મહાજનનાં અર્થને સાર્થક કરતા હતા, તેમની વિચારસરણીમાં ઉદારતા, વ્યાપકતા અને વિશાળતા હતાં જે અત્યારના મહાજનોની કાર્યવાહીમાં લુપ્ત થતાં દેખાય છે. સ્થાનિકે નાતજાતનાં ભેદભાવ વગર બહોળા જનસમુદાયનાં હિતમાં ચલાવવામાં આવતી પ્રવૃત્તિઓને ચૂંટાયેલા નવા મહાજનનાં સંચાલકો 'માત્ર ક.વી.ઓ. સિવાય અન્યને નહીં' કહી સાંકડી કરી મૂકે એવા કિસ્સાઓ નોંધાય છે. જમવાની પંગતો જુદી, પીરસણા નોખા ત્યાં સુધી નહી પરંતુ ગામમાં ગટર વ્યવસ્થા પણ જુદી રહે એવી માગણીઓ પણ ઉઠતી હોય છે. આપણા સંસાધનો મર્યાદિત હોય તેવી પરિસ્થિતિમાં આપણી કાર્યવાહી સંજોગોને આધીન મર્યાદિત બની શકે પરંતુ ટૂંકી વિચારસરણી આપણા દિલોદિમાગમાં ઘર કરી જાય એ સ્વીકાર્ય કેમ બને?

હું, પ્રથમ પુરુષ એકવચનમાં, મારા જન્મથી અત્યાર સુધી મારા અભ્યાસ, આજીવિકા, ઘડતર અને સમગ્ર જીવનમાં મારા સમાજે અને અન્ય સમાજો - સમુદાયોએ આપેલા યોગદાનની નોંધ ટપકાવું છું ત્યારે પ્રતીતિ થાય છે. મારા સમાજે મારા જીવનમાં માંડ પાંચ ટકા ભાગ ભજવ્યો છે. શેષ ૯૫% માટે મને ઈતર સમાજો ઉપર આધાર રાખવો પડ્યો છે.

મારો જન્મ જે હોસ્પિટલમાં થયો તે મારા સમાજની ન હતી. મેં જે શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધું તે શાળાનું સંચાલન મારો સમાજ કરતો ન હતો. મારું માધ્યમિક શિક્ષણ જે શાળાઓમાં થયું તે બન્ને શાળાઓ મારા સમાજની ન હતી. હું જે કોલેજમાં ઈન્ટર સાયન્સ સુધી ભણ્યો અને ત્યાર પછી જે કોલેજમાંથી ગ્રેજ્યુએટ થયો તે બન્ને કોલેજો મારા સમાજની ન હતી. મારા શોખની ઈતર પ્રવૃત્તિઓ જ્યાં કરતો હતો તે સંસ્થાઓ પણ મારા સમાજે સ્થાપી નથી. આમ જન્મથી યુવાન વય સુધી માત્ર માધ્યમિક શિક્ષણ સિવાય મારે ઈતર સમાજ પર આધાર રાખવો પડ્યો છે.

મારી પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને કોલેજ દરમ્યાન જે જે શિક્ષકો અને અધ્યાપકોએ મારામાં શિક્ષણ અને સંસ્કારનાં સિંચન કર્યા છે એમાંથી એકપણ શિક્ષક-અધ્યાપક મારા ક.વી.ઓ. સમાજનો નથી. વિશ્વનાથ જોશી, જટાશંકર પંડ્યા, પી.ટી. કોઠારી, આઈ.સી. જીવાણી, વાય.એમ. ત્રીલોકેકર, ડી.ડી. સબનીસ, ડી.ડી. પેમાસ્ટર, એન.એ. દોશી – શાળાનાં શિક્ષકો હતાં. મારી કોલેજનાં શિક્ષણ દરમ્યાનનાં મારા અધ્યાપકોનાં નામો છે ડૉ. અનિલ તેંડુલકરનાં માતુશ્રી મેડમ તેંડુલકર, ડૉ. અડવાની, પ્રો. વિશ્વાસ, પ્રો. મરચંટ, પ્રો. એન. અહમદ, પ્રો. પંડિત...આટલા નામો યાદ છે અને જે યાદ નથી તેમાં નિશ્ચિતપણે મારા સમાજના પ્રાધ્યાપક નથી.

મારા રાજકીય તથા સામાજિક જીવનનાં વિચારોના સ્ત્રોત સ્વરૂપ જે રાજકીય કે સામાજિક વ્યક્તિઓ હતી તેમાંથી શ્રી વેલજી લખમશી નપુ સિવાય સર્વ અન્ય સમાજોની હતી. મેં વાચનનો શોખ કેળવ્યો અને પુસ્તકો દ્વારા પ્રેરણાવારિ પીધા એ પુસ્તકોનાં લેખકોમાંથી એકમાત્ર લેખક નેમચંદ ગાલા મારા સમાજના હતા અન્ય સર્વ ઈતર સમાજનાં હતા.

મારા શિક્ષણ પછી હું પરિવારનાં વ્યવસાયમાં જોડાયો અને વ્યવસાયમાં મારે સતત બીજા સમાજો પર આધાર રાખવો પડ્યો છે. મારી ફેક્ટરીમાં તમામ મજુરો ઈતર સમાજનાં હતા અને સ્ટાફમાંથી માત્ર એક જ વ્યક્તિ ક.વી.ઓ. સમાજની હતી. પાંત્રીસ મજુરો અને સ્ટાફનાં પરસેવા પર મારી આજીવિકા હતી. અમારા ઉત્પાદનનું વેચાણ અમે જે ગ્રાહકોને વેચતા હતા એ સર્વ ઈતર સમાજોનાં હતા. અમે એ વેચાણ ઉપર જ નફો રળતા હતા. મારા વ્યવસાયમાં જરૂરી માલસામાન (Raw Material) પર પ્રાંતમાંથી મેળવાતો હતો. જ્યાં મારા ધર્મ

*પોતે જેવા છે તેના માટે માણસો હંમેશાં સંજોગોને જવાબદાર ગણે છે.*

કે ન્યાતનાં ન હતા અને એ રીતે મારી આજીવિકા કે અર્થોપાર્જનમાં સપ્લાયર, ડીલર, મજુર, કારકુન, ગ્રાહક જેની જેની સાથે સંબંધો હતા તે સર્વ નોખી નોખી ન્યાત ધર્મનાં હતા. આવા સમયે મને એક ક્ષણ માટે પણ માત્ર મારા સમાજમાંથી કમાણી કરવાનો સંકુચિત વિચાર આવતો ન હતો. કારણ કે એ મારા સ્વાર્થ સાથે નિસ્બત ધરાવતો હતો.

મારા લગ્ન મારા સમાજની કન્યા સાથે લેવાયાં પરંતુ વિધિ-વિધાન કરાવનાર બ્રાહ્મણ હતો. મારા લગ્નની વાડી પણ મારા સમાજની ન હતી અને આમ જોવા જઈએ તો અમારા સર્વ નવ ભાઈ બહેનોમાંથી બે ભાઈ બહેનનાં લગ્નની વાડી મારા સમાજની હતી. અમારા પરિવારમાં નવજાત શિશુઓ પધાર્યા તેમાંથી એકપણને સમાજની પ્રસૂતિગૃહ વ્યવસ્થા પર આધાર રાખવો પડ્યો નથી. તમામ ભાઈ-બહેનોનાં માધ્યમિક શાળા શિક્ષણ જ સમાજની શાળામાં થયા છે તે સિવાય પૂરું ભણતર થયું તે શાળા કોલેજો મારા સમાજની નથી.

મારા પિતાશ્રીની માંદગી વેળા એમને બે વખત હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. જેમાંથી એક પણ હોસ્પિટલ મારા સમાજની ન હતી અને એમના મૃતદેહને અગ્નિદાહ દેવાયો તે સ્મશાન પણ મારા સમાજનું નથી. મારી ધર્મપત્નીને અગ્નિદાહ અપાયો તે સ્મશાનભૂમિ મારા સમાજની માલિકીની ન હતી. નિઃસંતાન દંપતી એવા અમે અને તેમ છતાં અમારું જીવન ભર્યું ભર્યું કરનાર માનસ પુત્ર અને માનસ પુત્રી પણ મારા સમાજનાં સંતાન નથી.

એ મારું સદભાગ્ય રહ્યું છે કે નેત્રયજ્ઞ દ્વારા અંધાપા દૂર કરનાર ડૉ. રમણિકલાલ દોશી, ડૉ. શિવાનંદ અધ્વર્યુ, હૃદયરોગ ઓપરેશનો દ્વારા કચ્છનાં હજારો હૃદયરોગી દર્દીઓનાં હૃદયમાં ઘર કરનાર ડૉ. અનિલ તેંડુલકર, પચ્ચીસથી વધુ વર્ષો સુધી બિદડા નેત્રયજ્ઞોમાં સતત સેવા આપી મશાલ પ્રજ્જવલિત રાખનાર ડૉ. અજયપાલ સિંઘ, ડૉ. જયંત વસા, ડૉ. સોમચંદ સાવલા (જેઓ હાલારી ઓસવાલ છે) સાથે કાર્ય કરવા મળ્યું છે. અલબત્ત, આપણા સમાજનાં ડોક્ટરોએ પણ નોંધપાત્ર સેવાઓ આપી છે. પરંતુ ઉપરોક્ત ડોક્ટરોનું અર્પણ અનેરું છે અને એમાંથી એકપણ ક.વી.ઓ. નથી. હું મારા વિદ્યાર્થી જીવન, વ્યક્તિગત જીવન, સામાજિક જીવન, અલ્પ સમય માટેનું રાજકીય જીવન અને જાહેર જીવનનું નિરીક્ષણ કરું છું ત્યારે મને પ્રતીતિ થાય છે મારા જીવનનાં પ્રત્યેક પાસાઓમાં કે પ્રત્યેક તબક્કે મારા સમાજ કરતાં ઈતર સમાજની વ્યક્તિઓ અને સંસ્થાઓનું યોગદાન ઘણું ઘણું વધારે છે.

મારા મનમાં ઉઠેલા એક પ્રશ્નને આપ સૌ વાચકો આપના અંતરઆત્માને પૂછો એવું સૂચન કરવાનો હું અવિવેક નહી કરું પરંતુ આ પ્રશ્ન હું મારા પોતાના અંતરાત્માને જરૂર પૂછીશ કે મારા જન્મથી અત્યાર સુધીનાં મારા જીવનનાં ૬૮ વર્ષમાં મારા સમાજે મારા અભ્યાસ, સંસ્કાર, ઘડતર, વ્યવસાય, અર્થોપાર્જન ઈત્યાદિમાં કેટલો ફાળો આપ્યો છે અને ઈતર સમાજોની સંસ્થાઓ, લોક સમુદાયો ઈત્યાદિએ કેટલો આપ્યો છે તેની તુલના કર્યા વગર મારી પ્રવૃત્તિઓના લાભાર્થીઓમાં માત્ર મારા સમાજની વ્યક્તિઓનો સમાવેશ કરું, એમને પ્રાધાન્ય આપું તે યોગ્ય ગણાશે? વર્ષોની તુલનામાં ૬૮ વર્ષમાંથી સાત વર્ષ મારા માધ્યમિક શાળાનાં એટલે અંદાજે ૧૦% વર્ષો દરમ્યાન મેં મારા સમાજની વ્યવસ્થાનો લાભ લીધો છે. ઈતર વર્ષો દરમ્યાન મેં અન્ય સમાજોની વ્યવસ્થાઓ અને સમુદાયોનો લાભ લીધો છે. હું જો હવે માત્ર મારા સમાજનો વિચાર કરું, એમને જ પ્રાધાન્ય આપું તો હું મને સદંતર નગુણો અને ધૃષ્ટ ગણીશ.

સ્થળાંતર (Migration) એ માનવજાતનાં ઈતિહાસ સાથે તાણાવાણાની જેમ સંકળાયેલો છે. કુદરતી આફતો (પૂર, દુષ્કાળ, ધરતીકંપ) નો પ્રકોપ વધે એટલે સ્થળાંતર થાય. જ્યાં જ્યાં રોજગારીની તકો ઊભી થાય એ તરફ માનવ પ્રવાહ વળે અને ત્યાં વસવાટ વધે. કચ્છમાંથી આપણું સ્થળાંતર, મુંબઈને આપણું વસવાટ બનાવવાની પ્રક્રિયા, ઓરિસ્સા કે બિહારથી ગાંધીધામ કચ્છ આવી રોજગારી શોધવાની પ્રક્રિયામાં સામ્ય છે. એટલે ઈતર ભારતીયોને બારાતુ ગણવા એ ભૂલ છે. રોજગાર અને સ્થળાંતર એ બેઉ સાથે સાથે રહે છે. આજે વ્યાપાર ઉદ્યોગ ક્ષેત્રે ગ્લોબલાઈઝેશન, વૈશ્વિકીકરણની વાતો થાય છે જેનાથી આપણે અછૂતા નથી. એ માન્યતા પણ દૃઢ થઈ છે કે ગ્લોબલાઈઝેશન વિના આરો નથી. વિશ્વવ્યાપાર, વિશ્વ ઉદ્યોગની સાથે સાથે વિશ્વ સમાજ (World Community) નાં વિચાર અંગે આપણે કેમ જાગૃત નથી?

આ સદીની ભારતની ભયંકર દુર્ઘટના કચ્છનાં ૨૦૦૧નાં ધરતીકંપ પછી કચ્છમાં રાહત, પુનર્વસન અને પુનઃનિર્માણની કાર્યવાહીનાં જેઓ સાક્ષી બન્યા છે, પાંચ પાંચ વર્ષો સુધી આ વણથંભી પ્રવૃત્તિઓ જેમણે નિહાળી છે, નાત-જાત-ધર્મ-સીમા-સરહદો સર્વ ભેદભાવોથી પર રહીને અપાતું યોગદાન જેમણે જોયું છે તેઓ કહી શકશે કે પોતાની પ્રવૃત્તિઓનો લાભ આપવાની પ્રાધાન્યતા માટે એક જ સમાજ માટે વિચારવામાં આવે તે વિચાર કેટલો પામર અને હીન છે. કુદરતની કારમી થપાટ સામે કચ્છને પડખે સમગ્ર માનવ સમાજ ઊભો રહ્યો નહિંતર કચ્છ કદી પણ ઊભું ન થાત અને આજે પણ આપણે એનાં ખંડેર સમ દર્શન થાત.

પુનઃનિર્માણ અને પુનઃવસનનાં આવા મહાયજ્ઞમાં આળોટવાનું મને સદ્‌ભાગ્ય મળ્યું છે. રામસેતુનાં નિર્માણમાં એક ખિસકોલી જેટલું પ્રદાન કરવાની મને તક મળી છે એ મારા જીવનનો શ્રેષ્ઠ તબક્કો છે. આ સમય દરમ્યાન કચ્છનાં પુનરુત્થાનમાં પ્રસ્વેદ પાડનાર અને પ્રેરણાવારિ પીવડાવનાર કર્મઠ વ્યક્તિઓનું સાનિધ્ય પ્રાપ્ત થયું એ માટે હું મારી જાતને ધન્ય માનું છું. એમનાં દિલ અને દિમાગ બન્નેની વિશાળતા મેં અનુભવી છે.

*પ્રભુ પર પ્રેમ હોય તેણે કદી શ્રીમંતના દાસ થવું નહીં.*

પુનઃનિર્માણનું કાર્ય પૂરું થયું છે અને પુનઃવસન પણ હવે શેષ નથી રહ્યું. ત્યારે આફતને અવસરમાં પરિવર્તિત કરવા માટે (To Convert Disaster to Development) જે જે નવા પ્રયોગ કચ્છમાં હાથ ધરાઈ રહ્યા છે (New Experiments and Initiative) તેનાં સૂત્રધારોમાં બહુમતી કચ્છીઓની નથી. નવા પ્રયોગો વિષે એક ગ્રંથ લખાય અને 'પગમેં ભમરી'માં એ અંગે થોડાક પ્રકરણો લખીશ પણ ખરો પરંતુ અત્યારે માત્ર એક જ ઉદાહરણ આપું છું. કચ્છમાં વારંવાર દુષ્કાળ પડે છે અને સરકાર તરફથી અછતમાં રાહત આપવા માટે માટીકામ શરૂ કરાય છે. જેમાં ખોટી હાજરી, ખોટી માપણી અને ખોટી મજૂરીના ભ્રષ્ટાચાર થાય છે. સરકાર સમક્ષ આવા અછત કામની પોકળતા, વ્યર્થતા અંગેની સબળ રજુઆત પછી પ્રયોગ તરીકે સરકારે કચ્છ નવ નિર્માણ અભિયાનની દુષ્કાળ નિવારણ યોજનાને મંજુરી આપી અને રૂપિયા દસ કરોડનાં ખર્ચે ત્રીસ ગામડાઓમાં યોજના કાર્યાન્વિત કરવાની લીલીઝંડી આપી. આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો. કેન્દ્ર સરકારે એ માટે નિરીક્ષણ ટુકડી મોકલી. જેનાં અભિપ્રાય પછી આ યોજના અન્ય ૧૦૦ ગામો માટે લાગુ પાડવા વિચાર વિર્મશ કરે છે.

આ યોજનાનાં સૂત્રધારોની નામાવલિમાં શ્રી સ્વયસાચી સરકાર બંગાળનાં, શ્રી યુગાંધર મહારાષ્ટ્રનાં, શ્રી તપન ઘોષ અને શ્રી ચેતન આનંદ ઝારખંડનાં, શ્રી હેમંત બારડ સૌરાષ્ટ્રનાં, શ્રી સુરેશ યાદવ બિહારનાં, શ્રી અશોક તગારે મહારાષ્ટ્રનાં છે. આ સમગ્ર કાર્યવાહીની નોંધો (Documentation) કરનાર ટીમનાં સૂત્રધાર છે સુશ્રી માનસી આનંદ અમદાવાદના, શ્રેષ્ઠાબેન પહેલાં બંગાળનાં અને હવે કચ્છનાં પુત્રવધૂ અને ગુરબીન્દરભાઈ પંજાબનાં છે. આખી યોજના સાથે જેટલા કચ્છ બહારનાં છે તેટલાં કચ્છનાં નથી. અલબત્ત આ લોકોની સેવાઓ માનદ્ નથી, તેઓ વેતન સ્વીકારે છે કિંતુ એમની ક્ષમતા, કાર્યશક્તિ અને નિષ્ઠા એમને મળતા વેતન કરતાં બમણાં કે ત્રણ ગણા વેતનનાં અધિકારી સાબિત કરે છે.

આ તો મેં માત્ર એક જ યોજનાની વાતો લખી છે. શિક્ષણ, રોજગારી, પશુસંવર્ધન, સ્ત્રી સમુદાયનાં પ્રશ્નોને લઈ કચ્છમાં કાર્યશીલ કાર્યકરોનાં સમૂહોમાં જે ભાઈ-બહેનો છે તેઓની વિચારસરણીમાં સંકુચિતતા ભાગ્યે જ ફલિત થાય છે. મને લાગે છે કે જે સમાજ આર્થિક સંપન્નતા પ્રાપ્ત કરે છે તે ધીરે ધીરે સંકુચિતતા તરફ ઢળતો જાય છે. પોતે પ્રાપ્ત કરેલા કે હાથવગા કરેલા સંસાધનોનો ઉપયોગ જનસમુદાય માટે કરે છે ત્યારે પોતાના સમાજનો ખ્યાલ સૌ પ્રથમ કરે છે જે જરૂરિયાતને આધારે નથી હોતો.

સર્વ રાજ્યો, સર્વ ધર્મ અને સર્વ સમાજોની પુનિત પવિત્ર વ્યક્તિઓ સાથે થોડાં ઘણાં સમય માટે સાથે કાર્ય કરવા મળ્યું છે. નામાવલિ ઘણી મોટી છે છતાં ઉલ્લેખનીય વ્યક્તિઓ છે, મુરબ્બીઓ ગાંધી વિચારસરણી ધરાવનાર મણિદાદા સંઘવી, કાંતિસેન શ્રોફ, ખડીર જેવા દુર્ગમ વિસ્તારમાં કોળી, પગી જેવા સમાજોમાં શિક્ષણની મશાલ જલાવનાર રમેશ સંઘવી, ગ્રામ્ય વિકાસ ક્ષેત્રનાં ધુરંધરો સ્વ. તુલસીભાઈ જગરા, શ્રી મધુભાઈ માંકડ, કેળવણી ક્ષેત્રે અનોખું પ્રદાન કરનાર સ્વ. સુરેન્દ્ર શેઠ, દિનેશભાઈ સંઘવી, લોકજાગૃતિનું મસમોટું કાર્ય કરનાર સ્વ. કરણીદાન ગઢવી, લાલ રાંભિયા, ગ્રામ્ય સેવકોની મોટી ફોજને તૈયાર કરનાર દલપતભાઈ દાણીધારિયા, સ્ત્રીઓનાં પ્રશ્નો લઈ ઝઝુમનાર અલકા જાની, લત્તા સચદે, હીનાબેન ઠક્કર, હેન્ડીક્રાફ્ટ ક્ષેત્રનાં જુલીબેન, ચંદાબેન શ્રોફ, કુદરતી આફતોમાં કચ્છ અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અદ્ભુત કાર્ય કરનાર સુશ્રી સુષ્મા આયંગર, સંદીપ વીરમાણી, કિરણ વાઘેલા, મહાવીર આચાર્ય, દુર્ગા વેકંટસ્વામી, ગગન શેઠી, પ્રભાનિધિ તિવારી...આ નામાવલિ લંબાતી જશે.

અપ્રતિમ લગન અને નિષ્ઠા, વ્યાપક સમજ અને નજર ધરાવનાર આ વ્યક્તિઓ પાસે ધર્મ, સંપ્રદાય, નાત, જાત, રંગ, સર્વ આડશો અને અંતરાયોથી પર રહી, માણસને માણસ તરીકે નીરખી એને માટે કામ કરવાની વૃત્તિ છે, દૃષ્ટિ છે અને પ્રસાદી તરીકે એટલું મળે તોય ઘણું છે. એમના સાનિધ્ય પછી મારી પ્રવૃત્તિઓનાં લાભાર્થી તરીકે પ્રાથમિકતા ચોક્કસ સમુદાયને આપવાનું કે એ સમુદાય પૂરતું મર્યાદિત રાખવાનું કોઈ સૂચન કરે અને એ હું સ્વીકારું તો "મૌ સમ કૌન કુટીલ ખલખામી"

*લેખકશ્રીના પુસ્તક*
*'પગમેં ભમરી - ૩' માંથી*

## તાપમાન

**(અનુસંધાન : પાના નં.-૧૮ ઉપરથી ચાલુ)**

જાય, એવા સંયોગોમાં માનવજીવન સંભવિત નથી. ચંદ્રનાં દિવસ-રાત આપણા કરતાં ઘણાં અલગ છે એ વળી જુદી જ વાત છે.

હાલ પૃથ્વીનું સરેરાશ તાપમાન ૧૫ ડિગ્રી સેલ્શિયસ છે. એમાં જો માત્ર ૧ ડિગ્રીનો વધારો થાય તો ધ્રુવપ્રદેશનો બરફ પીગળે અને સમુદ્રની સપાટીમાં વધારો થાય. ૧.૫ કે ૨ ડિગ્રીનો વધારો થાય તો દરિયા કિનારાનાં શહેરોમાં પાણી ફરી વળે.

આવું ઠંડી-ગરમીનું ચક્ર કરોડો વર્ષોથી ચાલતું રહ્યું છે. હવે માનવી એમાં ઉમેરો કરી રહ્યો છે. મુખ્ય મુદ્દો એ છે કે જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે જરૂરી વાતાવરણ અને તાપમાન તારાવિશ્વોમાં બીજે ક્યાંય હોવું, એટલું સહજ નથી. **આપણે કુદરત તરફથી મળેલી આ અણમોલ ભેટ વેડફી ન નાખીએ તે જોવાનું છે.**

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭૯૯૦૦૯*

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL CLEARING
AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents
MRL GROUP

વાર્તા

# મન, કાચ ને મોતી તૂટ્યા પછી સંધાય?

• ડૉ. ઊર્મિલા શાહ •

"સુજાતા, હવે કેટલીક રાહ જોવડાવીશ? મારું ભણવાનું તો હવે પૂરું પણ થઈ ગયું. તેં ખોટી મેડિકલ લાઈન લીધી છે. આમ ને આમ ભણવામાં જ જીવનનાં કેટલાં વર્ષો ચાલ્યાં જશે? હવે મારાથી રાહ નથી જોવાતી. મારી તો હવે ધીરજ ખૂટી ગઈ છે. સુજાતા!" શ્યામ ક્યારેક એકદમ સંવેદનશીલ બની જતો અને ત્યારે સુજાતા તેને વહાલથી, પ્રેમથી ધીરજ આપતાં કહેતી, "શ્યામ આટલી ધીરજ રાખી છે હવે થોડી વધારે...એક વાર મને એમ.બી.બી.એસ.ની છેલ્લી પરીક્ષા આપી દેવા દે. ઇન્ટર્નશીપનાં વર્ષ તને રાહ નહીં જોવડાવું, બસ!"

"પણ તારાં મમ્મી માનશે તો ને! તારાં મમ્મી તો તારી ડિગ્રી માટે કેટલાં બધાં આતુર છે!"

"તું ફિકર ન કર શ્યામ! મમ્મી મને ડોક્ટર બનાવવા માટે ખૂબ આતુર છે એ વાત સાચી, પણ તે એ પણ સમજે છે કે હું તને કેટલી ચાહું છું! બે વર્ષ પહેલાં મેં તેને લગ્ન માટે વાત કરી ત્યારે તેણે જ કહ્યું હતું, બેટા! એક વાર ડિગ્રી હાથમાં લઈ લે. હું પોતે તને ધામધૂમથી પરણાવીશ. પરનાત છે તો શું થઈ ગયું? મારે તો એકની એક દીકરી છે ને!"

મને ખૂબ ડર હતો કે મમ્મી મને તારી સાથે લગ્નની મંજૂરી જ નહીં આપે... ને મને એ લગ્ન નહીં કરવા સમજાવવાનો પ્રયત્ન કરશે, તેને બદલે તેણે મને શું કહ્યું હતું તને ખબર છે શ્યામ? "દીકરા, હું જાણું છું, તને શ્યામ માટે ખૂબ પ્રેમ છે બેટા! તારું મન એની સાથે મળ્યું છે એ મારા ધ્યાન બહાર નથી, પણ આ ઉંમરે તારે માટે ભણવાનું વધુ અગત્યનું છે. થોડી ધીરજ રાખ. આટલાં વર્ષ રાહ જોઈ છે થોડી વધુ...પણ જો સુજાતા...એટલું ખાસ ધ્યાન રાખજે...આપણો સમાજ ખૂબ ખરાબ છે, ને તું રહી છોકરીની જાત...કોઈ આંગળી ચિંધે તેવી રીતે તું શ્યામને મળીશ નહીં... આપણાં ઘેર જ તું અને શ્યામ મળો, બેસો, વાતોચીતો કરો... એકબીજાનો પરિચય કેળવો... મને એમાં કોઈ જ વાંધો નથી..." "શ્યામ! આટલું વિશાળ દિલ આજનાં કેટલાં માબાપ ધરાવતાં હશે એ તો કહે!"

...ને શ્યામને હૈયાધારણ થતી કે "સુજાતા ભલે રાહ જોવડાવે પણ આખરે તો તે મારી જ છે." ને તેની ઉત્કટ બનતી લાગણીઓને તે પ્રયત્નપૂર્વક શાંત પાડતો.

એમ કરતાં કરતાં સુજાતાની પરીક્ષા પતી ગઈ. પરીક્ષા પૂરી થાય તે પહેલાં જ સુજાતાનાં મમ્મી શોભાબહેને લગ્નનું શુભ મુહૂર્ત જોવડાવી રાખ્યું હતું. કારણ એકની એક દીકરી સુજાતાનાં લગ્ન તેમને ખૂબ ધામધૂમથી કરવાની હોંશ હતી. સૌ કોઈના આનંદનો પાર ન હતો. સુખી ઘર, સંસ્કારી વાતાવરણ, એકનો એક દીકરો ને તે પણ વળી એન્જિનિયર અને સુજાતા અને શ્યામની પાંચ પાંચ વર્ષથી ચાલી આવતી પ્રીત... શ્યામ અને સુજાતાને લગ્નમંડપમાં જોઈ સૌ કોઈની આંખ ઠરતી હતી... ઈશ્વરે જાણે બંનેને એકબીજા માટે જ સર્જ્યા ન હોય!... સૌ કોઈના મુખ પર આનંદ-ઉલ્લાસ અને સંતોષની રેખાઓ જણાતી હતી...

શ્યામ અને સુજાતાનાં લગ્ન જીવનની ઉષા ખૂબ ઉલ્લાસમય, ઉમંગભરી ઊગી રહી હતી. બંને એકબીજામાં તન્મય થઈને જીવતાં હતાં. ને પળે પળે બંને એકબીજાને સુખી કરવા સતત મથામણ કરતાં... એમ ને એમ ત્રણ વર્ષ પણ જોતજોતામાં વીતી ગયાં...ને સુજાતાના હાથમાં ડિગ્રી પણ આવી ગઈ...પણ હવે કોઈક કોઈક વાર સુજાતાને જીવનમાં થોડો ખાલીપો લાગવા માંડ્યો...હમણાં હમણાં તો ક્યારેક શ્યામ પણ કહેતો, 'સુજુ, આપણા જીવનને ભરી દેનાર કોઈની ખોટ હવે લાગે છે નહીં?" ને સુજાતા એ દિવસે એની મમ્મી પાસે આવીને રડી પડી...' મા! મને હવે આ જીવનથી કંટાળો આવવા માંડ્યો છે. મને જીવન ખાલી ખાલી લાગે છે. આજે શ્યામે પણ મને આવું જ કહ્યું...મમ્મી! પણ હું શું કરું? મનેય જીવન નીરસ લાગે છે. ખોળાનો ખૂંદનાર હુંય ઝંખું છું...પણ..." ને માના ખોળામાં માથું મૂકી એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

માતૃત્વ પ્રાપ્ત કરવા અધીરી બનેલી દીકરીને શોભાબહેને વહાલથી માથે હાથ ફેરવતાં હિંમત આપી, "દીકરા! તું તો ડોક્ટર છે. આમાં તો તું પોતે જે કરી શકે એ હુંય ન કરી શકું. તપાસ કરાવી જો. દુનિયામાં દરેક મુશ્કેલીનો માર્ગ તો મળે છે જ. ધીરજ ધર બેટા! વિધિના નિર્માણ પ્રમાણે બધું થતું હોય છે. ઈશ્વરમાં શ્રદ્ધા રાખ દીકરા.' સુજાતાએ ડોક્ટરી તપાસ પણ કરાવી, ડોક્ટરે કહ્યું "સુજાતા, ક્યાંય કશી જ મુશ્કેલી નથી. તારે માટે માતૃત્વ નિશ્ચિત છે. ફિકર ન કર, આનંદમાં રહે, એની મેળે રસ્તો નીકળશે..." ને સુજાતાને હાશ વળી.

...ને લગભગ એક વર્ષ પછી, સુજાતાએ પુત્રને જન્મ આપ્યો. સુજાતા જ

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

નહીં પણ શ્યામ, શ્યામનાં માતાપિતા બધાં આનંદથી ઘેલાં ઘેલાં બની ગયાં હતાં. પચ્ચીસ વર્ષ પછી ઘરમાં નાનું બાળક આવે પછી તો પૂછવું જ શું? દાદા-દાદી સૌ કોઈનું કેન્દ્ર નાનકડો શ્રીરાજ બની ગયો, ને સુજાતા તો તેની પાછળ ઘેલી ઘેલી થઈ ગઈ. પોતે ડોક્ટર હોવા છતાં તેણે હમણાં કામ કરવાનો વિચાર માંડી વાળ્યો, "શ્રીરાજ થોડો મોટો થાય પછી વાત... છ-બાર મહિનાનો થાય પછી વાંધો નહિ..."

શ્રીરાજ આઠેક મહિનાનો થયો, ને સુજાતાના સદ્નસીબે એક ડોક્ટરે તેને સામેથી કામ માટે બોલાવી. સુજાતાના મનમાં આવી સારી તક આવવાથી દ્વિધા ઊભી થઈ..." શ્રીરાજને છોડીને કામ પર જાઉં? ના...ના...પણ તો પછી સામેથી આવેલી આવી તકને જતી કરું? આજકાલ તો નોકરી જ ક્યાં મળે છે? ને વળી આ તો પ્રતિષ્ઠિત ડોક્ટર અને પ્રતિષ્ઠિત હોસ્પિટલ... ત્યાં ઓળખાણો થાય એ મારા ભવિષ્યમાં પણ કામ લાગશે... તો પછી શું કરું?" ને તેણે મમ્મી આગળ પ્રસ્તાવ મૂક્યો. દાદા-દાદી તો શ્રીરાજ પાછળ ઓછાં ઓછાં થઈ જતાં જ હતાં ને એટલે દાદીએ તો ઉમળકાભેર કહ્યું, તું તારે ખુશીથી કામ કર હું છું ને ... ફિકર શું કામ કરે છે?" આમેય શ્રીરાજ તંદુરસ્ત હતો એટલે એને સાચવવાનું કામ એટલું મુશ્કેલ ન હતું. ને વળી દાદા-દાદીનો તો એ એટલો લાડકો હતો. આમેય ઘરમાં એ સુજાતા પાસે તો ઘણું જ ઓછું રહેતો. દાદીમાનો તે હેવાયો પણ ખૂબ હતો. અને એટલે સુજાતાને બહુ ફિકર ન હતી. તે ખૂબ ખુશ હતી, શ્યામ ઓફિસેથી ઘેર આવતાં જ તેણે વધાઈ ખાધી...

"શ્યામ...મને ડો. ત્રિવેદીએ કામ માટે ઓફર કરી છે. હું જાઉં ને? હું કેટલી નસીબદાર છું નહીં શ્યામ! મને તો ડર હતો કે હવે મને કામ જ નહીં મળે, વરસ દહાડાનો ગાળો પડી ગયો. ને એટલે ડો. ત્રિવેદીનો ફોન આવતાં જ હું તો ખૂબ ખુશ થઈ ગઈ. મેં તો હા જ કહી દીધી..." પણ સુજાતાના આ આનંદનો શ્યામે કોઈ જ પ્રતિભાવ ન આપ્યો..જરા સરખો પણ આનંદ વ્યક્ત ન કર્યો કે, અભિનંદનના બે શબ્દ પણ ન ઉચ્ચાર્યા... ને ત્યારે સુજાતાને પાંચેક વર્ષના આ લગ્નજીવનમાં પહેલી જ વખત અહેસાસ થયો કે શ્યામ અને તેની વચ્ચે ક્યાંક અંતર પડ્યું છે. શ્રીરાજના લાલનપાલનમાં સદાય વ્યસ્ત રહેતી સુજાતાને તેના શ્યામ સાથેના આ સંબંધો વચ્ચે સર્જાયેલી ખાઈનો વિચાર સુધ્ધાં આવ્યો ન હતો. પણ શ્યામના આ ટાઢાબોળ વર્તનથી સુજાતાનાં મનમાં વિચારોનો વંટોળ જાગ્યો...ને પછી તો એક પછી એક પ્રસંગોનાં વિશ્લેષણોની હારમાળા મગજમાં ચાલુ થઈ.

શ્રીરાજને લઈને અહીં આવવાની હતી ત્યારે દિવસ સારો નથી કહી કહીને શ્યામ જ મુહૂર્ત ઠેલાવ્યા કરતો હતો ને!

શ્યામના પ્રેમની ઉષ્મા તો ત્યારથી જ ઓછી થવા માંડી હતી. મારા વિના એક પળ પણ નહીં રહી શકતો શ્યામ હું મમ્મીને ત્યાં બે મહિના રહી ત્યારે કેટલું ઓછું આવતો હતો? ને જ્યારે હું ફરિયાદ કરતી તો કહેતો, "ઓફિસમાં ખૂબ કામ રહે છે." ને જે દિવસે હું શ્રીરાજને લઈને આવી ત્યારે ત્રીજે મહિને મેં ઘેર પગ મૂક્યો હતો છતાંય તે ઓફિસેથી તો રાત્રે બે વાગ્યે જ આવ્યો હતો ને...ને હું વિચારતી રહી "શ્યામને ખૂબ કામ પહોંચે છે એ પણ શું કરે?" ને મેં મનને મનાવી લીધું. આવું તો રોજ જ થવા માંડ્યું...ને હું ય આખા દિવસની દોડધામ પછી એવી તો થાકી જતી કે શ્યામ રાત્રે ક્યારે આવ્યો તેય મને ક્યારેક તો ધ્યાન પણ ન રહેતું, મને તેની ઉષ્મા ઓછી તો લાગતી જ હતી પણ મને થતું... "હું પોતે જ શ્રીરાજમાં રચીપચી રહું છું. મને આવું વિચારવાનો શું અધિકાર છે!" બધાંને માતૃત્વ મળ્યા પછી આવી જ પરિસ્થિતિ ઊભી થતી હશે. અત્યાર સુધી શ્યામના પ્રેમની ભાગીદાર હું એકલી હતી હવે શ્રીરાજ પણ છે ને! ના, ના, આવું નાનું મન શા માટે કરું? મારા કરતાં શ્યામ શ્રીરાજને વધુ ચાહે તેમાં ખોટું પણ શું છે? શ્રીરાજ પણ અમારા પ્રેમભર્યા સંબંધોનું જ પ્રતીક છે ને!" ને આમ મેં મનને વારંવાર મનાવ્યા જ કર્યું પણ મારા અને શ્યામના સંબંધો વચ્ચે એક પછી એક ઈંટ મુકાતી જતી હતી...દીવાલ ચણાતી જતી હતી, અંતર વધતું જતું હતું.

બંને શ્રીરાજને સતત ઝંખતા, શ્રીરાજને ખૂબ પ્રેમ કરતાં અને છતાંય બંને દૂર-સુદૂર જતાં હતાં... જાણે, "મંજિલ તો એક હૈ...મગર રાહી જુદા જુદા..."

શ્યામની મનોસ્થિતિ પણ દિવસે દિવસે નાજુક બની રહી હતી. આખો દિવસ વ્યવસાયને શ્રીરાજની પાછળની ભાગદોડ પછી સુજાતા એટલી બધી થાકી જતી કે પથારીમાં પડતાવેંત જ ઊંઘી જતી. ત્યારે શ્યામ આખીય રાત સતત કંઈક કશામાં ખોવાયેલો જ રહેતો. બાજુમાં જ સૂતેલી સુજાતાની ખૂબ નજદીક હોવા છતાં તેનું મન નિર્બંધ બની દૂર-સુદૂર સુધી વિહર્યા કરતું.

"સુમી ભલે સુજાતા જેટલી રૂપાળી નથી પણ તેની પણ એક અદા છે. એની સાથે કામ કરવાની પણ એક મજા છે. હવે તો એકાદ દિવસ પણ તે ઓફિસે ન આવે તો વાતાવરણ કેવું નીરસ લાગે છે!... પણ ના, ના, મને એવું ન થવું જોઈએ. મારી ફરજ તો સુજાતા અને શ્રીરાજને સુખી કરવાની છે. આવું મને કેમ થાય છે? ને રાતના બેત્રણ કે ક્યારેક તો ચારના ટકોરા સુધી પણ તે ઊંઘી શકતો નહીં. તેને જ સમજાતું ન હતું કે તેને શું થાય છે! પણ જે થાય છે તે બરાબર નથી થતું તેવું

Meera Marketing
Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils
Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions
30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

સમજવા છતાં તેની લાગણીઓ પર તેનો કાબૂ ઓછો થતો જતો હતો. એનું અંતર પણ તેના મન સામે બંડ પોકારી ઊઠ્યું હતું અને એટલે એક બચાવ-પ્રયુક્તિ રૂપે તેણે સુજાતા સાથેના વ્યવહારનો માર્ગ બદલ્યો.

સુજાતા સાથે અવિશ્વાસ, વહેમ, રોકટોક ને પછી તો રોજ રૂમની ચાર દીવાલ વચ્ચે ચડભડ શરૂ થઈ. "આજે પેલા ડોક્ટરનો ફોન હતો? ઘેર ફોન કરવાની શી જરૂર હતી? મને એવું ગમતું નથી..." "લાઈબ્રેરીમાં વાંચવા જવાનું નથી...જે ચોપડી વાંચવી હોય તે ઘેર લાવીને વાંચ ને! લાઈબ્રેરીના ઓઠા હેઠળ ત્યાં કોને મળે છે મને શું ખબર પડે..." "કોન્ફરન્સમાં જવાનું છે? શ્રીરાજને કોણ સાચવશે? એક પેપર વાંચ્યું કે ન વાંચ્યું શું ફેર પડી જવાનો છે?" આજે સ્કૂટર પર કોણ હતું? હા...પેલો, ડૉ. પરેશ...? એની ગાડી નહોતી? કે પછી સહસફરની મોજ માણતી હતી? સુજાતા, તું ડોક્ટરી કરે એ મને બિલકુલ પસંદ નથી. શ્રીરાજને મૂકી તું આમ નોકરી કરવા જાય છે તે મને જરાપણ ગમતું નથી...રોજ કોઈ ને કોઈ બહાનું...બસ બહાર જ રખડ્યા કરે છે..." ને ક્યારેક તો શ્યામ અચાનક હોસ્પિટલ પણ પહોંચી જતો. તપાસ કરતો, ત્યાં સુજાતા કોની સાથે વાતોચીતો કરે છે ને ત્યારે સુજાતાની દશા ખૂબ કફોડી બની જતી. સુજાતા દિવસે દિવસે તંગ આવી જતી હતી. અને તેમાંય જ્યારે શ્યામે તેને તેની મા તરીકેની ફરજ માટે સભાન કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે તો તેનું અંતર બંડ પોકારી ઊઠ્યું..." શું બાળકની જવાબદારી ફક્ત માની છે? બાપની નહીં? શ્રીરાજને તે રાતે ચાર ડિગ્રી તાવ હતો, હું આખી રાત પોતાં મૂકતી બેસી રહી.. શ્યામ પરોઢિયે ચાર વાગ્યે આવ્યો...મેં તેને ક્યારેય કશું પૂછ્યું છે ખરું, કે તું અત્યાર સુધી ક્યાં હતો? મેં ક્યારેય તેના પર અવિશ્વાસ કર્યો છે ખરો? શું બાપ તરીકે તેની કોઈ જ ફરજ ન હતી? બધી ફરજ ને જવાબદારીનાં બંધન ફક્ત મારા માટે? ક્યારેક એમ થઈ જાય છે કે હું ચાલી જાઉં...આ ઘર છોડીને ચાલી જાઉં...પણ તો પછી શ્રીરાજનું શું? શ્યામ મને શ્રીરાજ સોંપે ખરો? તો પછી હું શ્રીરાજ વિના કેવી રીતે જીવી શકું? ના, ના, શ્રીરાજ વિના તો હું એક પળ પણ ન જીવી શકું. પણ તો પછી આ વંટોળમાં કેવી રીતે જીવું? કયા આધારે ટકું? મારી જાત પર ગુજારાતા આ અત્યાચારનો ભોગ બિચારો નિર્દોષ, માસૂમ ખીલતી કળી જેવો શ્રીરાજ પણ ક્યાં નથી બનતો? તે દિવસે અકળાઈને એના નાજુક ગાલ પર મારાથી જ લપડાક ચોડાઈ ગઈ હતી...એ પછી હું કેટલું રડી? ને ત્યારે શ્રીરાજ મારા ખોળામાં બેસી મારી કોટે વળગી "મા", "મા" કરતો જ રહ્યો. હું પણ રડતી જ રહી. નથી સહન થતું હવે આ મારાથી..મારી આ અકળામણનો ભોગ શ્રીરાજ બને છે તે પણ મારાથી નથી સહેવાતું...છતી માએ તેને માવિહોણો કરવાનીય મારી હિંમત નથી...મારું ભાવિ તો બગડ્યું જ છે.. પણ આ નાદાન, નિર્દોષ બાળકનું ભાવિ બગાડવાનો ય મને શો અધિકાર છે? મને જ સમજાતું નથી હું શું કરું!!! મન, કાચ ને મોતી એક વાર તૂટે પછી સંધાયાં જાણ્યાં છે ખરાં?

*૨૫, પાર્શ્વ બંગ્લોઝ, એસ.જી. હાઈવે*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. : ૯૯૭૯૨ ૩૦૪૦૪*

*ટેલિફોન બુથની બહાર ઊભેલો માણસ : ભાઈ, તમે છેલ્લી ૩૦ મિનિટથી ફોન પકડીને ઊભા છો... કંઈ બોલતા નથી... વાત ના કરવી હોય તો બહાર આવી જાવ ને....'*

*અંદર ઊભેલો માણસ : 'તમે જરા સમજો યાર, સામે છેડે મારી વાઈફ છે!'*

☺ ☺ ☺

*પત્નીની દલીલો સાંભળવી એ વેબસાઈટ ઉપર ઝીણા અક્ષરે આવતી શરતો સામે આંખો રાખીને, વાંચ્યા વિના, માઉસ વડે 'આઈ એગ્રી' ઉપર ક્લીક કરવા સમાન છે.*

**રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે "મંગલ મંદિર" અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮**

૧. **પ્રકાશનનું સ્થળ** : અમદાવાદ

૨. **પ્રકાશનનો ગાળો** : માસિક

૩. **મુદ્રકનું નામ :**
શ્રી અશોક મહેતા
**મુદ્રકની રાષ્ટ્રીયતા** : ભારતીય
**મુદ્રકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

૪. **પ્રકાશકનું નામ :**
શ્રી અશોક મહેતા
**પ્રકાશકની રાષ્ટ્રીયતા** : ભારતીય
**પ્રકાશકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

૫. **સંપાદકનું નામ :**
શ્રી અશોક મહેતા
**સંપાદકની રાષ્ટ્રીયતા** : ભારતીય
**સંપાદકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

૬. **અખબારની માલિકી :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
**સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

*હું, અશોક મહેતા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.*

*અમદાવાદ* **અશોક મહેતા**
*માર્ચ ૨૦૧૫* *પ્રકાશક અને મુદ્રક - "મંગલ મંદિર"*

*નાના લોકો સાથે સદ્વ્યવહારથી જ મોટો માણસ પોતાની ઉદારતા પ્રગટ કરે છે.*

# બ્લોકેજ!

• હરેશ ધોળકિયા •

ભાસ્કર ડોક્ટરની ચેમ્બરમાંથી ઢીલો બહાર નીકળ્યો. બહાર નીકળી રીક્ષા કરી અને ઘેર આવ્યો. ઘેર આવી ચૂપચાપ ખુરશી પર બેસી ગયો અને વિચારમાં ડૂબી ગયો.

ભાસ્કર નિવૃત્ત થઈ ગયો હતો. સ્વસ્થ અને તંદુરસ્ત જીવન જીવતો હતો. તેને ખાસ કોઈ માંદગી આવતી ન હતી. શરીરનો બાંધો પણ સરસ હતો. તેથી શાંતિથી જીવતો હતો. પણ થોડા દિવસ પહેલાં છાતીમાં થોડો દુઃખાવો થયો હતો. આમ તો તેણે તેને અવગણ્યો હતો. પણ એક મિત્રે કહ્યું કે તેણે ચેક કરાવી લેવું જોઈએ. સાઠ વર્ષ પછી કોઈ જ બાબતને અવગણવી ન જોઈએ. તેથી ભાસ્કરે તેના એક પરિચિત ડોક્ટરની મુલાકાત લીધી અને વાત કરી. ડૉક્ટરે તેને ધ્યાનથી તપાસ્યો. પછી તેનો ઈ.સી.જી. પણ લીધો.

પછી ભાસ્કરને કહ્યું, "જુઓ ભાસ્કરભાઈ, આમ તો તમને કશી તકલીફ હોય તેમ લાગતું તો નથી. કોઈ ચિહ્ન દેખાતાં નથી. પણ તમારી નાડીના ધબકારા થોડા ધીમા લાગે છે. તે પણ આમ તો નોર્મલ બાબત ગણાય. પણ સાઠ પછી તે બાબતે વિચાર કરવો જોઈએ. ધબકારા ધીમા જોતાં મને વહેમ જાય છે કે તમને હાર્ટમાં કોઈ નળીમાં બ્લોકેજ થવાની શરૂઆત થઈ લાગે છે. હશે જ એમ કહી શકતો નથી, કશું જ સ્પષ્ટ નથી, પણ તેની કલ્પના કરી શકાય. તેના પ્રત્યે બેદરકાર રહી શકાય નહીં. એટલે ભવિષ્યમાં ઝડપથી એન્જિયોગ્રાફી ન કરાવવી પડે માટે અત્યારથી જ આ બ્લોકેજ પ્રત્યે ધ્યાન આપવું જોઈએ. તમને દવા તો આપું જ છું, પણ તે કદાચ હોય તો વધે નહીં માટે લાઈફ સ્ટાઈલમાં ફેરફાર કરવાની જરૂર પડશે. એ માટે સૂચનાઓ આપું છું તે પ્રમાણે કરશો. તો બ્લોકેજ વધશે નહિં અને કદાચ દૂર પણ થઈ જાય."

કહી તેમણે આહાર-વિહાર-મનોવ્યાપાર બાબતે વિવિધ સૂચનાઓ લખી આપી અને તેનો અમલ બીજા જ દિવસથી શરૂ કરવા કહ્યું. ભાસ્કરે હા પાડી. પણ તે ઢીલો થઇ ગયો. જે રીતે ડોક્ટરે બ્લોકેજ બાબતે સમજ આપી, તે ગંભીર હતી. ધ્યાન ન રાખે તો એન્જિયોપ્લાસ્ટી કે બાયપાસ કરાવવી પડે. અને તેમાં તો લાખો રૂપિયા ખર્ચવા પડે. ભાસ્કર કેવળ કલાર્ક હતો. તેના પાસે ખાસ બચત ન હતી. પેન્શન પણ સામાન્ય હતું. એટલે તેમના માટે બ્લોકેજ ન જ વધે તે જોવું જરૂરી હતું.

પણ આ બધો ફેરફાર કરવો એટલે અનેક બાબતો કરવી પડશે. ખોરાક બદલાવવો પડશે. અમુક ફળોના રસ પીવા પડશે. નિયમિત ફરવા જવું પડશે. ખાવામાં મીઠું, ખાંડ, તેલ બધાંને દૂર કરવાં પડશે. જબરું પરિવર્તન કરવું પડશે.

અને તે બધું તેની પત્ની સુધા પાસે કરાવવું પડશે.

ભાસ્કર વધારે ઉદાસીન થઈ ગયો.

સુધા. તેની પત્ની. તેના સાથે લગ્ન કર્યે પાંચ દસકા થવા આવ્યા હતા.

પણ આજે પણ તેને પત્ની પસંદ ન હતી.

તેની સગાઈ નક્કી કરવામાં આવી ત્યારે ભાસ્કરને ખબર પડી કે સુધા જરા પણ ભણી ન હતી. ચારેક ધોરણ કરેલ હતાં. એટલે કે અભણ જ હતી. અને ભાસ્કર તો પોસ્ટ ગ્રેજ્યુએટ હતો. વિદ્વાન હતો. વિશાળ મિત્રવર્તુળ ધરાવતો હતો. તેમાં તે સુધાને લઈ જઈ ન શકે. તે આ બધા વચ્ચે શું વાતો કરી શકવાની? બધા અંગ્રેજીમાં ચર્ચા કરતા હોય, ત્યારે ગુજરાતી પણ માંડ જાણતી સુધા કેમ ભળી શકવાની? ભાસ્કરનું મન ખાટું થઈ ગયું. પણ તેના પિતા કડક હતા. તેમની સામે બોલી શકાય તેમ ન હતું. એટલે લગ્ન થઈ ગયાં. કરુણતા તો એ થઈ કે લગ્ન પછી તરત માતા પિતાએ વિદાય લીધી. થોડી વહેલી વિદાય લીધી હોત તો ભાસ્કર બચી ગયો હોત. ભાસ્કર ખૂબ ગુસ્સે થઈ ગયેલો. તેનો ગુસ્સો પણ સુધા પર જ કાઢ્યો. આમ પણ તેણે નક્કી કરેલ કે અભણ પત્ની સાથે સંબંધ ન જ રખાય. તેમાં પિતાની ઘટના બની. તેથી પત્ની પ્રત્યે વધારે ઉદાસીન થઈ ગયો. તે તેને જરા પણ ન બોલાવતો. કામ હોય તો જ અને ત્યારે જ બહુ જ ઓછા શબ્દોમાં સૂચના આપતો. બાકી તેનાથી અળગો જ રહેતો. તેને ક્યાંય ન લઈ જતો. ઘરમાં પણ વાતો ન કરતો. હા, રાત્રે લાચાર હતો. તેથી રાત્રે થોડી વાર સાથે રહેતો. બાકી આખો દિવસ ન બોલાવતો. તેને તેનાથી બે બાળકો થયાં હતાં. પુત્ર બહાર હતો. પુત્રી સ્થાનિકે જ સાસરે હતી.

લગ્નથી કરી આજ સુધી.

અને હવે જે તેણે કરવાનું હતું તે બધું જ પત્નીની મદદથી જ કરવું પડશે. આહાર-વિહારની વ્યવસ્થા તો પત્ની દ્વારા જ કરવી પડશે.

ભાસ્કરને બ્લોકેજ કરતાં આ આધારિતતા વધારે દુઃખતી હતી. તે ખૂબ અકળાતો હતો. તેને બોલાવીને સૂચના આપવી પડશે. સતત તેના તરફ ધ્યાન રાખવું પડશે. જરા પણ ભૂલ ન થાય તે જોવું રહેશે. આ અભણ બધું સમજશે કે કેમ તે પણ સમસ્યા હતી. પણ તેનો આધાર લીધા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો. તેને કોઈ બીજો ભાઈ કે બહેન પણ ન હતાં કે તેને કહી શકે. એક જ વ્યક્તિ તેના જીવનમાં

*મુશ્કેલ કાર્ય પણ ખંત અને ધીરજથી જ પાર પડે.*

રહી હતી - પત્ની! સામાન્ય સંયોગોમાં જમવા વખતે થોડી વાર સામે રહેતી. અલબત્ત, તે વાતો ન કરતો, માત્ર તેના હાથનું જમી લેતો. બાકી પોતાના રૂમમાં એકલો જ બેસતો. પત્ની ઓરડામાં બેઠી રહેતી. તે કાં તો કામ કરતી અથવા તો માળા ફેરવ્યા કરતી. પણ હવે તો તેને સતત સૂચના આપવી પડશે.

ભાસ્કરે બ્લોકેજને ગાળ આપી. સાથે ડોક્ટરને ગાળ આપી. શા માટે તેણે આવું શોધી કાઢ્યું! તેને ખબર છે કે પોતે એકલો છે. અને આ બધામાં પત્નીની ગુલામી કરવી પડશે? ડોક્ટરને તો સૂચના આપી છૂટી જવું છે કે આ કરજો કે તેમ કરજો. પણ અહીં પોતાની સ્થિતિ શું છે તેનો તેને શું ખ્યાલ છે? તે કેટલો લાચાર થઈ જશે તેની ખબર છે તેમને?

પણ બીજો ઉપાય ન હતો. પત્નીને જ સૂચના આપવી પડશે.

તેણે સામે ઓરડામાં જોયું. સુધા કશુંક સીવતી હોય તેમ લાગ્યું.

ભાસ્કરે ખોંખારો ખાધો.

પત્નીએ આંખ ઊંચી કરી તેના સામે જોયું.

ભાસ્કરે ઈશારાથી તેને બોલાવી.

સુધાને નવાઈ લાગી. થોડો ડર પણ લાગ્યો. પોતાની કોઈ ભૂલ થઈ ગઈ હતી? ઠપકો તો નહીં ખાવો પડેને? કે પછી બપોરે...?

પણ તે ધીમેથી ઊભી થઈ. હળવેથી સામે આવીને નીચું મોં કરીને ઊભી રહી.

ભાસ્કરને પહેલાં તો શું કહેવું તે ન સૂઝ્યું.

પછી તે પણ નીચું મોં કરી બોલ્યો, "આજે ડોક્ટર પાસે ગયો હતો."

સુધાએ ઝાટકાથી મોં ઊંચું કર્યું. "કેમ?" તેના મોમાંથી શબ્દો નીકળી ગયા. "કંઈ થયું છે?" તેના અવાજમાં ભારોભાર ચિંતા હતી.

ભાસ્કરે તે અવગણીને આગળ કહ્યું, "ડોક્ટર કહે છે કે મને હૃદયની નળીમાં બ્લોકેજ છે. તેથી મારે સંભાળ લેવી પડશે."

સુધાને બ્લોકેજ એટલે શું તે સમજ ન પડી, પણ હૃદય શબ્દ સાંભળી ચિંતિત થઈ ગઈ. તેણે હાર્ટ ઍટેક શબ્દ સાંભળ્યો હતો.

પણ સંકોચ સાથે બોલી, "શું સંભાળ લેવી પડશે?"

ભાસ્કર ડોક્ટરે આપેલ સૂચનાઓ બોલી ગયો. પછી કહે, "આ બધું હવેથી મારે રોજ કરવું પડશે."

"વાંધો નહીં. નિશ્ચિત રહજો. બધું કરીશ."

પણ તને આ બધું આવડશે - એમ તે બોલવા જતો હતો, પણ" પણ તું...?" તે વધારે બોલી ન શક્યો.

"તમે તમારે નિશ્ચિત રહો." સુધાએ જવાબ આપ્યો.

ભાસ્કર ચૂપ થઈ ગયો.

સુધા ફરી બેઠી હતી ત્યાં બેસી ગઈ. અલબત્ત, તેની નજર સતત પતિ તરફ જતી હતી.

હે ભગવાન! સુધાને આ બધું આવડે તેનો ખ્યાલ રાખજે, નહીં તો આ બ્લોકેજ વધી જશે - ભાસ્કરે પ્રાર્થના કરી.

સાંજ પડી ગઈ. ભાસ્કર ફરવા જવાની તૈયારી કરતો હતો. તૈયાર થઈ બહાર નીકળતો હતો ત્યાં સુધાએ થોભવાનો ઈશારો કર્યો. ભાસ્કરને નવાઈ લાગી. પણ ઊભો રહી ગયો.

સુધા રસોડામાંથી દૂધીનો રસ લઈ આવી. તેનો પ્યાલો સામે ધર્યો.

"શું છે?" ભાસ્કરે શંકાથી પૂછ્યું.

"દૂધીનો રસ." સુધાએ જવાબ આપ્યો.

ભાસ્કરને યાદ આવ્યું કે ડોક્ટરે તેને રોજ દૂધીનો રસ પીવાની સૂચના આપેલી.

ભાસ્કરને નવાઈ લાગી. પોતે તો ભૂલી ગયો હતો. પણ સુધાએ યાદ રાખ્યું હતું. તેણે હળવાશ અનુભવી. સુધાના હાથમાંથી પ્યાલો લઈ પી ગયો. ભાવ્યો નહીં.

"આવો વિચિત્ર સ્વાદવાળો રસ અપાય?" તેણે ઠપકો આપ્યો.

સુધાએ જવાબ ન આપ્યો.

ભાસ્કર ફરવા ચાલ્યો ગયો.

રાત્રે જમવા બેઠો. જોયું તો તદ્દન સાદો ખોરાક હતો.

"આ શું! રોજનો આહાર ક્યાં?" તે તાડુક્યો.

"તમારી સૂચના મુજબની રસોઈ કરી છે," એક વાક્યમાં સુધા બોલી.

ભાસ્કરને જરા પણ ભાવે તેવી રસોઈ ન હતી, પણ ચૂપચાપ ખાઈ ગયો.

પછી તો આ રોજનું થવા લાગ્યું. સવારે ઊઠે ત્યારે સુધા અમુક રસ ધરે. પછી અમુક પીણું આપે. જમવામાં સાદી રસોઈ જ કરે. નિયમિત રસો આપે.

ભાસ્કરને કશું જ ભાવતું ન હતું. ક્યારેક સુધા પર ગુસ્સો કરતો પણ ખરો. પણ સુધા ચૂપચાપ કશું જ બોલ્યા વગર આપ્યે રાખતી.

અને બહુ જ ધ્યાન રાખવાનું હતું. એટલે સતત સુધા તેના પાસે આવતી. તે કશુંક ભૂલી જતો, તો હળવેથી યાદ પણ અપાવતી.

ભાસ્કર હળવો થઈ ગયો. ડોક્ટરની સૂચના મુજબ જ જીવવાનું શરૂ થઈ ગયું હતું. સુધા બધું જ બરોબર કરતી હતી.

પણ હવે સુધા સતત પાસે રહેતી. સતત સામે રહેવા લાગી. પહેલાં તો દૂર ઓરડામાં જ બેઠી હોય. ભાગ્યેજ સામે આવે. રાત્રે આવે ત્યારે અજવાળું ન હોય. ચોક્કસ હેતુ હોય.

પણ હવે તો સવારથી આખો દિવસ કશુંકને કશુંક કરવાનું હોય. નાસ્તો, ફળોનો રસ, દવા સતત ચાલ્યા જ કરે. તે જ આ બધું સંભાળે. ભાસ્કર અજાણતાં નિશ્ચિત થઈ ગયો હતો. પણ આ જ કારણોસર તે તેને

*આનંદ એવી વસ્તુ છે જે તમારી પાસે નહિ હોવા છતાં તમે ધારો તો બીજાને આપી શકો છો.*

સતત જોયા કરતો. સતત તેના પર નજર પડ્યા કરતી.

હવે તેને ખ્યાલ આવ્યો કે સુધાનો વાન તો ઉજળો હતો. વૃદ્ધ થયા છતાં વાન સારો હતો. ચહેરો પણ નમણો અને ઘાટીલો હતો. તે ચાલતી ત્યારે આકર્ષક લાગતી. તેનો અવાજ પણ મીઠો હતો. તેની આંખો પણ મારકણી હતી. તેની સાડી પહેરવાની સ્ટાઈલ પણ ઠસ્સાદાર હતી. જ્યારે સામે ઊભી રહેતી, ત્યારે અજાણતાં પણ ભાસ્કરની નજર તેના પર થોડી પળો રોકાઈ જતી. સુધા પ્યાલો વધારે નજીક ધરે ત્યારે ચમકીને તે લઈ લેતો.

ક્યારેક કોઈક સુધાને મળવા આવે અને બન્ને વાતો કરે, તો હવે ભાસ્કરનું ધ્યાન જતું. સુધાની વાતો કરવાની રીત પણ સ્વસ્થ હતી. તેની ભાષા પણ સંસ્કારી હતી. હળવેથી બોલતી. સામેની વ્યક્તિ કોઈ દલીલ કરે તો શાંતિથી જવાબ આપતી. દલીલ પણ કરી શકતી. ભાસ્કરને સાંભળી નવાઈ લાગતી કે સુધા તો સરસ દલીલ કરી શકે છે.

તો પોતા સાથે કેમ દલીલ નહીં કરી હોય?

પછી તેને ખ્યાલ આવ્યો કે પોતે તેને બોલાવી જ ક્યારે હતી કે તે દલીલ શું, જવાબ પણ આપે!

ધીમે ધીમે તેને ખ્યાલ આવવા માંડ્યો કે તેણે સુધાને અન્યાય કર્યો હતો. સુધા બરાબર હતી. રૂપાળી હતી. વાન પણ સારો હતો. ભલે ભણેલી ન હતી, પણ સંસ્કારી હતી. ભાષા પણ શુદ્ધ હતી. વ્યવહારમાં પણ કુશળ હતી.

ભાસ્કરને થયું કે તે આખું જીવન સુધા પ્રત્યે પૂર્વગ્રહ રાખીને જ જીવ્યો હતો. તેનું વિચારક મન તેને કોસવા લાગ્યું. અરે, સુધા તેનો કેટલો ખ્યાલ રાખતી હતી અને તેણે તો તેના પ્રત્યે પૂર્વગ્રહ જ રાખ્યો હતો. તેને તેણે એક પળ બોલાવી ન હતી. કેવળ નોકરાણી તરીકે જ જોઈ હતી અને તેનો 'ઉપયોગ' જ કર્યો હતો. છતાં તેણે એક પણ ફરિયાદ કરી ન હતી. ચૂપચાપ જીવી હતી. બાળકોને પણ તેણે જ સરસ રીતે ઉછેર્યા હતાં. અને આજે પણ તેનું કેટલું ધ્યાન રાખતી હતી. એક પણ બાબત ભૂલતી ન હતી. ડોક્ટરે જે પણ સૂચનાઓ આપી હતી, તેમાંની ઘણી ભાસ્કર ભૂલી જતો હતો, પણ સુધા એક પળ પણ ભૂલતી ન હતી. અને સાદો આહાર પણ કેટલી સરસ રીતે તૈયાર કરી આપતી કે ભાસ્કરને સ્વાદ ગમતો. બધું જ નિયમિત રીતે આપતી. પળેપળ દૂર રહી ધ્યાન રાખતી હતી. એક પળ પણ બેદરકાર રહેતી ન હતી.

અને પોતે? આખું જીવન તેના પ્રત્યે બેદરકાર રહ્યો હતો. એક પળ પણ પ્રેમ આપ્યો ન હતો. સતત હડસેલી જ હતી.

ભાસ્કર અસ્વસ્થ થઈ જતો હતો.

છેવટે એક દિવસ તેનો અંતરાત્મા અકળાઈ ગયો. સાંજે સુધા દૂધીનો રસ લઈ આવી, ત્યારે તેણે તેનો હાથ પકડી લીધો.

સુધા તો ગભરાઈ અને સંકોચાઈ ગઈ. તેને ડર લાગ્યો કે તેની કોઈ ભૂલ થઈ ગઈ હતી.

તે ડરતી બોલી, "મારી કોઈ ભૂલ થઈ ગઈ?"

ભાસ્કરે તેનો હાથ ખેંચી તેને પાસે બેસાડી.

તે બોલ્યો, "સુધા, તારી માફી માગવી છે."

સુધા તો તેના સામે જોઈ રહી. તે બોલી, "માફી તો મારે માગવાની હોય. તમારું બરાબર ધ્યાન રાખી શકતી નથી."

"મારે પણ એ જ માફી માગવાની છે. તું તો 'બરાબર' શબ્દ વાપરે છે. મેં તો તારું જરા પણ ધ્યાન રાખ્યું નથી."

સુધા ચૂપ રહી.

"સુધા, તું જે મારું ધ્યાન રાખે છે, તે મને શરમિંદો કરે છે. હું તદ્દન નાલાયક પતિ સાબિત થયો છું, છતાં તું મારું ધ્યાન રાખે છે. મને માફ કર."

સુધા બોલી, "પણ મારામાં તમારી પત્ની થવાની લાયકાત જ ન હતી. તેથી તમે સાચા હતા. હું તો અભણ હતી."

"ના સુધા, અભણ તો હું રહ્યો. તને ઓળખી ન શક્યો. હું કદાચ વિદ્વાન હોઈશ, પણ મનુષ્યત્વ મારામાં ન હતું. હું પ્રેમ વિશે વાંચતો જ રહ્યો, પણ તું તો મૂંગો પ્રેમ કરતી જ રહી. તું જ સાચી વિદ્વાન છે."

સુધાએ સ્મિત કર્યું.

ભાસ્કરે તેનો હાથ દબાવ્યો. બોલ્યો, "સુધા, બાકીની જિંદગી સુધરવા પ્રયાસ કરીશ."

છ માસ વીતી ગયા.

ભાસ્કર ફરી ડોક્ટરને બતાવવા ગયો.

ડોક્ટરે તેને ફરી બરાબર ચેક કર્યો. ફરી ઈ.સી.જી. કાઢ્યો.

પછી બોલ્યા, "ભાસ્કરભાઈ, વાહ! તમારો ઈ.સી.જી. તો આ વખતે બહુ સરસ આવ્યો. નાડીના ધબકારા પણ નોર્મલ થઈ ગયા છે. અને હા, તમારી તબિયત પણ બહુ સારી થઈ ગઈ છે. તમારા ચહેરા પર પણ જબરી તાજગી આવી ગઈ છે. તમે બધી જ સૂચનાઓનું કડક રીતે પાલન કર્યું છે. મને ખાતરી છે કે તમારો બ્લોકેજ દૂર થઈ જ ગયો છે."

ભાસ્કરે હસીને જવાબ આપ્યો, "ડૉક્ટર, મને લાગે છે કે મારા હૃદયના બધા જ બ્લોકેજ દૂર થઈ ગયા છે."

*ન્યુ મિન્ટ રોડ,*
*ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

પ્રજાતંત્ર

# અનધિકૃત બાંધકામો નિયમિત કરવામાં તંત્ર જ ઉદાસીન

• શશીકાંત ઠક્કર •

## ભુજ હોય કે અમદાવાદ, અધિકારીઓની માનસિકતા બધે જ સરખી!

ગુજરાત સરકારે શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારોમાં થયેલા અનધિકૃત બાંધકામને નિયમિત કરવા માટે સન ૨૦૧૧-૧૨ માં ખાસ કાયદો પસાર કરી તે માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૧૯-૮-૨૦૧૩ નક્કી કરી હતી અને તા. ૨૮-૩-૨૦૧૧ પહેલાંના બાંધકામો આ કાયદા હેઠળ ઈમ્પેક્ટ ફી લઈને નિયમિત કરવાની જોગવાઈ કરી છે.

આ જોગવાઈનો લાભ લેવા માટે અરજી કરવા લોકોમાં જાગૃતિ લાવવા દશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા સતત જાહેરાત કરવામાં આવતી હતી. પરંતુ ત્યારબાદ આવેલી અરજીઓનો સમયસર નિકાલ કરવામાં સત્તામંડળના વહીવટી તંત્રે પોતે જ જરૂરી જાગૃતિ બતાવી નથી તેવું ચિત્ર ઊપસ્યું છે. તા. ૨-૧-૨૦૧૫ ના માધ્યમો દ્વારા ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા અરજદારોને ધોરણસર ધમકી આપવાના સમાચારો "ઈમ્પેક્ટ ફી મુદ્દે 'ભાડા'ની લાલઆંખ" એ મથાળા હેઠળ પ્રસિદ્ધ કરાવવામાં આવ્યા છે અને એવી છાપ ઊભી કરવાનો પ્રયત્ન કરાયો છે કે જાણે લોકોને પોતાનાં બાંધકામો નિયમિત કરાવવામાં રસ નથી અને તેથી અરજીની અધૂરાશોની પૂર્તતા કરવામાં આવતી નથી.

વાસ્તવમાં 'ભાડા' દ્વારા અરજદારો પાસેથી બિનજરૂરી આધારો અને દસ્તાવેજો ફરી ફરી માગવામાં આવતા રહે છે. તેના પરિણામે અરજદારો ત્રસ્ત બને છે, તે બાબત ભાડાના પદાધિકારીઓ અને સત્તા પક્ષના પદાધિકારીઓ પણ નજરઅંદાજ કરી રહ્યા છે. સૌ પ્રથમ સવાલ તો એ છે કે જેમણે સન ૧૯૧૨માં સમયસર અરજીઓ રજૂ કરી હતી, તેમને તેમની અધૂરાશોની જાણ કેટલા સમય પછી કરવામાં આવી તેની તપાસ થવી જરૂરી છે. અને આવી જણાવાયેલી અધૂરાશો ખરેખર હતી કે કેમ તે બીજો પ્રશ્ન છે. પૂર્તતા કર્યા પછી કેટલા સમયે તે અંગે નિર્ણય કરવામાં આવ્યો તે ત્રીજો પ્રશ્ન છે. તત્કાળ મંજૂરી યોજનામાં પણ ભ્રષ્ટાચાર મહત્ત્વનો ભાગ ન ભજવે તે જોવું જરૂરી બનશે.

છેલ્લી માહિતી મુજબ ભુજમાં લગભગ ૪૬૦ જેટલી અરજીઓ થઈ છે. જેમાંથી અત્યાર સુધીના બે વર્ષના સમયગાળામાં માત્ર ૧૦૦ જેટલી એટલે કે ૨૧ ટકા જેટલી અરજીઓનો જ નિકાલ થયો છે. તે બતાવે છે કે અરજીઓના નિકાલમાં ભાડા તંત્ર કેટલું સુસ્ત છે? તાજેતરમાં બહાર આવેલા સમાચારો મુજબ રાપરના ધારાસભ્ય અને સત્તાપક્ષના જિલ્લા પ્રમુખ પંકજભાઈએ અંગત રસ લઈને રાપર વિસ્તાર વિકાસ સત્તામંડળમાં આવી અરજીઓના મોટાભાગનો નિકાલ કરાવ્યો છે જેનો આંકડો ૨૯૧ જેટલો જાહેર થયો છે. રાપર કરતાં ભુજના અરજદારો વિશેષ જાગૃત અને સાક્ષર હોવા છતાં ભુજમાં નિકાલની ગતિ મંદ શા માટે છે તેના કારણોનું સંશોધન જવાબદાર પદાધિકારીઓએ કરવું જરૂરી છે. ભુજના ધારાસભ્ય અને ભાડાના ચેરમેન આ બાબતમાં કેમ સક્રિયતા બતાવી શકતા નથી તે મહત્ત્વનો પ્રશ્ન છે.

જે મકાન માલિકોએ મકાનો બનાવતાં પહેલાં ભાડાની વિકાસ પરવાનગી મેળવી છે તેમણે તો તે સમયે જ તેમના ટાઈટલના આધારો, રેવન્યૂ રેકર્ડ, વિસ્તૃત બાંધકામ નકશા, બિનખેતી હુકમ અને લેઆઉટની નકલ વગેરે દસ્તાવેજો રજૂ કરેલા હોય છે જ અને ત્યારે જ ભાડા દ્વારા પરવાનગી અપાઈ હોય છે. આ પરવાનગીથી જુદી રીતે જે બાંધકામ થયેલું હોય તે નિયમિત કરવા માટે માત્ર મેળવેલી પરવાનગીની નકલ, પરવાનગીનો નકશો, જે ફેરફાર થયો હોય તે બતાવતો નકશો અને તા. ૨૮-૩-૨૦૧૧ પહેલાં મિલકતના કબજાનો આધાર તથા ફોટા એટલી વિગતો રજૂ થાય તે પર્યાપ્ત બને. આમ છતાં પ્રથમથી રજૂ થયેલા બધા આધારો સાથે સમગ્ર રેકર્ડ ફરીથી રજૂ કરવા અરજદારને ફરજ પડાય છે તે રાજ્યના વહીવટી સરળતા લાવવાના આયોજનથી વિરુધ્ધ છે તે નિઃશંક છે. અરજદારોએ પૂર્તતા કરીને યોગ્ય આધારો રજૂ કર્યા પછી પણ ફાઈલમાંથી આધારો આડાઅવળા કરી નખાય છે, અગર ફાઈલમાં બંધાતા જ નથી તેવા બનાવો પણ બહાર આવે છે.

**આમ ભાડાના વહીવટી તંત્રની બિનકાર્યક્ષમ કામગીરી અને આપખુદી પણ તપાસ માગી લે છે તેમ કહેવું અસ્થાને નથી.**

કચ્છમાં ધરતીકંપ આવ્યા પછી જે કાર્યવાહી થઈ રહી છે તેમાં પણ ઘણા પ્રશ્નો લોકોને પીડા આપે છે. કચ્છમાં રાજાશાહી સમયમાં અઘાટ ટકાની લાગત હોવાથી મોટાભાગના વ્યવહારો વટાંતર દસ્તાવેજોથી થતા હતા. ભુજની મોટાભાગની મિલકતો વટાંતર ગીરાના કબજાવાળી છે. જે મિલકતો ભાડાને સરન્ડર કરાઈ અને બદલામાં બહારી વિસ્તારમાં પ્લોટ મળ્યા, તેમને આ પ્લોટ સુવાંગ માલિકી હક્કે અપાયા. પણ જેઓ પોતાની મૂળ મિલકતમાં રહ્યા તેમને કમી તરીકે ગણવામાં આવે છે. (ભાડા સરન્ડર કરાયેલી મિલકતો કમી તરીકે ગણવામાં આવે છે?) આવા કબજા ગીરોમાં ગીરો રાખનારાઓ વર્ષોથી યા તો અવસાન પામ્યા છે, યા તો તેઓ મળી શકે તેમ નથી. અન્યથા પણ લિમિટેશન કાયદાની કલમ ૨૭ મુજબ લિમિટેશન સમય પૂરો થતાં મિલકતમાં હક્ક નષ્ટ થઈ જાય છે. આમ છતાં તેનો અમલ કરાતો નથી. એટલુંજ નહીં પણ શરૂઆતમાં આવી મિલકતોમાં નવેસર બાંધકામ કરવા ભાડાએ પરવાનગીઓ પણ આપી છે. પરંતુ હવે આવી પરવાનગીઓનો ઈન્કાર કરાય છે. વટાંતર કબજાગીરો વ્યવહારમાં ગીરો રાખનારને બાંધકામ કરવાના સુધારા કરવાના અને ખરાઈ કરવાના બધા અધિકારો હોય છે તેમ છતાં તેમને ધરતીકંપમાં નુકસાન પામેલી મિલકતનું ફેરબાંધકામ કરવાની પરવાનગીનો ઈન્કાર કરાય તે ભાડાના આપખુદ વહીવટનો નમૂનો છે તેમ કહેવું ભાગ્યે જ અસ્થાને ગણાય.

*'જલિયાણ',*
*જૂના બસ સ્ટેન્ડની બાજુની ગલી,*
*જૂના વાસ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧*

તંદુરસ્તી

# અનિદ્રા (Insomnia) – (૨)

● ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) ●

**(માસ જાન્યુઆરી, ૨૦૧૫ ના અંકથી ચાલુ)**

અનિદ્રાના આગળના લેખમાં આપણે જાણ્યું કે અનિદ્રા કે ઊંઘ ન આવવી એ એક સામાન્ય ફરિયાદ છે

અમેરિકન સાઈકિયાટ્રીક એસોસિએશને તાજેતરમાં ૨૦૧૩ માં મનના રોગો વિષેનું બહાર પાડેલ પુસ્તક ડી.એસ.એમ.-૫ (D.S.M.-5) માં અનિદ્રાના નિદાન માટે નીચેના મુદ્દાઓ વર્ણવ્યા છે.

૧. શરૂઆતમાં ઊંઘ આવવામાં તકલીફ થાય, ઊંઘ મોડેથી આવે (Early night insomnia)

૨. શરૂઆતમાં ઊંઘ આવે પણ વચ્ચે ઊંઘ ઊડી જાય, અને પછી ઊંઘ ન આવે અથવા પરોઢિયે ઊંઘ આવે (Middle night insomnia)

૩. પરોઢિયે ઊંઘ વહેલી ઊડી જાય અને પછી ઊંઘ ન આવે (Early morning insomnia)

ઊંઘ આવવા માટેની બધી સગવડો હોવા છતાં અઠવાડિયામાં ત્રણ રાત્રે ઉપરોક્ત તકલીફમાંથી એક અથવા વધારે તકલીફ થાય તથા આ તકલીફ ઓછામાં ઓછી ત્રણ મહિના રહે તો અનિદ્રાની તકલીફનું નિદાન થાય.

## ● અનિદ્રા બીમારીનું લક્ષણ :

જેમ તાવ આવવો એ બીમારીનું લક્ષણ છે બીમારીનું નિદાન નથી, તેવી જ રીતે અનિદ્રા પણ બીમારીનું લક્ષણ છે બીમારીનું નિદાન નથી.

મેલેરિયાના તાવમાં, ટી.બી.ના તાવમાં, ન્યુમોનિયાના તાવમાં, પેશાબમાં રસી થઈ હોય એ તાવમાં આ બધામાં સારવાર અલગ અલગ થાય છે. નિદાન પ્રમાણે સારવાર થાય છે. તેવી જ રીતે અલગ અલગ અનિદ્રાના કેસોમાં સારવાર અલગ અલગ રીતે થાય છે.

## ● અનિદ્રાના કારણો :

અનિદ્રાના લક્ષણનું બે વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

(૧) પ્રાથમિક (Primary)

(૨) દ્વિતીય (Secondary)

જેમાં અનિદ્રા અન્ય બીમારીનું એક લક્ષણ હોય છે. અન્ય લક્ષણો પરથી મૂળ બીમારીનું નિદાન કરાય છે. સારવાર મૂળ બીમારી પ્રમાણે કરાય છે. અનિદ્રા માટે અલગથી સારવાર કરવાની જરૂર નથી.

અનિદ્રાની ફરિયાદ કરનાર દર્દીમાં નીચે વર્ણવેલી બીમારી છે કે નહીં એ તપાસ કરવી જરૂરી છે.

***(અ) હતાશાની બીમારી :*** હતાશાની બીમારીમાં અનિદ્રા એક સામાન્ય ફરિયાદ છે. દર્દીના શરીરમાં સરકેડીયન રીધમમાં (Circadian Rhythm) તકલીફ થવાથી અનિદ્રાનું લક્ષણ જોવા મળે છે. હતાશાની બીમારીની સારવાર કરવાથી સરકેડીયન રીધમ નોર્મલ થવાથી પૂર્વવત દર્દીને ઊંઘ આવવા લાગે છે. અનિદ્રા માટે અલગથી સારવાર કરવાની જરૂર નથી. (કેસ સ્ટડી - નીતિનનો કેસ)

***(બ) એન્ક્ઝાયટી ડિસઓર્ડર :*** અકારણ ખોટી ચિંતા થાય. ઊંઘ આવશે કે નહીં એની આગળથી ખોટી ચિંતા થયા કરે. અન્ય લક્ષણો પરથી આ બીમારીનું નિદાન થાય છે. દર્દીનો સ્વભાવ નિદાન માટે મહત્ત્વનું પરિબળ છે.

***(ક) માનસિક ચિંતા :*** બીજા દિવસના કામની ચિંતા, ઓફિસે સમયસર પહોંચવાની ચિંતા, બહારગામ જવા માટે વિમાન - ટ્રેન પકડવાની ચિંતા, તાજેતરમાં બનેલા નકારાત્મક પ્રસંગોની અતિ લાગણીશીલ દર્દી પર નકારાત્મક અસર થાય છે તથા શારીરિક લક્ષણો તથા મનના લક્ષણો જોવા મળે છે.

***(ડ) અયોગ્ય સુવાની ટેવો :*** અનિયમિત સુવાનો સમય, રાત્રે મોડે સુધી જાગવાનું, રાત્રે મોડે સુધી ટીવી જોવાનું, મગજ - મન ઉત્તેજિત થાય એવી પ્રવૃત્તિ સુતી વખતે થાય, કેફીન યુક્ત પીણાઓનું (ચા, કોફી, કોલા) સેવન કરવાનું ખાસ કરીને સુતી વખતે – ઉપરોક્ત કારણોને લીધે ઊંઘ આવવામાં તકલીફ થાય છે.

***(ઈ) વાતાવરણ :*** સુતી વખતે ઘોંઘાટ થતો હોય, વધારે પડતો પ્રકાશ/અજવાળું હોય (ઘરમાં એક વ્યક્તિને સુવું છે જ્યારે બીજી વ્યક્તિ ટીવી જુએ છે, લાઈટ ચાલુ રાખે છે વગેરે) સુવાની જગ્યા બદલાઈ જાય, પથારી બદલાઈ જાય, ચાદર બદલાઈ જાય તો પણ ઊંઘ આવવામાં ખલેલ પહોંચે છે.

neelam STEEL CENTRE
G-75, Sarvoday Nagar,
1st Panjrapole Lane, C.P. Tank,
Mumbai-400 004.
Tel. : 022-2242 0227 / 7128, 32428386
E-mail : neelamsteel@yahoo.com

***(ફ) શારીરિક બીમારીઓ :***

**(૧) ફેફસાની બીમારીઓ** : દમની બીમારી, સી.ઓ.પી.ડી. - ફેફસાની બીમારીઓ જેમાં શ્વાસ લેવાની તકલીફ હોય, પુરતો ઓક્સિજન ફેફસામાં પહોંચતો ન હોય, જેથી શરીરમાં ઓક્સિજન ઓછું થઈ જાય અને મગજ પર અસર થાય.

(૨) હૃદયની બીમારીઓ

(૩) શારીરિક દુઃખાવો : કમરનો દુઃખાવો, આર્થરાઈટીસ, હાડકામાં દુખાવો

(૪) મગજની બીમારીઓ જેમાં ઊંઘની પ્રક્રિયા બદલાઈ જાય છે. (reversal of sleep cycle)

(૫) ઊંઘ આવતી વખતે પગમાં હલનચલન (restless leg syndrome)

(૬) સ્લીપ એપનીયા (Sleep apnoea)

***(જી) અલગ અલગ પાળીમાં (Shift) કામ કરવાનું :*** અલગ અલગ પાળીમાં કામ કરનાર વ્યક્તિને અનિદ્રા થવાની શક્યતા વધારે છે. ત્રણેય પાળીમાં કે બે પાળીમાં કામ કરનાર વ્યક્તિના શરીરમાં સરકેડિયન રીધમ (Circadian rhythm) નિયમિત પ્રમાણે કામ કરી શકતી નથી. આથી ઊંઘની પ્રક્રિયામાં (sleep cycle) ગરબડ થાય છે અને ઊંઘમાં ખલેલ પહોંચે છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વારંવાર મુસાફરી કરનાર વ્યક્તિને જેટ લેગનો અનુભવ થાય છે. જેનાથી ઊંઘમાં ખલેલ પહોંચે છે.

- **નિદાન :**

નીચેના પ્રશ્નોના ઉત્તરો આપો :

*શું તમને –*

(૧) રાત્રે ઊંઘ મોડેથી આવે છે?

(૨) ઊંઘ રાત્રે વચ્ચે ઊડી જાય છે અને પછી ઊંઘ આવતી નથી?

(૩) શું પથારીમાં આળોટ્યા કરો છે? પાસા ફેરવ્યા કરો છો?

(૪) સૂવા જતી વખતે ઊંઘ આવશે કે નહીં એવી ચિંતા સતત રહ્યા કરે છે?

(૫) ઊંઘ પૂરી કર્યા બાદ સવારના તાજગી, સ્ફુર્તિ લાગતી નથી?

ઉપરોક્ત પ્રશ્નોમાંથી એક પણ પ્રશ્નનો ઉત્તર "હા" માં હોય તો તમને અનિદ્રાની તકલીફ છે.

યોગ્ય નિદાન માટે અનિદ્રા જોડેના અન્ય લક્ષણોની (શારીરિક તથા મનના) જાણકારી મેળવવી જરૂરી છે. શારીરિક તપાસ (Physical Examination) સાથે મનની તપાસ (Mental status Examination) કરવી અગત્યની છે. જરૂરત પ્રમાણે લેબોરેટરી તપાસ તથા સાઈકોલોજિકલ તપાસ જરૂરી છે. આથી યોગ્ય નિદાન થઈ શકે તથા યોગ્ય સારવાર કરી શકાય.

અયોગ્ય સુવાની ટેવને કારણે અનિદ્રાની તકલીફ થનાર કેસ નીચે વર્ણવેલ છે.

ફેમિલી ડોક્ટરે ૪૨ વર્ષના પરેશને (નામ બદલ્યું છે) કન્સલ્ટેશન માટે મોકલ્યો હતો. ત્રણ - ચાર વર્ષથી પરેશને અનિદ્રાની તકલીફ હતી. ઊંઘ મોડેથી આવતી હતી. સવારના મોડેથી (દસેક વાગ્યા પછી) ઉઠાતું હતું. બધું કામ મોડેથી થતું હતું. કામ પર પણ મોડું થતું હતું. ફેમિલી ડોક્ટરે ઊંઘની દવા આપી હતી. શરૂઆતમાં દવાથી ફરક પડ્યો હતો. પરંતુ ધીમે ધીમે અસર ઓછી થઈ હતી.

શારીરિક તપાસ તથા લેબોરેટરી તપાસ પરેશના કિસ્સામાં નોર્મલ હતી.

ઊંઘવાની ટેવ (Sleep hygiene) વિષે ઊંડાણમાં તપાસ કરી. રાતના જમ્યા પછી પરેશ મિત્રોને મળવા જતો હતો. રાતના બારેક વાગે ઘરે આવતો હતો. પછીથી એકાદ કલાક ટી.વી. જોતો હતો. ત્યારબાદ સુવા જતો હતો. ઊંઘ ત્યારબાદ મોડેથી આવતી અને સવારના દસેક વાગે ઊંઘ ઉડતી.

સારવારમાં ઊંઘ માટેની ટેવ (Sleep hygiene) વિષેની માહિતી આપી. રાત્રે મિત્રોને મળી ૧૧.૦૦ વાગે ઘરે આવી સૂવાનો પ્રયત્ન કરવાની સલાહ આપી. રાત્રે ટીવી જોવાનું બંધ કર્યું. સવારના સાતેક વાગે ઊઠી મોર્નિંગ વોક કરવા જણાવ્યું. રાત્રે ગમે તેટલા વાગે ઊંઘ આવી હોય સવારના એ જ સમયે (૭.૦૦ આસપાસ) ઉઠવા વિષેનું મહત્ત્વ સમજાવ્યું.

પરેશે સાથ સહકાર આપ્યો. ધીમે ધીમે ફરક પડવા માંડ્યો. ઊંઘ નોર્મલ થઈ. ઊંઘ માટેની દવા બંધ થઈ ગઈ.

બે વર્ષ બાદ પણ પરેશ નોર્મલ છે. ઊંઘ માટેની ટેવમાં સુધારો થયેલ છે.

હવે પછીના લેખમાં અનિદ્રાની સારવાર વિષે માહિતી મેળવશું.

*(ક્રમશઃ)*

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા',*
*એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ*
*રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

**સ્માર્ટ શાયરી**

*બદલતી દુનિયા કા ઐસા અસર હોને લગા...*
*આદમી પાગલ ઔર ફોન 'સ્માર્ટ' હોને લગા...!*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

E-mail : kaykay_industries@yahoo.com

# સ્વાઈન (એચ-૧ એન-૧) ફ્લુ

● તબીબી સેવા સમિતિ ●

ઈન્ફલુએન્ઝાનું ટૂંકું નામ ફ્લુ છે. એચ-૧ એન-૧ ફ્લુ જેને લોકો સ્વાઈન ફ્લુથી વધુ ઓળખતા હોય છે, તે વાઈરસથી થતા શ્વસનતંત્રનો રોગ છે અને તે ખૂબ ઝડપથી ફેલાઈ શકે છે.

- **સામાન્ય રીતે સ્વાઈન ફ્લુના લક્ષણો નીચે મુજબ હોય છે :**

★ તાવ ★ ખાંસી ★ ગળામાં દુઃખાવો (સોર થ્રોટ) ઉપરાંત ★ ઘણાનું શરીર તૂટવું ★ માથાનો દુઃખાવો ★ ઠંડી અથવા ધ્રુજારીની અસર ★ શરીરમાં નબળાઈ લાગવી વગેરે પણ થઈ શકે છે અને કોઈ કિસ્સામાં ઝાડા ઉલટી પણ થઈ શકે છે. વધારે સમસ્યા હોતાં ગળફામાં લોહી, નખ બ્લ્યુ કલરના થઈ શકે છે.

ફ્લુની અસર વધારે થતાં શ્વાસની તકલીફ અથવા ફેફસામાં કોઈ પ્રકારે સમસ્યા થઈ શકે છે.

- **સ્વાઈન ફ્લુની અસર ગંભીર કેટલી?**

આ પ્રકારના ફ્લુની અસર કોઈપણ માત્રામાં થઈ શકે છે. આ ફ્લુ પીડિત કેટલાક દર્દીઓ એકાદ સપ્તાહમાં સ્વસ્થ થઈ શકે છે જ્યારે અમુક કિસ્સામાં તેની તીવ્ર અસર અથવા પીડિતનું મૃત્યુ પણ થઈ શકે છે.

- **કોને વધારે અસર થઈ શકે છે?**

પાંચ વર્ષના નાના બાળકો, ગર્ભવતી સ્ત્રીઓ, ૬૫ વર્ષથી ઉપરનાં વયસ્કો, અગાઉથી જ હૃદય - ફેફસા - કિડની - નર્વ કન્ડિશનની તકલીફ, અસ્થમા કે ડાયાબિટીસથી પીડાતી હોય અથવા અમુક પ્રકારની દવાઓ લેવાતી હોય તેવી વ્યક્તિઓને સ્વાઈન ફ્લુની અસર ખૂબ ઝડપથી અને વધુ માત્રામાં થઈ શકે છે. ઉપરાંત તેવા દર્દીઓના નજીકથી સંપર્કમાં આવનાર ડૉક્ટર, નર્સ તથા અન્ય પેરા મેડિકલ સ્ટાફને ઈન્ફેક્શન લાગવાની શક્યતા વધારે હોય છે.

- **સ્વાઈન ફ્લુ કેવી રીતે ફેલાય છે?**

આ ફ્લુની વાઈરસવાળી વ્યક્તિ જ્યારે છીંક અથવા ખાંસી ખાય ત્યારે નાક કે મોઢામાંથી ભીનાશવાળા સ્પ્રે (સલાઈવા કે મ્યૂક્સનાં ડ્રોપલેટ્સ) કારણે ફેલાઈ શકે છે. એટલે તેવી વ્યક્તિની નજીક હોઈએ તો તેના વાઈરસ શ્વાસ દ્વારા આપણા શરીરમાં પ્રવેશી શકે છે. આ રીતે ફ્લુ એક વ્યક્તિથી બીજી વ્યક્તિને ખૂબ જલદીથી ફેલાય છે. આ વાઈરસ દરવાજાના નોબ્સ, ટેબલ, ફેન, રમકડાં વગેરે પર પણ થોડો સમય રહી શકે છે. આવી વસ્તુઓને હાથ લગાડ્યા બાદ આપણે આપણાં મોઢા, નાક કે આંખને તે હાથ લગાડીએ તો વાઈરસ આપણા શરીરમાં પ્રવેશ કરી શકે છે. આ ભીનાશ દૂર થઈ જતાં વાઈરસ ઈન્ફેક્શન ફેલાવી શકતું નથી.

- **એચ-૧ એન-૧ની ટ્રીટમેન્ટ કેવી રીતે થાય?**

સ્વાઈન ફ્લુ માટેનો ઈલાજ અને દવા નિષ્ણાત ડોક્ટર પાસેથી તુરત જાણી લેવી જરૂરી હોય છે.

- **એચ-૧ એન-૧ ફ્લુ છે તે કેવી રીતે જાણી શકાય?**


નાક કે ગળામાંથી સ્વાબ (Swab) લઈ તેનું પરીક્ષણ કરાવવાથી વાઈરસની જાણકારી મળી શકે છે. આ પ્રકારના પરીક્ષણ સિવિલ કે વી.એસ. જેવી હોસ્પિટલમાં વધારે પ્રમાણમાં થાય છે.

તેની વધુ અસર થતાં છાતીના એક્સ-રે થી ન્યુમોનિયાના પેચ પણ જોવા મળે છે.

સ્વાઈન ફ્લુ જેવું જોખમ જણાય તો બાજુના સ્ક્રિનિંગ સેન્ટરમાં તુરત જવું અને યોગ્ય ડોક્ટરની સલાહ પ્રમાણે જરૂરી દવા તાત્કાલિક લેવી જોઈએ. નિષ્ણાત ડોક્ટરની જાણ હેઠળ (Oseltamivir) tamiflu નામની દવા ઉપયોગમાં લઈ શકાય છે.

- **સ્વયંને અને તમારા કુટુંબના સભ્યોને સ્વાઈન ફ્લુથી બચાવો :**


સ્વાઈન ફ્લુથી બચવા અને બચાવવા માટે નીચેની બાબતે જરૂરથી ધ્યાન આપશો.



જ્યારે ખાંસી કે છીંક આવે ત્યારે પોતાનું મોઢું અને નાક ડિસ્પોઝેબલ ટીસ્યુથી ઢાંકી શકાય.



સાબુ તથા પાણીથી હાથ નિયમિત રીતે વારંવાર ધોવા.




અગર ફ્લુ જેવા કોઈ લક્ષણ જણાય તો અન્ય લોકોથી પોતાને ઓછામાં ઓછા એકાદ મીટર જેટલા અંતરે દૂર રહેવું.

*જિંદગી ખેલ છે, હારનારને જીતવાનો મોકો હોય છે.*



કોઈપણ સાથે હસ્તધનૂન કરવાનું અથવા ભેટવાનું ટાળવું.



વપરાયેલા ટીસ્યુને તાત્કાલિક ફેંકી દેવા.



ફલુના થોડા માત્ર લક્ષણ જણાય તો તરત જ નિષ્ણાત ડૉક્ટરનો સંપર્ક કરીને જરૂરી વિગત જણાવવી.



અગર ફ્લુના લક્ષણો હોય તો કાર્યસ્થળ, સ્કૂલ, થિયેટર, જાહેર મેળા, સભા અથવા જ્યાં પણ લોકોની ભીડ હોય તેવા સ્થાનોથી દૂર રહીને ઘેર રહેવું.



પોતાના હાથ સારી રીતે ધોયા બાદ જ આંખ, નાક અથવા મોઢાને અડાડવા.

*તે સિવાય....*

★ પુષ્કળ પ્રમાણમાં પાણી પીવું.

★ ઈમ્યુનિટી વધારવા પોષક આહાર લેવો.

★ પૂરતા પ્રમાણમાં ઊંઘ કરવી.

- **વેક્સિન :**

સ્વાઈન ફ્લુની પ્રતિકારકતા માટે વેક્સિનેશન હોય છે. યોગ્ય વેક્સિન લીધા બાદ તેની અસર ૩ સપ્તાહ બાદ થાય છે. વેક્સિન લીધા બાદ તેના વાઈરસના નવા સ્ટ્રેન્સ (Strains) પણ આવી શકે છે. જેના પર આ વેક્સિન અસર ન પણ કરે.

ઉપરોક્ત સ્થિતિમાં લોકોએ પોતાની રોગ પ્રતિકારક શક્તિ વધારવી ખૂબ જરૂરી બને છે.

- **આયુર્વેદ ઉપચાર :**

સ્વાઈન ફ્લુથી રક્ષણ મેળવવા તેમજ પ્રતિકારક શક્તિ વધારવા આયુર્વેદમાં નીચે પ્રમાણેના ઔષધ વાપરી શકાય :

★ ગોજીવ્હાદિ કવાથ ★ ભારંગ મૂળચૂર્ણ ★ ત્રિકટુ ચૂર્ણ ★ પુષ્કરમૂળ ચૂર્ણ ★ ગુડુચી પાવડર

આ ઔષધનો સરખે ભાગે મિશ્રણ કરી ૧ ચમચી પાવડર પાણીના એક ગ્લાસમાં નાખી ઉકાળવું અને જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ગાળીને સવાર-સાંજ પીવું.

- **હોમિયોપેથી ઉપચાર :**

ઈન્ફ્લુએન્જીનમ્ અને આર્સેનીક આલ્પ નામની દવાઓ રોગ પ્રતિકારક શક્તિ વધારવા ઉપયોગી બને છે. નિષ્ણાત ડૉક્ટરની સલાહ મુજબ તેની માત્રા લઈ શકાય.

- દવાઓ વિવિધ હોસ્પિટલો અને રીટેઈલ દુકાનો ઉપર ઉપલબ્ધ હોય છે. તેની વિગત અહીં મળશે : www.mohfw.nic.in
- અગર આ સંબંધી વિશેષ માહિતી જોઈતી હોય તો ફોન કરો : (૦૧૧) ૨૩૯૨૧૪૦૧



***સંકલન અને જાહેર હિતાર્થે પ્રકાશિત***
***તબીબી સેવા સમિતિ,***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## હિંસાની વ્યાખ્યા

ગાંધીજીના પ્રથમ કક્ષાના અનુયાયી અને અહિંસાના પૂર્ણ ઉપાસક એવાં હતા શ્રી કિશોરલાલ મશરૂવાળા.

એકવાર ગુજરાત વિદ્યાપીઠની કેટલીક છોકરીઓએ કિશોરલાલને પૂછ્યું કે કેટલાક છોકરાઓ કોઈવાર અમારી મશ્કરી અને છેડતી કરે છે. તો અમારે શું કરવું? અમારે અહિંસક રીતે તેઓનો સામનો કેવી રીતે કરવો?

કિશોરલાલે જવાબમાં તે છોકરીઓને કહ્યું “તમારા પગમાં ચંપલ તો હોય છે ને? તે કાઢીને ફટકારો.”

છોકરીઓને નવાઈ લાગી. તેમણે કહ્યું કે, “આ તો હિંસા કહેવાય, અમારે તો અહિંસક ઉપાય જાણવો છે.”

કિશોરલાલે કહ્યું કે, “તમને શંકા છે તો જઈને બાપુને પૂછો.”

છોકરીઓ બાપુ પાસે ગઈ અને બધી વાત કરી. (હવે બાપુનો જવાબ બરાબર સાંભળો.)

બાપુએ છોકરીઓને કહ્યું “બસ! કિશોરલાલે તમને આટલું જ બતાવ્યું? હું તો કહું છું કે કોઈ તમારા પર બળાત્કાર કરવાની કોશિષ કરે અને જો તમારી પાસે છરી હોય તો તે ભોંકી દો. એને હું તમારા માટે અહિંસા જ કહીશ.”

***‘ગાંધીજીનો અક્ષરદેહ’માંથી***

*મિત્રો, હિંસા હોય કે અહિંસા સારાસારનો વિવેક જરૂરી છે. પાપ નહીં લાગે.* ■

જીવન ચરિત્ર

# લોકોનો ઉત્કર્ષ સાધનાર : મૂકસેવક રવિશંકર મહારાજ

• કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર •

રવિશંકર શિવરામ વ્યાસ. આ નામ અપરિચિત જેવું લાગે અને વાતેય સાચી. કારણ આ નામધારી વ્યક્તિએ લોકહૃદય અને લોકમાનસમાં મૂકસેવક મહારાજના નામે સ્થાન અંકિત કરેલું! ગુજરાતના ગાંધી તરીકે દેશભરમાં પ્રસિદ્ધ થયેલ રવિશંકર મહારાજના વરદ કરકમળોથી ૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની સ્થાપના થયેલી. સાબરમતી આશ્રમમાં આ પરમ લોકસેવકના હસ્તે નૂતન ગુજરાત રાજયનું ઉદઘાટન થયેલું અને રાજયના પ્રથમ મુખ્યમંત્રી તથા મંત્રીમંડળે મહારાજના સાનિધ્યમાં શપથ ગ્રહણ કર્યા હતા. ઉપરાંત ગુજરાતમાં પંચાયતી રાજનું ઉદઘાટન પણ મહારાજે જ કર્યું હતું.

*"ઘસાઈને ઉજળા થઈએ, બીજાને ખપમાં આવીએ..."*

આ મંત્રને ગુજરાતમાં લોકમુખે ગૂંજતો કરનાર તથા આજ મંત્રને પોતાના જીવનમાં ચરિતાર્થ કરનાર મૂકસેવક મહારાજનો જન્મ તા. ૨૫-૨-૧૮૮૪ ના રોજ ખેડા જિલ્લાના માતર તાલુકાના રઢુ ગામે થયેલો. રઢુ તેમનું મોસાળનું ગામ. વતન તો સરસવણી ગામ. ગાંધીયુગમાં થયેલા તેમના જન્મને મહારાજ પોતાનું અહોભાગ્ય લેખાવતા. જો કે સમગ્ર જીવન દરમ્યાન ગાંધીજી સાથે રહેવાનું તો ઘણું ઓછું અને પ્રસંગોપાત જ થયેલું. પરંતુ ગાંધી વિચાર અને ગાંધીમૂલ્યોને તેઓએ પોતાના જીવન વ્યવહારમાં ડગલે અને પગલે આચરી દેખાડ્યો!

જેમણે સમાજના પ્રશ્નો ઉકેલવામાં આજીવન અર્પણ કરેલું. વ્યક્તિ-વ્યક્તિ, વ્યક્તિ-સંસ્થા વચ્ચેના અને કોમ-કોમ વચ્ચેના અટવાયેલા કેટલાય પ્રશ્નો, સમસ્યાઓ મહારાજના સુપ્રયાસોથી સુખરૂપ ઉકેલાયા હતા. મહારાજની પૂરા કદની, બ્રોંઝ ધાતુમાંથી સુપ્રસિદ્ધ શિલ્પી પદ્મશ્રી કાંતિભાઈ પટેલે દાદાની પ્રતિમા તૈયાર કરી છે. મૂઠી ઊંચેરા માનવીની આ પ્રતિમા મહેમદાવાદ સર્કલ ઉપર મૂકાઈ છે.

સમાજ સુધારણાની શરૂઆત મહારાજે પોતાના ઘરેથી જ કરી હતી. પોતાની માતાના મરણ પ્રસંગે તેમણે રડવા કૂટવાનું બંધ રખાવી, આ રિવાજને કાઢી નાખ્યો તથા મરણ પાછળના લૌકિક કારજ કરવાનું પણ બંધ કરાવેલ. ૧૯૨૧માં તિલક સ્વરાજ ફાળામાં પોતાનો ફાળો આપવા માટે મકાન જમીન વેચીને આપવાની ઈચ્છા ધર્મપત્ની સુરજબાને જણાવી. પણ પત્નીની ઈચ્છા ન હોવાથી રવિશંકર મહારાજે માલમિલકત ઉપરનો પોતાનો અધિકાર છોડયો અને ત્યારથી તેઓ કુટુંબના મટીને સારાયે સમાજ અને રાષ્ટ્રના લોકસેવક બની ગયા!

આઝાદ ભારતમાં સરકારે હરિજનોને મંદિર પ્રવેશ માટેનો અધિકાર તો આપ્યો પણ ભાગ્યે જ હરિજનો મંદિરમાં પ્રવેશ કરતા, પ્રવેશ કરવા દેવામાં જ ન આવતો. આવા વાતાવરણમાં મહારાજે ડાકોરના રણછોડરાયના, અમદાવાદમાં સ્વામિનારાયણ મંદિર અને રણછોડરાયજીના મંદિરમાં, દ્વારકામાં દ્વારકાધીશના મંદિરમાં હરિજનોને પ્રવેશ કરાવી હરિના દર્શન કરાવેલ! આ માટે રૂઢિચુસ્તોને પ્રથમ સમજાવટથી અને વાત ન ઉકેલે તો સત્યાગ્રહ-ઉપવાસ દ્વારા હૃદય પરિવર્તન કરાવવામાં મહારાજ સફળ રહ્યા.

આખાય ભારત રાષ્ટ્રમાં વિદેશી વસ્તુઓ તથા સરકારી શિક્ષણના બહિષ્કારનો વંટોળ વાયો હતો. ૧૯૨૦માં અમદાવાદની ગુજરાત રાજકીય પરિષદે સરકારી શાળાઓનો બહિષ્કાર કર્યો. મહારાજે આ પ્રસંગે સુણાવ ગામની ધર્મશાળામાં રાષ્ટ્રીય શાળાનો પ્રારંભ કરેલો. શાળાના પ્રારંભે પટાવાળાથી પ્રિન્સિપાલ સુધીનાં દરેક હોદ્દા અને કાર્ય મહારાજે સંભાળ્યા અને અદા કરેલા!

સેવાના કાર્યોનો પ્રારંભ રવિશંકર દાદાએ ખેડા જિલ્લાથી કર્યો. આ જિલ્લાના વટાદરા, ભાદરણ અને પેટલાદ વિસ્તારના પાટણવાડિયા કોમના ભાઈબહેનોની હાજરી પુરાવવાનું બંધ કરાવ્યું. મહી નદી કાંઠા વિસ્તારમાં વસતા ઠાકોર કોમને દારૂના અનિષ્ટો સમજાવીને દારૂની લડતમાંથી મુક્ત કર્યા. આ માટે દાદાએ પાટણવાડિયા અને ઠાકોર કોમની વચ્ચે જ પાંચેક વર્ષ વસવાટ કર્યો.

આના કારણે રવિશંકર પાટણવાડિયાના ગોર અને મહારાજ તરીકે ઓળખાવા લાગ્યા! અને પછી તો 'મહારાજ' ના સાવ ટૂંકા નામથી લોકહૃદયમાં વસ્યા.

નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ખેડા જિલ્લામાંથી ગોકુળદાસ બાપુની આગેવાની હેઠળ રવિશંકરે ભાગ લીધો હતો. આ સત્યાગ્રહ કરવા બદલ તેમને નાગપુરની જેલમાં સાત માસની સજા થયેલી. આ જેલવાસમાં સજારૂપે પથ્થર ફોડવાનું, જુવાર દળવાનું અને વણાટકામ જેવી સખત પ્રવૃત્તિ કરવાની. આ દરમિયાન સમય મળ્યો ત્યારે 'તિલક ગીતા' 'સાતવળેકરનું શતપથ' તથા

Gala Agencies
EXCLUSIVE SAREES

Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)

*EXCLUSIVE FANCY KOTA*
*EXCLUSIVELY*
*(RETAIL ONLY ON SATURDAY)*

11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

અન્ય ધાર્મિક ગ્રંથોનું વાંચન અને અભ્યાસ કરતા. તો ગાંધીજીની દાંડીયાત્રા વખતે મહેમદાવાદથી વીસ માઈલ દૂર લસુંદ્રાની ખાડીમાં રવિશંકરની આગેવાની હેઠળ પ્રથમ ટુકડી નીકળેલી અને તેમની ધરપકડ તથા બે વર્ષ ત્રણ માસની જેલ સજા થયેલી. દાંડીયાત્રામાં રવિશંકરના પત્ની, બે દીકરા અને દીકરી પણ જોડાયેલ. તેથી તેઓને પણ જેલ સજા થયેલી. આ વખતના નાસિક જેલવાસ દરમિયાન તેમણે ભગવદ્ ગીતાના અગિયાર અધ્યાય કંઠસ્થ કર્યા.

સને ૧૯૪૨ની સ્વાતંત્ર્યની લડત વખતે ગાંધીજી, મહારાજ અને અન્ય આગેવાનોની ધરપકડ કરી સાબરમતી જેલમાં પૂરેલા. આ વખતે 'કરેંગે યા મરેંગે'ની લડતમાં યુવાનોથી જેલ ભરાઈ ગયેલી. જેલમાં નવજુવાનો સાથેના પ્રેમભર્યા વ્યવહારને કારણે મહારાજ સૌના હૃદયમાં સ્થાન પામ્યા! જેલમાં માંદા પડેલ સાથીઓની સારવાર, તેઓને દૂધ, ફળ મળે તેની વ્યવસ્થા કરવાની, અરે તકરાર થઈ હોય તો નિરાકરણ પણ દાદા જ કરતા. આ ઉપરાંત કાંતવાનું, વાંચવાનું અને પ્રવચનો તો ખરા જ!

ખેડા જિલ્લાના મહીકાંઠાના ગામોમાં રેલસંકટ અને તે પછીનું રાહતકાર્ય હોય કે બનાસકાંઠાના ગામડાઓમાં દુષ્કાળ પીડિતોની સેવામાં મહારાજ ખડેપગે હોય. આ વિસ્તારમાં ૪૮ કુવાઓ અને ૫૧ બોરીંગ કરાવી પાણીની સમસ્યા દૂર કરેલી. તેથી રવિશંકર દાદા ઓળખાયા બોરીંગવાળા મહારાજથી! બિહારના દુષ્કાળ પીડિતોની વહારે પણ દાદા દોડી ગયેલા. ભાલ નળકાંઠા વિસ્તારમાં આવેલ રેલસંકટ અને સૌરાષ્ટ્રમાં મચ્છુ ડેમ હોનારત વખતે પણ મહારાજ તેમના સ્વયંસેવકોની ટુકડી સાથે ખડેપગે ઉભા રહેલા!

કલોલમાં ફાટી નીકળેલ કોલેરા વખતે લોકોની અંધશ્રદ્ધા અને અંધવિશ્વાસ દૂર કરી દર્દીઓને દવાખાને પહોંચતા કરવાનું હોય કે વીરમગામમાં ફેલાયેલા કોલેરાના રોગમાં સપડાયેલા દર્દીઓની સેવા કરવામાં રવિશંકર મહારાજ હાજર જ હોય! ૧૯૪૧માં અમદાવાદમાં થયેલ કોમી હુલ્લડ પ્રસંગે સિવિલ હોસ્પિટલમાં ગંધાતા ચાલીસેક મડદા અને શહેરમાં બિનવારસી પડેલા શબનો અગ્નિસંસ્કાર કરેલો. અમદાવાદની અશાંત ભારેલા અગ્નિ જેવી શહેરની સ્થિતિમાં પણ મહારાજ નિર્ભયપણે શહેરમાં ફરીને બિનવારસી પડેલા મડદાનો અગ્નિસંસ્કાર કરેલો!

ગાંધીજીના મીઠા સત્યાગ્રહની દાંડી યાત્રાનું આયોજન અને વ્યવસ્થા મહારાજે સંભાળેલા. ૧૯૩૮ના હરિપુરાના કોંગ્રેસ મહાસભા વખતે કિસાન રસોડાની જવાબદારી મહારાજે ઉઠાવેલી અને ફક્ત છ પૈસામાં દાળભાત અને શાક ભરી, કિસાનોને ધરાઈને ખવડાવતા. માત્ર છ ગુજરાતી ભણેલ દાદાનું આયોજન અને વ્યવસ્થા એવા કે ભલભલાને વિચાર કરતા કરી મુકે! તેથી જ એકવાર સરદાર વલ્લભભાઈ પટેલે કહેલું કે મહારાજ તો એમ.એ. થયેલા છે!

વિનોબાજી પ્રેરિત ભુદાન યજ્ઞમાં પણ મહારાજનું આગવું યોગદાન રહ્યું છે. માત્ર ગુજરાતમાંથી જ નહિ પણ ભારતભરમાંથી ભુદાન માટે લોકોને સમજાવીને સારી એવી જમીન સંપાદિત કરી હતી. ભુદાન અંગે મહારાજ આગવી રીતે સમજાવતા. "કાયદાથી જમીન લેવાશે તો જેની જમીન લીધી હશે તેનો જીવ બળશે અને જેને જમીન મળી હશે તેના પ્રત્યે દ્વેષ થશે. પણ પ્રેમથી સમજીને જમીન આપી હશે તો આપનાર અને લેનાર બેઉ ભેગા થશે અને બેઉની આંખમાંથી એકબીજા માટે નરદમ પ્રેમ વરસતો હશે....." જ્યારે જયપ્રકાશ નારાયણે જીવન દાન અંગેનું આહ્વાન કર્યું ત્યારે વિનોબાજીની સાથોસાથ મહારાજે પણ "ભુદાનયજ્ઞ મુલક ગ્રામોદ્યોગ પ્રધાન અહિંસક ક્રાંતિ" માટે પોતાનું જીવન અર્પણ કરેલું!

અમદાવાદ, ગોધરા, જમશેદપુર, રૂરકેલાના કોમી તોફાનો હોય પણ મહારાજ બધે પહોંચી જતા અને પોતાની આગવી સુઝ, સમજથી શાંતિ સ્થાપવાનું કાર્ય કરતા. ૧૯૪૭માં ખાદી સપ્તાહ ઉજવણી પ્રસંગે ખાદીનું પોટલું ઊંચકીને તેના વેચાણ તથા પ્રચાર માટે પેટલાદ તાલુકામાં ગામેગામ મહારાજ ફરેલા.

સને ૧૯૪૭માં જૈન મુનિ શ્રી સંત બાલજીની પ્રેરણાથી ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘની સ્થાપના રવિશંકર મહારાજના પ્રમુખપદે થયેલ. પછાત ગણાતી પઢારકોમની વસતિના ગામોમાં શિક્ષણ, સંસ્કાર અને સહકારી પ્રવૃત્તિના કામો તથા રેલ, દુષ્કાળ રાહતના કામો વ્યાપક પ્રમાણમાં મહારાજની દેખરેખ હેઠળ થયા.

આખરી શ્વાસ સુધી સમાજની સતત સેવા અને ચિંતા સેવનાર, ગાંધી વિચાર તથા મૂલ્યોને ચરિતાર્થ કરનાર આવા મૂકસેવક મહારાજનું ૧૦૧ વર્ષની વયે તા. ૧-૭-૧૯૮૪ના રોજ અવસાન થયું. મહા શિવરાત્રીના રોજ જન્મેલ રવિશંકર મહારાજનો આત્મા શિવમાં વિલીન થયો!

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. : ૯૬૬૨૮ ૩૩૨૬૮*

☺ *વડાપ્રધાન મોદીજીએ નવાં પરણેલાં યુગલોને વિદેશમાં જઈને હનીમુન મનાવવા ઉપર પ્રતિબંધ મૂક્યો છે.*
*મોદીજીનું કહેવું છે કે, 'મેઈક ઈન ઈન્ડિયા!'*

**ફાર ઈસ્ટ**
**સીંગાપોર ● મલેશિયા ● થાઈલેન્ડ**
All Inclusive Rs. 39,999/- + $ 999
11 Days – 11 Nights • નિયમિત પ્રસ્થાન
**દુબઈ ● આબુધાબી**
All Inclusive Rs. 24,444/- + $ 499
4 Nights – 5 Days • નિયમિત પ્રસ્થાન

**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા**
**મુલુંડ**
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

ઇતિહાસ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૩૭

● સંકલન : પ્રતાપ નારાણજી દંડ ●

- ★ **'સંકલ્પ' દ્વારા તા. ૧૨-૭-૨૦૦૯ના રોજ પાલડી સ્થિત ટાગોર હોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.**
- ★ **ભારતના સ્વાતંત્ર દિન પ્રસંગે તા. ૧૫-૮-૨૦૦૯ના રોજ ધ્વજવંદન સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું.**
- ★ **તા. ૬-૯-૨૦૦૯ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૪૬મો વાર્ષિક સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવેલ.**
- ★ **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૨૨મી સામાન્ય સભાનું આયોજન તા. ૧૩-૯-૨૦૦૯ના રોજ કરવામાં આવેલ.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે કચ્છથી અમદાવાદમાં ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી વિદ્યાર્થિનીઓ માટે અમદાવાદ એસ.જી. હાઈવે સ્થિત સમસ્ત ઝાલાવાડી સઈ સુથાર પરિષદ - અમદાવાદ જિલ્લા શાખાનાં ભવનમાં આવેલ હોસ્ટેલનો ચોથો માળ લીધેલ હતો.

ઉપરોક્ત ગર્લ્સ હોસ્ટેલ શરૂ કરવા માટે ગૃહમાતા સહિત બધી જ સારી રીતે ગોઠવણ કરી દેવામાં આવી. રહેવાના, જમવાનાં તથા કોલેજ આવવા જવા માટે વાહન વ્યવહારનાં ચાર્જિસ નક્કી કરી દેવામાં આવ્યા તથા ગર્લ્સ હોસ્ટેલ ચલાવવા માટે એક સમિતિની નિમણૂક કરી દેવામાં આવી હતી. ગર્લ્સ હોસ્ટેલમાં રહેવા માટેનાં નીતિ નિયમો નક્કી કરી દેવામાં આવ્યા હતા.

વહેલા તે પહેલાના ધોરણે પ્રથમ કચ્છી જૈન વિદ્યાર્થિનીને પ્રવેશ આપવો તથા ત્યારબાદ કોઈપણ કચ્છી વિદ્યાર્થિનીને અને બાકી રહે, તો કોઈપણ જૈન વિદ્યાર્થિનીને પ્રવેશ આપવો તેમ નક્કી કરવામાં આવ્યું હતું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં ટ્રસ્ટ મંડળે વિદ્યાર્થિની દીઠ વાર્ષિક રૂા. ૬,૦૦૦/- કન્સેશન આપવાનું નક્કી કરેલ હતું અને તેના માટે દાનની અપીલ બહાર પાડવામાં આવી હતી. જેને સારો એવો પ્રતિસાદ મળેલ હતો. વિદ્યાર્થિનીની હોસ્ટેલની શરૂઆત તા. ૨૧-૬-૨૦૦૯ નક્કી કરવામાં આવી હતી અને તે પ્રમાણેનાં આમંત્રણ આપી દેવામાં આવ્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત ગર્લ્સ હોસ્ટેલનો ઉદ્‌ઘાટન સમારંભ, તા. ૨૧-૬-૨૦૦૯નાં રોજ સવારના ૧૦.૩૦ વાગે સમસ્ત ઝાલાવાડી સઈ સુથાર પરિષદના હોલમાં યોજવામાં આવ્યો હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, વિવિધ કચ્છી ઘટક સમાજોના આગેવાનો તથા ઝાલાવાડી સમાજના અગ્રણીઓ અને અન્ય મહાનુભાવો આ સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના પ્રમુખપદે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં મે. ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતા હતા. મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી વિજયાબેન શેઠ, અતિથિ વિશેષ તરીકે શ્રી ચીનુભાઈ ચૌહાણ તથા ઉદ્‌ઘાટક તરીકે શ્રી કાંતિલાલ વેલજી સાવલા મંચ ઉપર બિરાજમાન હતા. સાથે સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં હોદ્દેદારો શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર તેમજ અન્ય અગ્રણીઓ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા અને શ્રી હીરજી પાસુભાઈ શાહ પણ મંચ ઉપર ઉપસ્થિત રહેલ હતા.

સમારંભની શરૂઆતમાં ઉપસ્થિત સૌને સમાજનાં મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે આવકારેલ હતા અને ગર્લ્સ હોસ્ટેલ અંગેની વિગતો સમજાવેલ હતી. ત્યારબાદ અતિથિશ્રીઓનું પુષ્પગુચ્છથી બહુમાન કરવામાં આવેલ હતું. ઉપરોક્ત વિધિ બાદ શ્રી કાંતિલાલ વેલજી સાવલાએ ઉપસ્થિત મંચસ્થ મહેમાનશ્રીઓ સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત ગર્લ્સ હોસ્ટેલનું ઉદ્‌ઘાટન કરેલ હતું.

ઉદ્‌ઘાટન બાદ મંચસ્થ વિવિધ મહાનુભાવોએ પ્રવચનો કર્યા હતા. જેમાં હોસ્ટેલની જરૂરિયાત અંગે વિગતો આપેલ હતી તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજની પ્રવૃત્તિઓને બિરદાવેલ હતી. મુખ્ય અતિથિ વિશેષપદેથી બોલતાં 'સારસ્વતમ્' સંસ્થાના અધ્યક્ષ શ્રીમતી વિજયાબેન શેઠે જણાવેલ હતું કે વિવિધ પ્રકારનાં અભ્યાસક્રમો માટે કચ્છમાં જ કોલેજો સ્થાપવી જોઈએ જેથી કચ્છનાં વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થિનીઓએ અમદાવાદ સુધી અભ્યાસ કરવા માટે આવવાની જરૂરત જ ન પડે.

સમારંભના પ્રમુખપદેથી પ્રવચન આપતા શ્રી અશોકભાઈ મહેતાએ ઉપસ્થિત સૌ શ્રોતાગણોને આજના સમારંભમાં ઉપસ્થિત રહેવા બદલ ધન્યવાદ આપ્યા હતા તથા હોસ્ટેલ સ્થાપવા માટેની વિસ્તૃત માહિતી આપેલ હતી. કાર્યક્રમના અંતે સંસ્થાના સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ આભારવિધિ કરી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં સભ્યોનાં

*સંશય મોત છે અને ભરોસો જીવન છે.*

બાળકોની સંસ્થા એટલે 'સંકલ્પ' — શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન દ્વારા ૬ વર્ષનાં વિરામ બાદ સમાજનાં જ બાળકો અને યુવાનો દ્વારા તૈયાર કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૧૨-૭-૨૦૦૯ના રોજ પાલડી સ્થિત ટાગોર હોલમાં યોજવામાં આવ્યો હતો.

બરાબર રાત્રે ૮.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય કરી આ સાંસ્કૃતિક પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. પ્રથમ નવકાર પઠન તેમજ સ્ક્રીન ઉપર ચોવીસ તીર્થંકરના દર્શનનાં ત્રિવેણી સંગમ દ્વારા આ કાર્યક્રમની શરૂઆત થયેલ હતી.

નાના મોટા ૮૮ કલાકારો તથા ૩ કોરિયોગ્રાફરની લગભગ ૨ મહિનાની પ્રેકટિસથી રજૂ થયેલ આ કાર્યક્રમ દીપી ઉઠ્યો હતો. નાના બાળકોના બમબમ બોલે ડાન્સથી શરૂ કરીને ગોલમાલ મમ્મી ડાન્સ, બિલ્લુ બાર્બર, પ્યાર પ્યાર, ફેશન શો વગેરે કાર્યક્રમો ઉપસ્થિત સભ્યોએ માણેલ હતા. કાર્યક્રમ એટલો શાનદાર હતો કે હાજર રહેલા વિવિધ વડીલોએ કલાકારોની કદર રૂપે રૂા. ૫૦૧/- થી કરીને રૂા. ૫,૦૦૧/- સુધીની રકમો ઈનામ તરીકે જાહેર કરી હતી. આ કાર્યક્રમ દરમ્યાન "સંકલ્પ" દ્વારા પ્રકાશિત "બ્લડ ગ્રુપ ડિરેક્ટરી"નું વિમોચન કરવામાં આવ્યું હતું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ બુક છાપવા માટે તથા કાર્યક્રમ માટે રૂા. ૬૫,૦૦૦/-નું યોગદાન 'સંકલ્પ'ને આપેલ. મોડી રાત્રે હર્ષોલ્લાસ સાથે આ કાર્યક્રમ પૂર્ણ થયેલ હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેની પરંપરા અનુસાર તા. ૧૫-૮-૨૦૦૯ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં રાષ્ટ્રના ૬૩મા સ્વાતંત્ર દિવસની ધ્વજવંદનના કાર્યક્રમથી ઉજવણી કરી હતી.

સૌપ્રથમ મુંબઈથી પધારેલા શ્રી શાંતિલાલ હીરજી સાવલાના વરદ્ હસ્તે સવારનાં ૯.૦૦ વાગે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું. આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ, 'સંકલ્પ'ના કાર્યકર્તાઓ, શ્રી કચ્છી મહિલા સમાજની બહેનો તથા સમાજના સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ધ્વજવંદન બાદ શ્રી શાંતિલાલભાઈ સાવલાએ જણાવેલ હતું કે હું ઘણા સમયથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિચયમાં છું તથા તેઓની પ્રવૃત્તિઓથી પણ માહિતગાર છું. અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજના ઘટકો એકજૂટ રહીને સમાજનાં વિકાસની જે પ્રવૃત્તિઓ કરે છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

ધ્વજવંદન બાદ શ્રી કચ્છી જૈન ભવનના બેઝમેન્ટમાં સમાજના સભ્યોને ઉપયોગી થાય તેવો એક ૧૦૦૦ ચોરસ ફૂટનો હોલ બનાવવામાં આવેલ, તેનું ઉદ્ઘાટન કરી તેને વપરાશ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. હોલનું ઉદ્ઘાટન શ્રી વસંતભાઈ બાબુભાઈ નાગડા તથા શ્રી શાંતિલાલભાઈ હીરજી સાવલા દ્વારા સંયુક્તપણે કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન બાદ આ જ હોલમાં ઉપસ્થિત ભાઈ-બહેનોનો એક મિલન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ મિલન સમારંભમાં સંસ્થાના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ પ્રાસંગિક પ્રવચન આપેલ હતું. ત્યારબાદ ચા-નાસ્તાનો લાભ લઈને સૌએ 'સંકલ્પ' દ્વારા આયોજિત રમતગમત સ્પર્ધામાં ભાગ લીધો હતો.

સંકલ્પના કાર્યકર્તાઓએ અલગ અલગ વયજુથના સ્પર્ધકો વચ્ચે વિવિધ પ્રકારની સ્પર્ધાઓ યોજી હતી. સ્પર્ધાના વિજેતાઓને ઈનામો આપવામાં આવેલ હતા. સ્પર્ધાને અંતે સૌએ સાથે મળી ભોજનનો લાભ લીધો હતો અને ૧૫મી ઓગસ્ટના કાર્યક્રમોની પૂર્ણાહુતિ થઈ હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૪૬મો વાર્ષિક સ્નેહ મિલન તા. ૬-૯-૨૦૦૯ના દિવસે સવારના ૧૦ કલાકે ટાગોર હોલ - પાલડી ખાતે યોજવામાં આવેલ હતો. સવારના બરાબર ૧૦ વાગે શ્રી કચ્છી જૈન સેવા સમાજની યુવા સમિતિ દ્વારા યોજવામાં આવેલ સૂર સંગીતનાં કાર્યક્રમથી સમારંભની શરૂઆત કરવામાં આવી હતી. સમાજનાં બાળકો દ્વારા પ્રાર્થના ગીત તથા અન્ય ગુજરાતી ગીતોની રજૂઆત કરવામાં આવી હતી. સૂર સંગીતના કાર્યક્રમ બાદ સમાજના વિદ્યાર્થીઓ અને યુવાઓમાં સુષુપ્ત રહેલ પ્રતિભાઓને એપ્ટિટ્યૂડ ટેસ્ટના માધ્યમથી પિછાણી તેને યોગ્ય દિશા તરફ લઈ જવા માર્ગદર્શન આપતું વક્તવ્ય શ્રી હીરેન શાહ તથા શ્રી વિશાલ શાહ દ્વારા આપવામાં આવેલ હતું.

ત્યારબાદ અતિથિ વિશેષ શ્રીમતી દર્શનાબેન મોમાયા તથા શ્રી વસંતભાઈ બાબુભાઈ નાગડા સાથે સમાજનાં સર્વે હોદ્દેદારો અને પૂર્વપ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા સ્થાપક પ્રમુખ શ્રી હીરજી પાસુભાઈ શાહે મંચ પર આગમન કરેલ હતું. સૌપ્રથમ શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે સામૂહિક ક્ષમાપના કરાવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં મે.ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ ઉપસ્થિત મહેમાનો, મંચ પરનાં અધિકારીશ્રીઓ, બહારગામથી પધારેલા મહેમાનો તથા સભાગૃહમાં ઉપસ્થિત સમાજનાં પરિવારનાં સભ્યોને આવકાર આપેલ તથા ગત વર્ષ દરમ્યાન તેમના પોતાનાથી અથવા તો સમાજનાં ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિ તથા કાર્યરત વિવિધ સમિતિઓનાં સભ્યો દ્વારા જાણતા કે અજાણતા કોઈ ભૂલ થયેલ હોય અથવા સમાજનાં સભ્યોને કોઈ મનદુઃખ થયું હોય તો ખરા અંતઃકરણપૂર્વક ક્ષમા યાચેલ હતી. શ્રી અશોક મહેતાના આવકાર પ્રવચન બાદ અતિથિ વિશેષ શ્રીમતી દર્શનાબેન મોમાયા તથા શ્રી વસંતભાઈ બાબુભાઈ નાગડાનું બુકેથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે ગત વર્ષ દરમ્યાન સમાજમાં થયેલ કાર્યવાહીનો અહેવાલ રજૂ કરેલ હતો.

કંટ્રોલર ઓફ કોમ્યુનિકેશનમાં એકાઉન્ટ્સ તરીકે ગુજરાત

*ખુદનો નહિ, પહેલાં બીજાનો વિચાર થાય ત્યાં સ્વર્ગ!*

રીજિયનના ઈન્ચાર્જ, અતિથિ વિશેષ શ્રીમતી દર્શનાબેન મોમાયાએ જણાવ્યું કે હું ભલે સેન્ટ્રલ ગવર્નમેન્ટનાં કોઈ હોદ્દા ઉપર છું તેમ છતાં હું એક કચ્છી દીકરી છું અને સમાજને જ્યારે પણ મારી સેવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે હું મારી સેવા આપવા તૈયાર છું.

ત્યારબાદ ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ના પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ક્રમાંકે આવનાર વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓનું અભિવાદન શ્રી વસંતભાઈ બાબુભાઈ નાગડાનાં વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું. જેનું સંચાલન શ્રી મનીષ આણંદજી વીરાએ કરેલ હતું. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ક્રમાંકે આવેલ વિદ્યાર્થીઓ / વિદ્યાર્થિનીઓનું અભિવાદન શ્રી નવીન નાનજી પોલડિયાનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે આવેલ વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓનું અભિવાદન શ્રીમતી દર્શનાબેન મોમાયાનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

વિશિષ્ટ વિદ્યાર્થી પ્રતિભાનાં સન્માનની કાર્યવાહી યુવા વિકાસ સમિતિ વતી તેના કન્વીનર શ્રી હીરેન શાહે સંભાળેલ હતી. વિશિષ્ટ વિદ્યાર્થીઓનું અભિવાદન શ્રી મણિલાલ કુંવરજી ગોસરનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. ભરતનાટ્યમ્ માં પારંગત કુ. હેમાંગી પરેશ સંઘવી તેમજ કુ. હીરલ અશોક શાહનું અભિવાદન શ્રી હીરજી પાસુભાઈ શાહનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન ક્ષેત્રે યોગદાન આપનાર શ્રી વિશાલ મહેન્દ્ર શાહનું અભિવાદન શ્રી આણંદજી વેલજી વીરાએ કરેલ હતું. રમતગમત ક્ષેત્રે સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થી સિધ્ધાંત, ભવ્ય તથા વિશ્વરાજનું અભિવાદન શ્રી હસમુખ ગઢેચા દ્વારા કરવામાં આવ્યું હતું.

ઈ-ટી.વી. ગુજરાતી આયોજિત "રસોઈની મહારાણી" સ્પર્ધામાં ગુજરાતની ૫,૦૦૦ ગૃહિણીઓમાંથી પ્રથમ ક્રમાંકે આવનાર શ્રીમતી સુરભિ નીરવ મહેન્દ્ર વસાનું અભિવાદન શ્રીમતી દર્શનાબેન મોમાયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

'મંગલ મંદિર' વર્ષ ૨૦૦૮-૨૦૦૯ના લેખોમાંથી શ્રેષ્ઠ લેખ "વિકાસ સંપન્ન મહાસત્તા બનવાનાં ન્યુક્લિયર યુગમાં ભારતનો મહત્ત્વાકાંક્ષી પ્રવેશ' (ઓક્ટોબર-૨૦૦૮)નાં લેખક શ્રી પ્રવીણચંદ્ર શાહ વતી ઉપસ્થિત તેમના પ્રતિનિધિનું બહુમાન આ સ્પર્ધાના પ્રણેતા શ્રી પોપટલાલ નેણશી ધરોડનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ.

મંગલ મંદિર પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગનાં પ્રથમ ક્રમાંકે આવનાર ત્રણ સ્પર્ધકોનું અભિવાદન શ્રી સૂરજલાલ મહેતાનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને અંતે આભારવિધિ સંસ્થાના સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ કરી હતી. આ કાર્યક્રમમાં સમાજની નિયાણી બહેનોએ તેમના કુટુંબ સાથે, અમદાવાદમાં સ્થપાયેલ કચ્છી જૈન યુથ એસોસિએશનનાં વિદ્યાર્થી સભ્યો તથા સમાજના ત્રણે ભવન પર ઉતરનારા મહેમાનોએ પણ ભાગ લીધેલ. સમાજના મેડિકલ સેન્ટરનાં કેટલાક ડૉક્ટર્સ મહાનુભાવો તથા સમાજનાં વિવિધ સ્તરનાં સ્ટાફના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સૌએ સ્વામિવાત્સલ્ય જમણવારનો લાભ લીધો હતો. ત્યારબાદ સમારંભ પૂર્ણ થયેલ હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૨૨મી સામાન્ય સભા રવિવાર, તા. ૧૩-૯-૨૦૦૯ના રોજ સવારના ૧૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. આ સભામાં કુલ ૨૫૬ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સભાની શરૂઆતમાં સંસ્થાના મે. ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ આવકાર પ્રવચન આપેલ હતું. તેઓએ જણાવેલ હતું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ઉજ્જવળ કારકિર્દી માત્ર અને માત્ર સમાજનાં સભ્યોના સહકારને આભારી છે. સભ્યોનાં સહકારનાં કારણે અનેક લોકો સમાજની વિવિધ પ્રવૃત્તિઓની સમિતિઓમાં જોડાઈને જે નિ:સ્વાર્થભાવે કામ કરી રહેલ છે, તેનાથી આ સમાજની પ્રતિમા ઉજ્જવળ બની શકેલ છે. આવતા દિવસોમાં પણ સમાજનાં વધુ સભ્યો સહકાર આપશે એવી ભાવના તેમણે વ્યક્ત કરેલ હતી.

ગત તા. ૨૦-૭-૨૦૦૮ની વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે વાંચી સંભળાવેલ હતી, જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. ગત વર્ષ દરમ્યાન સમાજની વિવિધ કાર્યકારિણી સમિતિઓએ કરેલ કાર્યવાહીની વિગતવાર માહિતી પણ માનદ્ મંત્રીશ્રીએ સભા સમક્ષ રજૂ કરી હતી.

ત્યારબાદ સંસ્થાના ખજાનચી શ્રી કે.ડી. શાહે વર્ષ ૨૦૦૮-૦૯ના ઑડિટેડ હિસાબો સભા સમક્ષ રજૂ કરેલ હતા. સાથે સાથે તેઓએ શ્રી કચ્છી જૈન ભવન, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ તથા ગીતામંદિર સેવા ભવન અને મેડિકલ સેન્ટરના અલગ અલગ હિસાબો અને નફા નુકસાનની વિગતો રજૂ કરેલ હતી. ઉપરોક્ત હિસાબોને હાજર રહેલા સૌ સભ્યોએ સર્વાનુમતે મંજૂરી આપેલ હતી.

ત્યારબાદ ટ્રસ્ટ મંડળે પાસ કરેલા "બંધારણ સુધારા" અને ચૂંટણી પધ્ધતિના નિયમોમાં સુધારાની વિગતવાર રજૂઆત સંસ્થાના માનદ્ મંત્રીશ્રીએ કરેલ હતી, જેને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

*(ક્રમશઃ)*

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
**જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર**
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

વિચાર વિમર્શ

# દિલનું દર્પણ : રોજનીશીની સાખે – (૨)

• માવજી કે. સાવલા •

**• શુક્રવાર, તા. ૨૮-૫-૧૯૯૩**

નિર્મળને ત્યાં ૯.૦૦ વાગે પહોંચ્યો. નાનાલાલ હજી આવ્યા નહોતા. મેં નિર્મળને પૂછ્યું, "તમે ગણતરીવાળા અનુભવી માણસ છો એટલે મને કહો કે પતિ-પત્નીને નિવૃત્ત થઈ કશી આર્થિક પ્રવૃત્તિ વગર રહેવું હોય અને ઘરનું મકાન હોય તો કેટલી બેઠી આવક જોઈએ?' મારો મુખ્ય મુદ્દો એ હતો કે વધતી મોંઘવારી, વધતો ફુગાવો વગેરેને ધ્યાનમાં લેવા. નિર્મળે કહ્યું કે આવી કોઈ ગણતરી કામ આવશે નહિં.

૯.૪૫ વાગ્યે દુકાને પહોંચ્યો. આજે જાણે કે બધું કામ નિરાંતથી થઈ રહ્યું છે. જાહનવી નથી, પ્રતિમા નથી તો ય કેમ આમ નિરાંત? ઓલો Parkinson's law - જેમાં કામ કરનારાઓની સંખ્યા વધે તેમ કામ પોતે જ વધતું જાય એવો સિદ્ધાંત શું ખરેખર સાચો છે?!

બપોરે દુકાને વહેલો જ પહોંચ્યો. ૩.૩૦ વાગ્યે રમણિક સોમેશ્વર આવ્યા. એમણે એક સારા સમાચાર એ આપ્યા કે મેનેજર (સ્ટેટ બેન્ક) તરીકે વિજય રાઘવન ફરી ગાંધીધામ તરતમાં આવી રહ્યા છે. એમણે જ રમણિકભાઈને Little Prince લઘુનવલ વાંચવા આપેલ અને રમણિકભાઈએ મને વાંચવા આપતાં પાછળથી Crest માટે મેં એનો સારાનુવાદ કરેલો. હવે શ્રી વિજય રાઘવનને પ્રત્યક્ષ મળવાની ઈચ્છા છે. આવી ઈચ્છાઓ શા માટે? શું હજી તૃપ્તિ નથી થઈ? Imitation of Christમાંનું એક સૂત્ર યાદ આવે છે : "બીજાઓને મળવાની કે બીજાઓ તને મળે એવી ઈચ્છા તું કરતો નહીં." ત્રણેક વર્ષ પહેલાં આવી ગયેલ એમના બીજા એક મેનેજર શ્રી એસ.કે શર્માની વાત નીકળી. તેઓ રજનીશ સંન્યાસી. મેનેજમેન્ટની કળાના મર્મજ્ઞ. એમની ચેમ્બરમાં ધીમું સંગીત ચાલતું હોય. સ્ટાફના થોડાક માણસોએ મોડે સુધી ઘણું કામ કર્યું હોય તો કાજુ-બદામ-પીસ્તા મંગાવી ખવડાવે. સંનિષ્ઠ કુશળ કર્મચારીની વાત હેડ ઓફિસ સુધી પહોંચાડે. સ્ટેશનરીની (કાગળ-પેન-ફાઈલ-ફોલ્ડર્સ) પસંદગીમાં સુંદરતા અને Efficiency બંને વાતોનું સૂક્ષ્મ ધ્યાન રાખે. એકવાર મારી દુકાને ધનજીબાપુની વાતો એવી એકાગ્રતાપૂર્વક સતત બે કલાક સાંભળતા રહ્યા જાણે એકે-એક શબ્દ પી રહ્યા હોય અને બે કલાક દરમ્યાન પોતે એક હરફ પણ ઉચ્ચાર્યો નહીં એવા અલ્પભાષી – પોતાનું શાસ્ત્રજ્ઞાન ખૂબ ઊંડું હોવા છતાં.

સાંજે પ્રા. રમેશ બી. શાહ એમના પુત્ર ગૌરાંગ સાથે આવ્યા. સાંપ્રત અર્થકારણના પ્રવાહોની વાતો થતી રહી. એમના અભિપ્રાય અનુસાર કોઈપણ યોજના સરકાર આગળ રજૂ થાય ત્યારે ખર્ચનો એસ્ટીમેટ એટલા માટે નીચો બતાવવામાં આવે કે મંજૂર થઈ જાય. દેખીતી રીતે લાગતા-વળગતા રાજકારણીઓને જશ ખાટવાનો હેતુ હોય. પછી નાણાંના અભાવે કામ ખોરંભે પડતું જાય. અધવચ્ચે અટકી પડી હોય એવી યોજનાઓની સંખ્યા સેંકડોની હોવાનું એમણે જણાવ્યું. જાહેર નાણાંના દુર્વ્યયનો હિસાબ માંડીએ તો એ આંકડો બધી જ કલ્પનાઓને ખોટી પાડે.

ભાષા સજ્જતા બારામાં હું જોઈ રહ્યો છું કે છેલ્લા બે-ત્રણ દાયકા દરમ્યાન ટેકનિકલ શિક્ષણ અને વ્યવસાયલક્ષી શિક્ષણ પર વધારે પડતા ભારને કારણે ભાષા સજ્જતાને ભારે હાનિ પહોંચી છે. આપણે Communication talentsનું મૂલ્ય સમજયા જ નથી, અને ભાષાની સજ્જતાની આવશ્યકતા માત્ર સાહિત્ય કે પત્રકારત્વ ક્ષેત્રે જ છે એ ભ્રમણામાંથી બહાર આવવું પડશે. એવું કયું ક્ષેત્ર છે જ્યાં ભાષાકાળની આવશ્યકતા ન હોય?

માંડવીથી ડો. ધવલ ગાલા બે મિનિટ માટે આવ્યા. મુંબઈના દિનકરભાઈ પારેખે મને ભેટ મોકલેલ બે પુસ્તકો એમણે મને આપ્યાં. એ બે ભેટ પુસ્તકો નીચે મુજબ છે :

(૧) The book of TAO
Translated by FRANK J. MACHOVEC,
Pub. : Peter Pauper Press

(૨) The Wisdom of China
Pub. : Peter Pauper Press

દિનકરભાઈની રૂચિ અને પસંદગી આગવી સૂઝબૂઝવાળી અને સૌંદર્યદષ્ટિવાળી.

ઍડવોકેટ નેમચંદ ગાલાનો પત્ર છે. તેઓ જે. કૃષ્ણમૂર્તિ વિશે લખે છે : 'Freedom from the known' લખનાર પોતે ઘણાં બંધનોમાં બંધાઈ ગયા હોય એવું લાગ્યું. નેમચંદભાઈ જે. કે. ને "Aristocratic અને Luxurious Style વાળા માણસ' કહે છે. મહાપુરુષો ખાસ કરીને આધ્યાત્મિક ક્ષેત્રે પ્રસિદ્ધ મહાપુરુષો દાઢીજટાવાળા, લંગોટીવાળા કે ચિંથરેહાલ હોવા જોઈએ એવી આપણી ગ્રંથિ ભારે દ્રઢ થઈ ચૂકી છે.

**• શનિવાર, તા. ૨૯-૫-૧૯૯૩**

આજે નિર્મલને ત્યાં થોડાક ખાસ શબ્દોની ચર્ચા થઈ. મરાઠીમાં 'આઈ' એટલે 'મા'. અગાઉ કચ્છી ઓસવાલ વણિકો - ખાસ કરીને મુંદ્રા - માંડવી તાલુકામાં વહુ પોતાની સાસુને 'આઈ' શબ્દથી સંબોધન કરતી. મરાઠીમાં તાઈ એટલે મોટી બહેન. સિંધીમાં 'દાદી' એટલે મોટી બહેન. હિંદી અને બંગલામાં 'દીદી' એટલે બહેન. સિંધીમાં ફોઈ માટે પણ 'દાદી' સંબોધન વપરાય છે.

નાનાલાલે કોઈક અંગ્રેજી વિદ્વાનના મંતવ્યના હવાલાથી કહ્યું કે મહાન

*જીવનમાં ચડતી - પડતી ન હોય, તડકી - છાંયડી ન હોય તો જિંદગી કંટાળાજનક બની જાય.*

સાહિત્યકાર કે કલાકાર જ્યારે પોતાના વતનની ભૂમિથી ઉખડીને બીજા પ્રદેશમાં વસવા જાય છે ત્યારે એના સર્જનને એ હાનિકારક બને છે. આ ચર્ચામાં 'Roots' શબ્દ ખાસ હતો. આમ પણ સાહિત્યકાર કે કલાકારની કૃતિમાં ભૂમિની સુગંધ, ધબકાર કે સાંસ્કૃતિક ચિત્ર પ્રતિબિંબિત થવું જોઈએ.

ગોકુળભાઈ પરમાર અને રતિભાઈ ચૌહાણ આવ્યા. દુકાન સામે એક જીપ ઊભી રહી. મારા પુત્ર કુંદને મને કહ્યું, 'આ બજાજ કંપનીની જીપ.' જ્યારે એ જીપ રવાના થઈ ત્યારે એનો શાર્પ ટર્ન, એન્જિનનો નહિંવત અવાજ, વ્હીલ પ્રમાણમાં નાનાં વગેરે બાબતો મેં ખાસ નોંધી. ગોકુળભાઈને કહ્યું, આવી જીપથી એકવાર ભારતભરનો પ્રવાસ ખેડવો જોઈએ - મુખ્ય શહેરના માર્ગોથી નહીં પણ ગામડાંઓ વચ્ચે થઈને Zigzag રૂટથી. ડ્રાઈવર રસોઈનો જાણકાર હોવો જોઈએ અને પ્રાયમસ - સીધુંસામાન ભેગાં રાખવાં અને પાછળ બે લાંબી સીટો કરાવવી જેમાં સૂઈ શકાય. સાથે એક તંબુ પણ લેવાનો! મારા જેવાને સાથે એક સ્ટેનો સક્રેટરી તો જોઈએ જ! ગોકુળભાઈને ખબર છે કે હું પ્રવાસનો કાયર - ૧૦-૨૦ કિ.મીટર સુધી by car જવા પણ હું અનિચ્છુક જ હોઉં. ભારતભરનો આવો પ્રવાસ એટલે સહેજે ૨૫-૩૦ હજાર કિ.મી. થાય! ખર્ચ અંગેની વાત નીકળી તો મેં કહ્યું, "મારા જેવો કોઈ ઈન્ટરનેશનલ સ્તરનાં અખબારો કે મેગેઝિનોનો સંપર્ક કરી ઑફર કરે તો કદાચ કોઈ સ્પોન્સર પણ કરે - દર અઠવાડિયે એક લેખ ડિસ્પેચ કરું."

આ બધા ઠાલા તરંગો જ. પોતાની અધૂરાશો-કચાશોને આમ તૃપ્ત કરવાનાં દિવાસ્વપ્નો.

બપોરે જમવા જવા દુકાન નીચે ઊતર્યો ત્યાં વાસુ ચિત્રકાર મળ્યા. એમને આગ્રહપૂર્વક દુકાનમાં તેડી આવ્યો. અડધોએક કલાક એમની સાથે સત્સંગ ચાલ્યો. આજથી ૬-૭ વર્ષ પહેલાં તેઓએ ગાંધીધામ આવીને મારા ઘરની સામે જ પહેલે માળે એક રૂમ ભાડે રાખીને ચિત્રશાળા શરૂ કરેલી. મને માહિતી મળતાં મારા મિત્ર જયરામભાઈ સાથે હું એમને મળવા ગયેલો. આખું વાતાવરણ જ જાણે કે કળાના શ્વાસોશ્વાસથી ધબકતું. તેઓ લશ્કરી સેવામાં એન્જિનિયર હતા પણ જીવન પૂર્ણપણે કળાને અર્પિત કરવા લશ્કરમાંથી છૂટા થયા હતા. ગાંધીધામમાં સેંકડો વિદ્યાર્થીઓને એમણે તાલીમ આપી છે. એમને ત્યાં ચિત્રકળાનું ટ્યુશન લેવા આવનારને સમયની કશી મર્યાદા નહીં. મરજી પડે એટલો સમય બેસો અને કામ કરતા રહો-શીખતા રહો. "ચિત્રો માત્ર મારા નિજાનંદ માટે જ કરતો રહું છું. પછી વેચાય કે ન વેચાય." તેઓ સંગીતના પણ ચાહક. "હૃદયને ઝંકૃત કરે એ જ કરવું" એવો જાણે કે એમનો જીવનમંત્ર. એમની આંખોમાં, એમના શબ્દે-શબ્દમાં એક સ્વપ્નીલપણું ઝબૂકતું હતું. Ceramic Artમાં પણ એમણે ઘણા વિદ્યાર્થીઓને તૈયાર કર્યા છે. મારી દુકાનના ટેબલ પર સિરામિકનું એક ફૂલદાન એમના એક વિદ્યાર્થીનું જ સર્જન છે, જેમાં હું પેન-બોલપેન રાખું છું. એ વિદ્યાર્થી એટલે મારો જયેષ્ઠ પૌત્ર જિજ્ઞેશ!

આવી સમર્પિત અલગારી વ્યક્તિઓને મળવાની તક મળે ત્યારે મને થાય કે આજનો દિવસ કંઈક સાર્થક થયો - પછી ભલે ને ગમે તે ક્ષેત્રની એ વ્યક્તિ હોય. ડૉ. સનત દવેએ એકવાર કહેલ, "માણસે પોતાને ગમતી પ્રવૃત્તિ જ કરવી જોઈએ."

ગઈકાલે અધૂરી મૂકેલી દાસ્તાન આજે (રવિવારે) સવારમાં લખી રહ્યો છું. સવારના સાડા સાત વાગી ચૂક્યા છે અને ઓલ ઈન્ડિયા રેડિયો પરથી આવતાં પુરાણાં ફિલ્મી ગીતો સાંભળી રહ્યો છું. કેટલીકવાર કોઈક એકાદ ગીત મને ચાર દાયકા પહેલાંની સૃષ્ટિમાં લઈ જાય છે.

અમદાવાદથી સ્વામી ગીતગોવિંદનો પત્ર છે. મેં અગાઉના પત્રમાં ઉલ્લેખ કરેલ તેથી 'વિજ્ઞાન ભૈરવ' ગ્રંથ વાંચવા મળી શકે કે કેમ પૂછાવ્યું છે, 'વિજ્ઞાન ભૈરવ' અને 'પ્રત્યભિજ્ઞા લક્ષણમ' એ બે ગ્રંથો મને નાનીખાખરથી પૂ. મુનિ શ્રી ભુવનચંદ્રજીએ વાંચવા મોકલેલ અને એમને મુંબઈ ચેમ્બુર રહેતા કોડાય ગામના શ્રી કે.આર. શાહે વાંચવા મોકલેલ. યોગશાસ્ત્રના - ખાસ કરીને શૈવ પરંપરાના કુંડલિનીયોગ વિશેના આ મૂળ આધારગ્રંથો મને લાગ્યા. એવા જ બે ગ્રંથો બિદડા સાધનાશ્રમમાંથી વાંચવા મળેલ (૧) Shakti & Shakta, (૨) Serpent Power. બંનેના લેખક John Woodrof. તેઓ આર્થર એવલોનના તખલ્લુસ લખતા. બ્રિટિશ શાસન દરમ્યાન તેઓ મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસ હતા. નિવૃત્ત થઈને પાછા ઇંગ્લેન્ડ જવાની તૈયારીમાં હતા ત્યાં એમને એક લિંગાયત વિદ્વાનનો ભેટો થયો અને ચર્ચા દરમ્યાન આ વિષયોમાં રસ પડ્યો અને ઊંડા સંશોધન અને ભારે પરિશ્રમને અંતે એમણે તૈયાર કરેલ આ બે ગ્રંથો જગતને માટે મહામૂલી ભેટ છે. એમાંના એક ગ્રંથમાં બિદડા સાધનાશ્રમના અધિષ્ઠાતા વેલજીભાઈએ સ્વહસ્તાક્ષરે કંઈક આવા શબ્દોમાં નોંધ લખી છે : "હે શૈવાગમગ્રંથોના ઉદ્ધારક, તને પ્રણામ..." વેલજીભાઈ વિશે લખવું હોય તો એક પુસ્તક જ થાય. વેલજીભાઈના સ્વર્ગવાસ પછી (૧૯૬૩ આસપાસ) આશ્રમમાં એમની આરસની સમાધિ ઊભી કરી છે.

સાંજે નેમજીભાઈ કેનિયા સાથે રમેશભાઈ શાહ આવ્યા. એક સમયે નેમજીભાઈ એમની સાથે અમદાવાદની એચ.કે. આર્ટસ કોલેજમાં વ્યાખ્યાતા હતા. રમેશભાઈનાં પત્ની પણ સાથે હતાં. તેઓ સંધિવાના રોગથી ભારે ગ્રસ્ત. રમેશભાઈ સાથે સાહિત્ય અંગેની, લેખનપ્રવૃત્તિ અંગેની ઘણી બધી વાતો થઈ. મારી જેમ જ એમનો અભિપ્રાય એવો કે પુત્ર પરણીને જેટલો જલદી જુદો થાય એટલું સારું. એને પોતાને પણ (પુત્રને) એમ લાગે કે "જુદા થયા એ સારું જ થયું." અલબત્ત સંયુક્ત કુટુંબમાં રહેવાથી બીજા ઘણા બધા લાભ પણ છે એ મેં કહ્યાં. પાછલી ઉંમરે કોલેજમાં દાખલ થઈ મેં અભ્યાસ કર્યો (M.A. સુધી) અને ઠેઠથી આટલી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૭ ઉપર)**

*દુઃખ ન હોય તો સુખનું મહત્ત્વ ન રહે.*

જૈનત્વ

# ધાર્મિક પાઠશાળાના અભ્યાસક્રમ અંગે વિચારણા

● શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા ●

**ભાવિ પેઢીના ઉજ્જવળ ભવિષ્ય, સંસ્કરણ, જૈન ધર્મનો પરિચય, સૂત્રો અને તેના અર્થ દ્વારા શાસન પ્રત્યેનો સમર્પણ ભાવ, અહોભાવ, જૈનત્વનું ગૌરવ તેમજ શાસનના હિતને અનુલક્ષીને પાઠશાળા માટેના નૂતન અભ્યાસક્રમની જરૂરિયાત સંબંધી સર્વગ્રાહી પ્રોજેક્ટ સમાન મનનીય લેખ અત્રે રજૂ કરેલ છે.**

***– તંત્રી મંડળ***

જૈન સંઘોમાં બાળકોને ધાર્મિક શિક્ષણ, સંસ્કાર તેમજ ધર્મક્રિયાનું જ્ઞાન આપવા માટે ધાર્મિક પાઠશાળાની સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ હોય છે. દરેક સંઘમાં પાઠશાળાનું સંચાલન જે તે શ્રી સંઘના કાર્યવાહકો દ્વારા અથવા તો જે તે વિસ્તારના રહીશો અથવા સમાજ દ્વારા કરવામાં આવતું હોય છે. પરંતુ આ બધીજ પાઠશાળામાં અભ્યાસક્રમ આજથી ઘણા વર્ષો પહેલા તૈયાર થયેલી પુસ્તકના આધારે બે પ્રતિક્રમણના સૂત્રો, પાંચ પ્રતિક્રમણના સૂત્રો ગોખવા તેમજ અતિચાર, પ્રભુનું હાલરડું અને સ્તુતિ વગેરેને મુખપાઠ દ્વારા કંઠસ્થ કરવામાં આવે છે. બધા જ સંઘોની પાઠશાળાઓ બાળકોને પ્રભાવના વગેરે દ્વારા લાવીને માંડ માંડ ચલાવવામાં આવતી હોય છે. પરંતુ એક જ સરખા જૂના અભ્યાસક્રમને લીધે યોગ્ય વિકાસ થયો લાગતો નથી તેમજ જે પણ બાળકો અભ્યાસ કરે છે તે બે-ત્રણ વર્ષ સુધી જ પાઠશાળામાં ટકે છે અને તે દરમ્યાનમાં ફક્ત સૂત્રો ગોખવા દ્વારા ધાર્મિક વિધિ - ક્રિયા શીખે છે. પરંતુ જૈન ધર્મ અંગેનું નોલેજ ખૂબ જ ઓછું હોય છે. વ્યાખ્યાનમાં પ્રાયઃ પાઠશાળામાં હાજરી ઓછી હોવા અંગે ઘણા બધા ગુરુભગવંતો દ્વારા વેદના દુઃખ પ્રકટ કરવામાં આવે છે અને પાઠશાળાને પ્રોત્સાહિત કરવા માટે અવાર-નવાર પ્રભાવના વગેરે માટે ટીપ પણ કરવામાં આવે છે પરંતુ આ બધું જ કામચલાઉ સાબિત થાય છે. પાઠશાળાને સમૃદ્ધ અને સમયાનુસાર પ્રગતિ કરાવવા માટે ગુરુ ભગવંતના માર્ગદર્શન અનુસાર અમો પાયાની સુધારણા ચિંતન રૂપરેખા રજૂ કરીએ છીએ.

પહેલાના સમયમાં બધા જ બાળકો ગુજરાતી મીડિયમની સ્કુલમાં ભણતા હતા અને ત્યારે શિક્ષણ પદ્ધતિથી ઘડિયા આંક વગેરે ગોખવવામાં આવતા હતા. જેના લીધે બાળકોની સ્મરણ શક્તિ સતેજ રહેતી હતી અને ગોખવા માટે તેઓ ટેવાયેલા હતા. તેના લીધે બે-પાંચ પ્રતિક્રમણના સૂત્રો સહેલાઈથી ગોખીને યાદ કરતા હતા, જ્યારે અત્યારે ટી.વી. ઇન્ટરનેટ વગેરેને લીધે નોલેજ વધારે મળે તે રીતનું શિક્ષણ અપાય છે. તેમ જ બાળકો અંગ્રેજી મીડિયમમાં ભણતા હોવાથી તેમને ગુજરાતી-હિન્દી લખતા કે વાંચતા આવડતુ નથી. તેથી પુસ્તક વાંચીને ભણવું શક્ય નથી, અને સૂત્રો ગોખવા માટે પણ રસ નહીં હોવાથી જલ્દી યાદ રહેતા નથી. તેના લીધે બાળકો જાતે જ રૂચિ પ્રમાણે રસથી પાઠશાળામાં આવતા નથી. તેઓને જબરદસ્તી લાવવા પડે છે અથવા તો પ્રભાવના વડે ટકાવવા પડે છે. બે પ્રતિક્રમણનો અભ્યાસ કરેલનું ધાર્મિક જ્ઞાન નજીવું હોય છે. ખરેખર તો બાળકોને રસપૂર્વક પાઠશાળામાં હાજરી આપતો કરવા માટે અત્યારનો અભ્યાસક્રમ ધરમૂળથી બદલીને નવેસરથી પદ્ધતિસરનો નવો અભ્યાસક્રમ તૈયાર કરીને બાળકોને રૂચિ જગાડવા પ્રયત્ન કરવો જોઈએ. આપણા શ્રીસંઘોમાં પરંપરાગત જે ફક્ત ગુજરાતી બે-પાંચ પ્રતિક્રમણની પુસ્તક દ્વારા શિક્ષણ આપવામાં આવે છે ત્યાં હાજરી અને ધાર્મિક શિક્ષણમાં દિવસે દિવસે ઓટ આવી રહી છે. જ્યારે પૂજ્ય ગુરુ ભગવંતોની પ્રેરણાથી અથવા તો સંસ્થા દ્વારા પોતાના આગવા અભ્યાસક્રમથી ચાલતી પાઠશાળાઓનો સુંદર વિકાસ જોવા મળે છે અને ત્યાં બધે જ બાળકોને પ્રભાવનાને બદલે માસિક કે વાર્ષિક ફી ભરીને જે ધાર્મિક શિક્ષણ અપાય છે તે વધારે સફળ બનેલ છે અને ત્યાં બાળકો રસપૂર્વક પાઠશાળામાં હાજરી આપે છે. દા.ત. જ્ઞાનદીપક, લર્ન એન્ડ ટર્ન, રત્નત્રયી પાઠશાળા, સ્વાધ્યાય પીઠ, જૈનીઝમ, અર્હત્ ટચ, સંસ્કાર વાટિકા વગેરે ગુરુ ભગવંતો કે સંસ્થા દ્વારા ચાલતી પાઠશાળામાં ફીસ ભરીને પણ સારી સંખ્યામાં બાળકો જોડાઈ રહ્યા છે તે સારી વાત છે.

ભારતભરમાં રહેલ બધા જ સંઘો માટેની પાઠશાળામાં એક જ સરખો અભ્યાસક્રમ આજના સમયાનુસાર ચલાવવા માટેના થોડાક સૂચનો પ્રસ્તુત છે. અભ્યાસક્રમમાં બે-પાંચ પ્રતિક્રમણના સૂત્રોની પુસ્તકોના બદલે અભ્યાસક્રમ ત્રણ જુદા જુદા લેવલ – વિભાગનો બનાવવો જોઈએ. જેમાં દરેક અભ્યાસક્રમમાં ૫૦% સૂત્રો અને ૫૦% માં જનરલ નોલેજ, દર્શન-ચારિત્રની ક્રિયાઓનું જ્ઞાન, તીર્થંકરનું જીવનચરિત્ર, લાંછન, પૂર્વાચાર્યો અને પ્રભુના શ્રાવકો-વગેરેના જીવનચરિત્રો માર્ગાનુસારીના ગુણો

*નિષ્ફળતા આખરી નથી, સફળતા સ્થાયી નથી.*

વગેરેની કથા વાર્તાના સાહિત્ય સાથેનો હોવો જોઈએ અને આ અભ્યાસક્રમ ગુજરાતી - હિંદી - અંગ્રેજી ત્રણે ભાષામાં એક સરખો તૈયાર કરીને પ્રકાશિત કરવો જોઈએ જે માટે વિદ્વાન પંડિતો અને પાઠશાળાના શિક્ષકોએ વિશેષ રસ લઈને સમયાનુસાર અભ્યાસક્રમનો ફેરફાર સાથે સર્વાંગી સંપૂર્ણ નૂતન અભ્યાસક્રમ તૈયાર કરવો જોઈએ. અત્યારે શ્રી સંઘોની પાઠશાળાઓ જૂના પરંપરાગત અને સાદા પ્રિન્ટેડ પુસ્તકોના અભ્યાસક્રમને લીધે બહુ મુશ્કેલીથી ચાલી રહી છે જેનો વિકાસ કે પ્રગતિમાં બ્રેક લાગેલી છે ત્યારે રણમાં મીઠી વીરડી સમાન પૂજ્ય ગુરુ ભગવંતો, સમુદાય પ્રેરિત સમયને અનુરૂપ નૂતન અભ્યાસક્રમથી પ્રાઈવેટ સંસ્થાઓ દ્વારા ચાલી રહેલ પાઠશાળાઓ સુંદર ચાલી રહી છે. પરંતુ ક્ષેત્રની મર્યાદા, સમાચારી કે સમુદાયની મર્યાદા અને દરેક સંસ્થાના પોતાના આગવા નિયમો અને મર્યાદિત ભંડોળને લઈને સર્વવ્યાપી અને સર્વસંમત બની શકી નથી અને દરેકના જુદા-જુદા અભ્યાસક્રમને લીધે દરેકમાં કંઈક ખૂટતી કડી રહેલી છે. જેના લીધે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં એક જ સરખો અભ્યાસક્રમ સર્વેને માન્ય એવી કોઈ એક સંસ્થા દ્વારા તૈયાર કરવો જોઈએ. આ ક્ષેત્રના પંડિતો, શિક્ષકો, શ્રાવકોએ પણ શાસનના સમયાનુસારી જરૂરી એવા કાર્ય માટે ગીતાર્થ ગુરુભગવંતોના માર્ગદર્શન અને આશીર્વાદ દ્વારા પોતાની સમય-શક્તિનો યોગ્ય ઉપયોગ કરીને તન-મન-ધનથી આ કાર્ય કરવું જોઈએ. જેથી ભવિષ્યની પેઢીમાં આપણા જૈન ધર્મનો પાયાનો પરિચય તેમજ તેની ક્રિયા-વિધિ વગેરેનો અભ્યાસ દ્વારા સંસ્કારબીજનું આરોપણ થઈ શકે. શાસ્ત્રમાં પણ કહ્યું જ છે કે 'ज्ञानक्रियाभ्याम मोक्षः' તત્ત્વાર્થસૂત્રમાં 'सम्यग् दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः' એટલે કે સમ્યગ્ દર્શન દ્વારા જ્ઞાન મેળવીને ચારિત્રરૂપી ક્રિયાઓ દ્વારા મોક્ષ મેળવી શકાય છે. જ્ઞાની પુરુષો એક શ્વાસમાં પણ અનંત કર્મોનો ક્ષય કરી શકે છે.

ઘણા વર્ષોથી પરંપરાગત પદ્ધતિ અને ફક્ત ગુજરાતી કે હિંદી માધ્યમથી સો વર્ષ પહેલાના સાદા પ્રિન્ટીંગ દ્વારા થઈ રહેલ અભ્યાસક્રમના બદલે ક્રાંતિકારી સમયાનુસાર માહિતી અને ટેકનોલોજીનો સમન્વય કરીને નવો અભ્યાસક્રમ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ કે તપાગચ્છની સર્વમાન્ય કોઈ સંસ્થા દ્વારા તૈયાર કરવો જોઈએ. જેમાં સૂત્રોની સાથે જૈન ધર્મનો પરિચય, ૨૪ તીર્થંકરના જીવન ચરિત્ર, દર્શન પૂજા વિધિ, સામાયિક ચૈત્યવંદન વિધિ તેમજ ઐતિહાસિક પૂર્વાચાર્યો અને સતીના ચરિત્ર તેમજ પ્રભુના શાસનના શ્રાવકોના કથા ચરિત્રોનો પણ પરિચય હોવો જોઈએ.

નવા અભ્યાસક્રમ ત્રણ લેવલ એટલે કે પ્રાઈમરી, માધ્યમિક અને ઉચ્ચતર એમ ત્રણ વિભાગમાં બનાવી શકાય. જેમાં પ્રથમ વિભાગમાં બધોજ અભ્યાસક્રમ ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ત્રણ ભાષામાં બનાવીને સચિત્ર આકર્ષક પ્રિન્ટીંગ દ્વારા બાળકોને રસ પડે તેવી રીતે બનાવી શકાય. જેમાં નાની-નાની પઝલ્સ, ચૌદ સ્વપ્ન, અષ્ટમંગલ, પ્રભુના લાંછન વગેરેને રંગ પૂરવા દ્વારા પણ શિક્ષણ આપી શકાય અને આ પ્રથમ લેવલમાં પણ કંદમૂળ, અભક્ષ્ય, નારકી વગેરેના ચિત્રો દ્વારા સંપૂર્ણ અભ્યાસક્રમમાં સામાયિક, ચૈત્યવંદન, ગુરૂવંદનના સૂત્રની સાથે ધર્મના પાયાના સંસ્કાર મળી જાય તે જરૂરી છે. ૪૫ આગમના નામ, તીર્થંકર નામ અને એક કલાક અભ્યાસ દરમ્યાન ૩૦ મિનિટ જ્ઞાન માટે અને ૩૦ મિનિટ સૂત્રો માટે રાખી માધ્યમિક અભ્યાસક્રમમાં બે પ્રતિક્રમણ, સૂત્રની સાથે કર્મગ્રંથ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્યનો પ્રાથમિક અભ્યાસ તેમજ જૈન ધર્મનો ઈતિહાસ, જૈન સાહિત્યનો ઈતિહાસ, અને ત્રિષષ્ટિશલાકા પુરુષનો પણ અભ્યાસ થવો જોઈએ. ઉચ્ચતર અભ્યાસમાં પાંચ પ્રતિક્રમણના સૂત્રોની સાથે સંસ્કૃતની પ્રથમ બુક, પ્રાકૃતનો બાળપોથીનો અભ્યાસક્રમ સાથે જ વણી લેવા જોઈએ અને તેમાં જૈન ન્યાય, જૈન શિલ્પ સ્થાપત્ય, વિધિ-વિધાન, મંદિરના અંગોનો પરિચય, આપણા સાહિત્યકારો અને ગ્રંથોના નામ અને વિષયોની માહિતીનો સમાવેશ થવો જોઈએ.

૪૫ આગમના ગ્રંથોના પદાર્થોનો એક પરિચય પણ થઈ જવો જોઈએ અને આ બધા જ અભ્યાસક્રમમાં જે બાળકે લેવલ - ૧ પાસ કર્યું હોય અને તેનું સર્ટીફિકેટ હોય તો જ બીજા-ત્રીજા લેવલમાં પ્રવેશ મેળવી શકે એવી ચોક્કસ પદ્ધતિ રાખવી જોઈએ જેથી કરીને સૂત્રોની સાથે ધર્મનો પરિચય, ક્રિયા-પદ્ધતિ વગેરેનો પદ્ધતિસરનો પૂરેપૂરો અભ્યાસ થઈ શકે અને બધાજ સંઘોમાં આ અભ્યાસક્રમ દાખલ કરવા માટે આ બધા જ સુંદર સચિત્ર-જરૂર હોય ત્યાં આર્ટ પેપરવાળા આકર્ષક પુસ્તકો જુદી જુદી ભાષા કે એકમાં ત્રણેય ભાષાવાળા ખૂબજ ઓછી એટલે કે ટોકન કિંમતે સહેલાઈથી ઉપલબ્ધ બનાવવા જોઈએ. એક સાથે દસ હજાર કે વધુ નકલો છપાવીને ઉત્તમ માર્કેટિંગ દ્વારા સર્વમાન્ય-સર્વ સમ્મત, સર્વેને ઉપયોગી અને સર્વને હિતકારી એવા અભ્યાસક્રમને બનાવીને સર્વેને સમ્યગ્ જ્ઞાન દ્વારા સર્વનો કલ્યાણ થાય એવી મંગળ કામના.

પાઠશાળાઓ સુંદર-સ્વચ્છ હવા ઉજાશવાળા મકાનમાં હોવી જોઈએ, નહીં કે ગેલેરી કે ખૂણા-ખાંચરામાં. ફક્ત એક જ સમયના સમય-શક્તિના સદ્વ્યય દ્વારા અને બાળકોને ગમે એવા આકર્ષક કલર ચિત્રાવલી સાથેનો સારો આકર્ષક પ્રિન્ટીંગ સાથેનો ખર્ચો એક સાથે મોટો લાગશે પરંતુ એકજ વખતના સારા ઈન્વેસ્ટમેન્ટના લીધે ભવિષ્યમાં કોઈપણ જાતના પ્રલોભન-પ્રોત્સાહન વગર પણ પાઠશાળાઓ ફરીથી ધમધમતી ઉત્તમ કક્ષાની બની જશે. જેથી મેઈન્ટેનન્સ ખર્ચ નહિવત્ બની જશે.

*'સિદ્ધાચલ બંગલો',*
*સેન્ટ એન્સ સ્કૂલ સામે,*
*હીરા જૈન સોસાયટી, રામનગર, સાબરમતી,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૫.*
*ફોન : (૦૭૯) ૨૨૧૩૨૫૪૩, ૨૭૫૦૫૭૨૦*
*મો. ૯૪૨૬૫ ૮૫૯૦૪*

***<u>નોંધ</u> : બે પ્રતિક્રમણ, પાંચ પ્રતિક્રમણ કે અન્ય સ્વાધ્યાયના પાઠ બાળકો પાસે ગોખાવવાની સાથે સાથે તેની પૂરેપૂરી સમજ પણ આપવી જોઈએ અને આ ક્રિયાઓ શા માટે કરાવવામાં આવે છે તેની વિગતો પણ આ પાઠશાળામાં સમજાવવી જોઈએ.***

***– તંત્રી મંડળ, મંગલ મંદિર***

***જો તમારો પગ લપસે તો તમે જાતને સંભાળી શકો પણ જીભ લપસી તો શબ્દો પાછા નહીં આવે.***

શિક્ષણ જગત

# શિક્ષણ

• મગનલાલ સંઘવી •

આજકાલ સામાજિક સંસ્થાઓનો ઝોક મુખ્યત્વે ઉચ્ચ શિક્ષણ ઉપર દેખાય છે, પણ ખરી રીતે શિક્ષણનો વિચાર પાયાથી જ એટલે પ્રાથમિક સ્તરથી જ થવો જોઈએ. હાલ તો સરકાર અને સમાજ બંનેનું ધ્યાન પાયાના શિક્ષણ પ્રત્યે ઓછું જ છે. સરકારની નીતિ તો સમગ્ર શિક્ષણને ખાનગી ક્ષેત્રના હવાલે કરવાની દેખાય છે. સરકારી શાળાઓ છે, પણ તેની હાલત વિશે કંઈ કહેવા જેવું નથી. આર્થિક પહોંચની બહાર હોવા છતાં સંતાનોને ખાનગી શાળાઓમાં મૂકવા વાલીઓ મજબૂર થાય છે અને ખર્ચ માટે સમાજની સંસ્થા પાસે હાથ ફેલાવવો પડે છે.

સામાજિક સંસ્થાઓ પાયાનું શિક્ષણ આપતી પોતાની શાળાઓ શા માટે ઊભી ન કરે? લઘુમતીના દાયરામાં આવી ગયા હોવાથી વધારાની સગવડો અને સ્વાયત્તતા મળે અને વાજબી ફીઝમાં સારું શિક્ષણ આપી શકાય.

હાલની નવી પેઢીનું ભણતર જોઈએ તો માતૃભાષામાં લખી કે વાંચી શકતા નથી કારણ શરૂથી જ અંગ્રેજી માધ્યમ હોય છે. કરુણતા એ છે કે ઉચ્ચ શિક્ષિતોને બાદ કરતાં અંગ્રેજી માધ્યમમાં મેટ્રિક થયેલ વિદ્યાર્થી એકાદ ફકરો લખતાં અસંખ્ય ભૂલો કરે છે. તેઓ માતૃભાષાના સાહિત્યથી તો વંચિત રહે જ છે, પણ પરભાષાના સાહિત્ય સાથે પણ કંઈ લેવાદેવા હોતી નથી. માત્ર આધુનિક ઉપકરણો વાપરવામાં સ્માર્ટ હોય છે, પણ માનવ તરીકે ઘણું ગુમાવે છે.

- **ઉચ્ચ શિક્ષણની વાત :**

ઉચ્ચ શિક્ષિત યુવાવર્ગ IIM તથા IIT માં ભણેલાઓ માત્ર નોકરીઓ જ કેમ કરે છે? આ પ્રતિષ્ઠિત સંસ્થાઓએ કેટલા ઉદ્યોગ સાહસિકો (એન્ટરપ્રેન્યોર્સ) કે વ્યાપાર સાહસિકો પેદા કર્યા? મુશ્કેલીથી ૫ ટકા! આમ કેમ? ઉચ્ચ શિક્ષણ પાછળ થતો ખર્ચ તથા લાગતો સમય યુવાનની સાહસવૃત્તિને અવરોધે છે એમ ઘણા વખતથી લાગતું હતું.

હાલમાં જ આ માન્યતાને સધ્ધર વ્યક્તિનો ટેકો મળેલ છે. પ્રખ્યાત અર્થશાસ્ત્રી, આંકડાશાસ્ત્રી અને આર્થિક વિશ્લેષક નસીમ નિકોલસ તાલબનો ઈન્ટરવ્યૂ ઇકોનોમિક ટાઈમ્સના તા. ૧૯-૧-૨૦૧૫ના અંકમાં પ્રસિધ્ધ થયેલ છે. આ મહાશયની માન્યતા પ્રમાણે :

★ ***"એક યુનિવર્સિટીની સ્થાપના કરવા કરતાં ૧૦૦૦ શાળાઓ સ્થાપવી વધારે સારી."***

★ ***"આજના કોમ્પ્યુટર ઉદ્યોગના ખેરખાંઓ, બિલ ગેટ્સ, સ્ટીવ જોબ્સ કે લેરિ એલિસનમાંથી કોઈએ કોલેજ કરી નથી (બધા ડ્રોપ આઉટ હતા.) જો તેઓએ ઉચ્ચ શિક્ષણ લીધું હોત તો તેઓ કોઈ મહાકાય કંપનીમાં તગડા પગારની નોકરી કરતા હોત."***

આ એ પ્રખ્યાત વ્યક્તિના વિચારોનો નાનો અંશ.

આપણા જ દેશના ઉદ્યોગ સાહસિકોને જોઈએ તો ભારતમાં ઉદ્યોગોના મૂળ સ્થાપકોમાંથી કેટલાને ઉચ્ચ શિક્ષણ મળ્યું હતું? બહુ જ ઓછાને. ત્યારબાદની પેઢી શિક્ષિત છે પણ તેઓને તૈયાર ગાદી મળેલ હોય છે.

તો ઉચ્ચ શિક્ષિતોનું આવું વલણ કેમ? કારણોનો વિચાર કરતાં એમ લાગે છે કે શિક્ષિતોને જ દોષ દેવો યોગ્ય નથી.

સર્વપ્રથમ તો ઉદ્યોગની સ્થાપનામાં સરકારી કાર્યવાહીથી જ ત્રાસી જવાય છે. પચાસેક ખાતાઓ (બંને અર્થમાં!) પાસેથી પરવાનગીઓ લેતાં જ વર્ષો વીતી જાય. આપણા પ્રધાન મંત્રીએ જ એક પ્રવચનમાં કહ્યું હતું કે 'હિંદુ શ્રધ્ધાળુને ચાર ધામની યાત્રાથી મળી જતો મોક્ષ ઉદ્યોગ સાહસિકને છત્રીસ ધામ ગયા બાદ પણ નથી મળતો!'

ઉચ્ચ શિક્ષણમાં થતો ખર્ચ અને લાગતો સમય જોતાં યુવાન લગભગ લગ્નની ઉંમરે પહોંચી ગયો હોય અને ખર્ચ કુટુંબે કર્યો હોય કે લોન લીધી હોય તો એ માટે કમાણી શરૂ કરવાનું દબાણ થવાનું જ. સાથે ઉંમર થઈ હોતાં ગૃહસ્થી વસાવી પોતાના ભાવિનો પોતાના માતા-પિતાનો વિચાર કરે તો સ્વાભાવિક રીતે જ સમય કાઢવા કરતાં સલામત નોકરી શોધી આવક શરૂ કરે.

આની સામે ૨૦ વરસે થતો સામાન્ય ગ્રેજ્યુએટ અથવા ૧૮ વર્ષના ૧૨મું પાસ યુવકને આવા દબાણો વગર ચારથી છ વર્ષનો સમય મળે! એ સાહસ કરી શકે. નાનો મોટો ધંધો કે ઉદ્યોગ સ્થાપવાનું વિચારી શકે. અલબત્ત, આ બધું પોતાના કે કુટુંબના સંયોગો ઉપર આધાર રાખે છે.

આ લખાણનો અર્થ એવો નથી જ કે ઉચ્ચ શિક્ષણ ન લેવું. જરૂર લેવું, પણ ગુજરાતી કે મારવાડીની સહજ એવી સાહસવૃત્તિ મરી ન જાય એ પણ જરૂરી છે.

આજનું શિક્ષણ જે શાળા અને કોલેજોમાં અપાય છે એ વિદ્યાર્થીને શું આપે છે? માત્ર માહિતી? વિદ્યાર્થીનો માપદંડ શું? માત્ર પરીક્ષાના માર્કસ? જીવનમાં ઉપયોગી એવી કેટલીય બાબતો આ પ્રકારના શિક્ષણમાં આવતી જ નથી. સારા યુવાન, સારા ગૃહસ્થ, સારા મા-બાપ કે સારા વડીલ બનવાનું, સારા નાગરિક બનવાનું શિક્ષણ ક્યાં? અગર સંયુક્ત કુટુંબ હોય તો આ બધી બાબતો શીખવા મળે. પરંતુ સંયુક્ત પરિવારની ભાવના ક્યાં છે? એટલે તેવું જ્ઞાન દુર્લભ છે.

સિવાય ભક્તિ કે અધ્યાત્મના ક્ષેત્રમાં ભૂતકાળમાં અને વર્તમાનમાં પણ ક્યાં સામાન્ય શિક્ષણ જરૂરી હતું. મીરાં, સૂરદાસ, કબીર, રઈદાસ વગેરે મધ્ય યુગના સંતો ક્યાં ભણ્યા હતા? વર્તમાનમાં જોઈએ તો રામકૃષ્ણ પરમહંસ, ચૈતન્ય મહાપ્રભુ, આપણા ગુજરાતના જ ગંગાસતી, કાગબાપુ (દુલા

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૩ ઉપર)**

*કળા એટલે પ્રત્યેક વિચારને, વાણીને, વર્તનને તેના યથાયોગ્ય સ્થાને મૂકવી.*



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામેં જે ફ્લેટમેં મગનકાકા ને મગીકાકી રેંતા... અનીજે ઘરેં રોજ બારે સાડે બારેં વગે ભિખારી ભીખ મંગેલા અચેતો ને મગીકાકી અનકે રોજ ત્રે માનીયું ને શાક ભીખમેં ડીંયેતા. જેડા મગીકાકી ભીખ ડે ને પાછા ઘરમેં વેને તેં પુઆ મગનકાકા ભિખારી કે કીંક ડિંયેતા ને પોય ભિખારી હલ્યો વેનેતો. સે જરા તપાસ ત કર, મગનકાકા મગીકાકી સે છુપાય ને ભિખારી કે કુરો ડીંયેતા?

બચુડો : (તપાસ કે નેં ચે) મગનકાકા ભિખારી કે પાચનવટી ગોરીયું ડીંયેતા. અનસે ભિખારી કે શાક માની ભરાભર પચે વેને ને પેટમેં દુઃખે ન... મગીકાકી રોજ માનીયું ને શાક કચોપકો રંધીયેંતા સે મગનકાકા ત ખાયને પોય પાચનવટી ખાય વેને પણ ઈ દયાળુ આંઈ. અતરે ભિખારીજી દયા ખાઈ, અનકે પણ પાચનવટી જી ગોરીયું ડીંયેતા.

## ખિલજા મ ભલા

મોહન : મારી મમ્મીને નવી નવી વાનગીઓ ખાવાની ટેવ છે.

સોહન : તો... તો... તમારા ઘેર રોજ નવી નવી વાનગીઓ બનતી હશે?

સોહન : ના યાર, એવું નથી. મારી મમ્મી કોઈ નવી આઈટમ બનાવતી નથી પણ અમને બધાને જુદી જુદી હોટલમાં જમવા લઈ જાય છે.

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : આ બાઉલમાં નુડલ્સ તો ભર્યા પણ એની ભેગા અળસિયા કેમ નાખ્યા?

મોન્ટુ : આ તો મારે અળસિયાને મૂંઝવણમાં મૂકવા હતા માટે!

☺ ☺ ☺ ☺ ☺

સોહિલ : આ બંને કીડીઓ કયા પ્રકારની છે?

મોહિત : આમાંથી એક ભારતીય છે અને બીજી ચાઈનીઝ છે.

સોહિલ : પણ તને કેવી રીતે ખબર પડી?

મોહિત : એની આંખો જોવાથી... તું પણ જો, ચાઈનીઝ કીડીની આંખ ચૂંચરી છે!!!

☺ ☺ ☺ ☺ ☺

ચુટકી : હાથી પર બેસીને કીડી જઈ રહી હતી. પછી પુલ આવ્યો તો હાથીને કેમ અટકવા કહ્યું હશે?

ગુટકી : એ તો હાથીને પૂછવા કે પુલ ઓળંગાઈ જશે કે પછી ઉતરીને આગળ જઈને ઊભી રહે?

☺ ☺ ☺ ☺ ☺

મંગુ : હવે માત્ર ભગવાન જ બચાવી શકે એવી પરિસ્થિતિ ક્યારે ઊભી થાય?

ચંગુ : સખત ઝાડા થયા હોય અને લેંઘાનું નાડું ગંઠાઈ ગયું હોય ત્યારે!

☺ ☺ ☺ ☺ ☺

સમીર : જીવનમાં એક વાત હંમેશાં યાદ રાખજે...

અમીર : એ શું?

સમીર : ક્રિમ બિસ્કીટમાં બે બિસ્કીટ વચ્ચે ક્રીમ હોય છે પણ ટાઈગર બિસ્કીટમાં ટાઈગર નથી હોતો.

☺ ☺ ☺ ☺ ☺

ભગવાન : બેટા, તારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. બોલ, તને શું વરદાન આપું?

ભક્ત : મને કેટરીના સાથે પરણાવી આપો!

ભગવાન : મૂર્ખ, કેટરીનાનો એક એક ડ્રેસ લાખ રૂપિયાનો હોય છે...

ભક્ત : તો પ્રભુ, બીજો કોઈ ઉપાય?

ભગવાન : મલ્લિકા!!!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## દિલનું દર્પણ : રોજનીશીની સાખે – (૨)

**(અનુસંધાન : પાના નં.-૪૩ ઉપરથી ચાલુ)**


વાચનપ્રવૃત્તિ કરી શક્યો એ સંયુક્ત કુટુંબમાં રહેવાને કારણે જ એમ મને લાગ્યું છે. રમેશભાઈએ એક વાત ભારે માર્મિક રીતે કરી, "પોતાને ઘેર રહેવું - પુત્રને ઘેર નહીં, પુત્રને રહેવું હોય તો રહે નહિ તો જાય!"

રમેશભાઈએ રજનીશજીનું 'કૃષ્ણ મેરી દૃષ્ટિમેં' વાંચવા માટે ખાસ ભલામણ કરી. એ પુસ્તકનો હવાલો આપીને કહ્યું, 'સંશયાત્મા વિનશ્યતિ' એટલે વૈચારિક સંશય નહીં પણ જ્યારે કર્તવ્ય અંગે સંશય થાય. આ વાત - દૃષ્ટિ મારા માટે નવી જ હતી. નેમજીભાઈએ સૂર પુરાવ્યો કે, 'માવજીભાઈ બહુ મોટા કદના ગ્રંથો વાંચતા નથી.'

*(ક્રમશઃ)*

*એન-૪૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧. ફોન : (૦૨૮૩૬) ૨૨૧૫૨૬, ૨૨૦૮૭૭*

*માનવ જીવનમાં સંપૂર્ણ સુખ તો નથી અનેક સમસ્યાઓ પણ છે.*




## મંગલ મંદિર માસ ફેબ્રુઆરીના અંકનો પ્રતિભાવ

મુખપત્ર 'મંગલમંદિર' માસ ફેબ્રુઆરી, અંક એટલે ઉત્તમ લેખો અને અત્યંત ઉપયોગી માહિતીથી ભરપૂર અંક. અલગ અલગ તો કેટલાનો ઉલ્લેખ થઈ શકે? બધા જ લખાણો ઉત્તમ.

તંત્રી લેખમાં પરિસ્થિતિ અનુસાર ધાર્મિક - સામાજિક આચરણોમાં સમયની જરૂરિયાત મુજબ ફેરફાર કરવાની વાત કરી છે. જોગાનુજોગ 'પ્રબુદ્ધ જીવન' ના ફેબ્રુઆરી અંકમાં તેના તંત્રી શ્રી ધનવંતભાઈ શાહે પણ આવશ્યકતા મુજબ સમયની માંગ મુજબ નિયમો અને વિધિઓમાં જરૂરી ફેરફાર કરવાની વાત કરી છે. જૈન શ્રેષ્ઠીઓ અને ગચ્છાધિપતિઓએ આ બાબત સક્રિય વિચારણા કરવી જોઈએ.

શ્રી મુરજીભાઈ ગડાએ 'ગુરુત્વાકર્ષણ' ના વિષય પર અદ્ભુત વૈજ્ઞાનિક માહિતી આપી છે. આ ગુરુત્વાકર્ષણના વિષયમાં થોડીક વધુ જાણકારી પીરસવા ઈચ્છું છું. અલબત્ત આ માહિતી વૈજ્ઞાનિક તો છે જ પણ પ્રાચીન ગ્રંથ સાહિત્ય આધારિત છે.

હું એવી મૂર્ખાઈ ભરેલી વાતોમાં માનતો નથી કે બધું જ જ્ઞાન આપણા પૂર્વજો પાસે હતું અને 'એ લોકો' એ બધી જ શોધખોળ આપણા પ્રાચીન ગ્રંથોમાંથી જ મેળવી છે.

પરંતુ કેટલીક બાબતોના મજબૂત પૂરાવા છે અને જેના પૂરતા પૂરાવાઓ હોય એને નકારી ન શકાય.

આપણને એવું શીખવાડવામાં આવેલ છે કે ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત વૈજ્ઞાનિક ન્યુટને શોધ્યો. અલબત્ત આ વાત યુરોપિયનો માટે સાચી છે, પરંતુ ન્યુટનથી ૧૯૦૦ વર્ષ પહેલાં વૈદિક ષડદર્શનમાંના એક વૈશેષિક દર્શનના રચયિતા કણાદ ઋષિએ ગુરુત્વાકર્ષણ વિશે વિસ્તારથી ચર્ચા કરી છે. કણાદ ઋષિનું મૂળ નામ તો બીજું જ છે પણ તેમણે એ પ્રતિપાદન કર્યું કે આ જગતના તમામ પદાર્થો 'કણ' (એટલે કે અણું) ના જ બનેલા છે. (આજે વિજ્ઞાન આ વાત સ્વીકારે છે) એટલે એમનું નામ જ 'કણાદ' પડી ગયું.

વૈશેષિક દર્શનમાં નીચે મુજબ વિવરણ છે. ઋષિના એક શિષ્યે આકાશમાં જતા એક પક્ષીને તાકીને તીર છોડ્યું. તીર તો નિશાન ચૂકી ગયું પરંતુ નીચે જમીન પર આવીને પડ્યું. આથી તે શિષ્ય કણાદ ઋષિને પૂછે છે કે મેં તો તીર ઉપર આકાશ તરફ છોડ્યું હતું તો તે તીર નીચે કેમ આવ્યું? આથી ઋષિ કેટલાક સૂત્રોની ભાષામાં શિષ્યને ગુરુત્વાકર્ષણ કારણરૂપે સમજાવે છે. અત્રે વૈશેષિક દર્શનના આ વિષય પરના ચાર સૂત્રો રજૂ કરું છું. અર્થ સ્પષ્ટ છે.

(૧) તત્ ગુરુત્વાત્ પત્તનમ્ (૫-૧-૬)
(ગુરુત્વને કારણે તીર નીચે પડ્યું.)

(૨) ગુરુત્વ પ્રયત્ન સંયોગાનમ્ પત્તનમ્ (૧-૧-૨૧)
(સંયોગ ઊભો થવાથી (તીર ઊંચે ગયો તેથી) તેનું પતન થયું.)

(૩) પ્રયત્ન ભાવે ગુરુત્વાત્ સુપ્તસ્ય પત્તનમ્ (૫-૧-૧૧)
(પ્રયત્ન ન થયો હોત (તીરને છોડ્યું ન હોત) તો તીર નીચે સુપ્ત અવસ્થામાં પડી રહ્યું હોત અને તેનું પતન ન થાત.)

(૪) અપા સંયોગ ભાવે ગુરુત્વાત્ પત્તનમ્ (૫-૨-૨)
(તીરને ઊંચે ફેંકવાના સંજોગ ઊભા થયા અને ગુરુત્વના કારણે તીરનું પતન થયું.)

આ સિવાય બીજા પણ થોડા સૂત્રો વિશેષ સ્પષ્ટીકરણરૂપે વૈશેષિક દર્શનમાં છે પણ હાલ તુરત સમજવા માટે આટલા પૂરતા છે. તે ઉપરાંત લગભગ પાંચમી સદીમાં લખાયેલ 'વાયુપુરાણ' માં પણ આવી જ હકીકત 'કણાદ' ઋષિ બાબતે ઉલ્લેખ થયો છે. વૈશેષિક દર્શનમાં દસ અધ્યાય અને ૩૭૦ સૂત્રો છે. વૈશેષિક દર્શનને 'પરમાણુવાદ' કહેવામાં આવે છે. જે ચાર સૂત્રો આ પત્રમાં છે તેનો અનુવાદ પણ આપેલ છે.

પત્ર થોડો લાંબો થઈ ગયો છે, છતાં શ્રી વિનોદ બી. વામન નો લેખ 'જન નિયંત્રણ' ની વધારાની પ્રશંસા કર્યા વગર રહેવાતું નથી.

અને શ્રી શિરીષ પંચાલનો લેખ (ભોજન ચર્યા) વાંચીને તો શ્રી અરુણાબેન જાડેજાના લખાણો યાદ આવી ગયા

સૌને ધન્યવાદ, ખૂબ ખૂબ ધન્યવાદ

*(ગુરુત્વાત્ = ગુરુત્વને કારણે)*

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

★

## તારી આંખનો અફીણી

"તારી આંખનો અફીણી - તારા બોલનો બંધાણી, તારા રૂપની પૂનમનો પાગલ એકલો — આજ પીઉં દર્શનનું અમૃત, કાલ કસુંબો કાવો."

આ સુંદર ગીતથી આપણે બધા કદાચ પરિચિત છીએ. શ્રી પુરોહિતે આ ગીત ભગવાનને સંબોધીને લખ્યું હતું તે ઘણાને નવાઈ લાગશે.

આજના સંદર્ભમાં આ વિષય સમાજ, દેશ કે વિશ્વ માટે અગત્યનો છે.

*જીવન ઘણું નાનું છે, કોઈની ઘૃણા કરવામાં તમારો સમય નષ્ટ ન કરો.*

છ-સાત હજાર વર્ષ પૂર્વે માનવીએ તેના પ્રશ્નો હલ કરવા અથવા કુતૂહલતા સંતોષવા, ધર્મ - ભગવાન - સ્વર્ગ - નરકની ધારણાઓ કરી. તે સમયમાં માનવી વૈજ્ઞાનિક રીતે પછાત હતો. એટલે ધર્મ ભગવાન વિશેની માન્યતાઓ લોકોના ગળે ઉતરી ગઈ અને ઝડપથી સર્વત્ર ફેલાઈ. રાજકારણીઓએ તેનો ખૂબ ઉપયોગ કર્યો. અને હવે તે એક નશો થઈ ગયો છે.

ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં કચ્છમાં જવાનું થયું. કચ્છમાં પ્રગતિ જોઈ આનંદ થયો પરંતુ ધર્મનો નશો જોઈ દુઃખ પણ થયું.

આપણે જેટલું ધન સમય, ધર્મ, મંદિર કે વિધિવિધાન માટે ખર્ચીએ છીએ તેનો દસમો ભાગ પણ શાળા - શિક્ષણ અથવા શૌચાલય માટે નથી ખર્ચતા. શું બોત્તેર જિનાલયના બદલે બોંત્તેર પ્રાથમિક શાળા ન બનાવી શકાય? રાજકારણમાં અમુક પ્રકારના મહારાજ, પંડિતો વગેરે ચૂંટાઈ આવે છે. થોડા સમયમાં લોકોનો ભ્રમ ભાંગે એટલે ફરી ચૂંટણીઓ???

કોઈ પણ નશો, વિનાશક જ હોય.

***હરખચંદ સાવલા - ગાંધીનગર***
***મો. ૯૯૦૪૨ ૯૨૦૫૦***

★

## સમાજ અને ચૂંટણી

આપણા સમાજની છેલ્લી ચૂંટણી થઈ ત્યારબાદ એ અંગેના પ્રતિભાવો 'મંગલ મંદિર'ના છેલ્લા બે અંકોથી ચાલુ છે. તે વિષયે સારું વિચાર વલોણું થયું છે. જો કે કાર્યકરો સિવાય સભ્યો પાસેથી કોઈ પ્રતિભાવ આવેલ નથી.

એકંદરે એક વાત આપણે સૌએ સમજી લેવી જોઈએ કે કોઈપણ સિસ્ટમ ૧૦૦ ટકા સંપૂર્ણ નહિ હોય. આપણા દેશ સહિત વિશ્વના અનેક લોકશાહી દેશોમાં જુદી જુદી રીતે થતી ચૂંટણી પધ્ધતિઓ - કોઈપણ Fool Proof નથી. સમયાંતરે જે ખામીઓ દેખાય એ દૂર કરવા મથતા રહેવું પડે. આપણા દેશની ચૂંટણીઓમાં પણ છેલ્લા ૨૦-૨૫ વર્ષમાં થયેલા સુધારાઓના કારણે ઘણો ફરક પડ્યો છે. ખામીઓ દૂર કરવાની પધ્ધતિઓમાં કંઈને કંઈ ખામી દેખાય જ. આમ છતાં જેટલો અમલ થઈ શકે તેટલો કરતા રહેવાથી લાંબાગાળે ફરક પડે. તે માટે કોઈ ટૂંકો રસ્તો નથી.

***થોડી વિગત જોઈએ :***

***કાર્યકર્તાની ક્ષમતાનો ક્યાસ :***

૧. જુદી જુદી સમિતિઓમાં થતી કામગીરીથી
૨. જુદી જુદી સભાઓ, કાર્યક્રમોમાં કાર્યકર્તાઓ દ્વારા અપાતી હાજરીથી
૩. તેમના દ્વારા થતા સૂચનો અને કરાતી રજૂઆતો પરથી.

સવાલ એ આવે કે સામાન્ય મતદારને આ બધી માહિતી કેમ મળે? આ માહિતી આપવાની ફરજ સમાજની, એટલે કે ટ્રસ્ટીઓ અને હોદ્દેદારોની હોય. સામાન્ય સભામાં દર વર્ષે સંસ્થાના કાર્યોની માહિતી આપવામાં આવે છે પણ થયેલ કાર્યની જ માહિતી હોય છે. તેની સાથે સમિતિઓમાં નોંધપાત્ર રીતે કાર્ય કરતા સક્રિય સભ્યોની કામગીરી સાથે નામ જાહેર થવા જોઈએ. ઉપરાંત 'મંગલ મંદિર'ના માધ્યમથી પણ આ પ્રકારની જાણકારી અપાવી જોઈએ. મીટિંગોની હાજરી એ પૂરું મૂલ્યાંકન નથી એ સાચું, પણ વ્યક્તિ શક્ય હોય તેટલો સમય તો આપે જ છે. એટલે એ માહિતી પણ અપાવી જોઈએ.

કારોબારીના સભ્યો પાસેથી નવા કાર્યો અન્વયે અને કાર્યપધ્ધતિ સુધારવાના સૂચનો માગવા જોઈએ અને તેને યોગ્ય સ્વરૂપે આવકારવા જોઈએ. મિનિટ્સમાં તેમના નામ સાથે યોગ્ય રીતે નોંધ લેવી જોઈએ. હાલ 'મંગલ મંદિર'માં અન્ય સંસ્થાઓની ગતિવિધિઓના સમાચારો અપાય છે એ રીતે સમાજ તથા વિવિધ સમિતિઓની કાર્યવાહીના સમાચારો ઉપર જણાવ્યા પ્રમાણે અલગ શીર્ષક સાથે આપી શકાય. આ વિગતના સંદર્ભમાં સમાજનો માસિક અહેવાલ અલગ બાબત છે.

ઉમેદવારોનો પરિચય ચૂંટણી પૂર્વે આપવા બાબત પણ સવાલ ઉઠાવવામાં આવે છે કે તેને કોણ વાંચશે? પરંતુ ૧૦-૧૫ ટકા મતદારો વાંચે અને તેઓ બીજા ૧૦-૧૫ ટકાને કહેશે. આ રીતે થોડી અસર જરૂર થશે. એટલે આ માહિતી ઉમેદવારો અને સમાજ દ્વારા અપાવી જોઈએ. સમાજના બોર્ડ ઉપર અથવા 'મંગલ મંદિર'માં રજૂ કરી શકાય. જ્ઞાતિવાદનું દૂષણ છે પણ ૧૦૦ ટકા નથી. મતદારોને પૂરતી માહિતી હોય તો જરૂર ફરક પડે છે. આ માટે વિવિધ પ્રસંગોએ સતત પ્રચાર કરવો જોઈએ અને સામાન્ય સભા સાથે અગર ચૂંટણી થવાની હોય તો આવી જાહેર અપીલ ખાસ કરવી જોઈએ.

ચૂંટણી ન કરવી પડે તો સૌથી સારું.

આ માટે પણ સૂચનો આવ્યા છે.

અમુક સમય સમિતિઓમાં કે અન્ય રીતે સક્રિય રહ્યા બાદ

---

***સ્નેહી શ્રી અશોકભાઈ,***

કચ્છમાં કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણીના કાર્યો માટે જે જરૂરી રકમ છે તેમાંથી નહિવત્ રકમ જ ફાળવવામાં આવી છે. આ અંગે ગત વિધાનસભામાં પણ મેં મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. આગામી વિધાનસભામાં પણ મારી માંગણી રહેશે. સરકાર પ્રોપેગેન્ડા માત્ર કચ્છને નર્મદાના પાણીનો કરે છે પરંતુ નાણાંની જોગવાઈ પૂરતી થતી નથી. તેથી નર્મદાનું પાણી મળવામાં અત્યંત વિલંબ થશે. આપણે સરકાર પર દબાણ વધારવું જરૂરી છે. હું મારા તરફથી તમામ પ્રયત્નો કરતો રહું છું અને કરતો રહીશ.

આભાર સહ.

***શક્તિસિંહ ગોહિલ, ધારાસભ્ય - અબડાસા વિભાગ***

---

*એકલા એકલા મૂંઝાયા કરવાથી સારું એ છે કે કોઈને તમારું દુઃખ જણાવી દો.*

જ કારોબારીમાં ઉમેદવારી કરી શકાય અને ત્યારબાદ કારોબારીમાંથી એ જ રીતે ટ્રસ્ટ મંડળમાં આવે.

વિચાર સારો છે, પણ બંધારણ સુધારો કરીને બંધન લાદવામાં જોખમ છે. ટ્રસ્ટમંડળ આવો ઠરાવ કરીને શક્ય એટલો અમલ સમજાવટથી કરાવી શકે. કારોબારીમાં અમલ કરાવી શકાય. ટ્રસ્ટ મંડળમાં ભૂતકાળમાં જે થયું એ કદાચ અનિવાર્ય હતું પણ હવે સક્રિય સભ્યો આવે એવા પ્રયત્ન કરી શકાય. આ માટે હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓએ સક્રિય થવું પડે. ઉમેદવારો સાથે ચૂંટણી પહેલા મીટિંગ કરી સમજાવટથી કામ લેવાય તો યોગ્ય પરિણામ મળે.

બંધારણમાં જોગવાઈ છે કે કારણ વગર, જણાવ્યા વગર સતત ગેરહાજર રહેનાર સભ્યને દૂર કરી શકાય. આ જોગવાઈનો અમલ હવે થવો જોઈએ.

આ રીતે શક્ય રીતે પ્રયત્નો કરીને તથા સતત પ્રચાર અને અમલ કરવાથી જરૂર ફરક થઈ શકે. **માત્ર નકારાત્મક વિચારોથી કંઈ ન થાય.**

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

★

## પહેલ કોણ કરે?

'મંગલ મંદિર' માસ ફેબ્રુઆરી-૨૦૧૫ના અંકનો તંત્રીલેખ વાંચ્યા બાદ મારા વિચારો નીચે મુજબ છે.

વર્ષો પહેલાં આપણા સાધુ - સાધ્વીજી મહારાજો અમુક વિસ્તારમાં જ વિચરતા. જૈનોની વસતિ પણ એ વિસ્તારોના ગામોમાં સ્થાયી હતી. એટલે તે વખતે વિહાર પણ લાંબા અંતરના નહોતા કેમકે દરેક ગામ એકબીજાથી ૧૦-૨૦ કિ.મી.ના અંતરે હતા. કાળાંતરે જૈનોના ઘર દેશ વિદેશમાં ફેલાતા ગયા. સમયની માંગ અને ધર્મના પ્રચાર - પ્રસાર માટે જૈન સાધુ - સાધ્વીજી મહારાજો પણ લાંબા અંતરના વિહાર કરવા માંડ્યા. જે ક્યારેક ૮ મહિનામાં ૫૦૦થી ૧૦૦૦ કિ.મી.ના થવા લાગ્યા. આજની પરિસ્થિતિમાં ૧૦૦ કિ.મી.ના વિહાર દરમ્યાન જૈનોના ઘર નથી હોતા.

લોકસંખ્યા વધતી જાય છે ખરી પણ સાથોસાથ ગામડાઓ ખાલી થતા જાય છે અને બધા આધુનિક જીવનશૈલીથી આકર્ષાઈને શહેર તરફ દોટ મૂકે છે.

એક ગામથી બીજે ગામે મુસાફરી કરવાના સાધનોમાં પણ બદલાવ આવતા જાય છે. પહેલા બળદગાડું મોભાનું પ્રતીક લેખાતું, પણ આજે તો ક્યાંય ગણતરીમાં નથી. વાહનોની ગતિ વધતી જાય છે તેમ સંખ્યા પણ વધતી જાય છે.

આ પ્રકારની પરિસ્થિતિમાં આજના વિહાર અઘરા થતા જાય છે.

★ આજે બે ઠાણા કે બાર ઠાણાનો વિહાર હોય એટલે એમની જોડે એક વાહન તો હોય જ છે. જે જરૂરી સામાન એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવા ઉપયોગમાં લેવાય છે. એકાદ કોઈ મોટી ઉંમરના સાધુ-સાધ્વીજી હોય તો વ્હીલચેર પણ ખરી જ. એટલે સાથે બે-ચાર જણ બીજા હોય.

★ પહેલા જ્યારે ગામડે ગામ જૈનોની વસતિ હતી ત્યારે સાધુ - સાધ્વીજીઓ એમને ત્યાં ગોચરી વહોરાવતા. આજે એવું બને છે કે આપણે એમના માટે ખાસ ગોચરી લઈ જઈએ છીએ કારણ વચમાં જૈનોના કોઈ ઘર નથી.

આ કારણે આજે એવું લાગે છે કે આવા લાંબા વિહારોમાં પ્રવચનો ઓછા અને સમયનો વ્યય વધારે છે. એક શહેર / ગામથી બીજા શહેર / ગામે વિહાર કરવા જે ૬ થી ૮ મહિનાનો સમય લાગે છે તેના બદલે જો વાહનનો ઉપયોગ લેવાય તો વચ્ચે આવતા જૈનોના વસતિવાળા ગામોમાં વધારે સમય આપી શકાય અને બીજા ગામોમાં પણ જાહેર પ્રવચનો ગોઠવી શકાય. બીજી તરફ જો વાહનનો ઉપયોગ લેવાય તો માર્ગમાં થતાં અકસ્માતો પણ ટાળી શકાય.

હવે થોડાક વર્ષ પહેલાનો દાખલો આપું છું.

વિહાર કરતાં પૂ. સાધ્વી મહારાજ સાહેબને હું વંદન કરવા ગયો હતો. વંદન કરી વાર્તાલાપ દરમ્યાન મેં એમને પ્રશ્ન કર્યો કે તમારી સાથે જે વાહન ચાલે છે તેનો દોષ કોને લાગે – શ્રાવકને કે તમોને?

ખુલાસો મળ્યો કે એ દોષ એમને પોતાને લાગે.

ત્યારે મેં બીજો સવાલ કર્યો કે જો દોષ તમને લાગતો હોય તો એ વાહનમાં પ્રવાસ કરો તો દોષ તો તમને જ લાગવાનો. દોષ લાગ્યા પછી અમુક ક્રિયા તમોને કરવી પડે પણ તેની સામે ઉપર જણાવેલ ફાયદા પણ છે.

બીજી તરફ તેમણે ખુલાસો કર્યો કે આમાં સંઘના લાખો રૂપિયા પણ બચી શકે અથવા યોગ્ય સ્થળે પ્રચાર-પ્રસારમાં સમય વાપરી શકાય.

'પણ પહેલ કોણ કરે?' એ સવાલ એમણે ઉપસ્થિત કર્યો.

આ લખતી વખતે મને એમ લાગે છે કે પહેલ થઈ ચૂકેલ છે...

ઘણા સાધુ - સાધ્વીજી મહારાજો માઈકનો, મોબાઈલનો વપરાશ કરી રહ્યા છે.

વિદેશમાં જતાં વાહનનો વપરાશ પણ કરે છે.

આવા બીજા દાખલા પણ છે જ્યાં પહેલ થઈ ચૂકેલ છે.

*જયંતીલાલ ગડા - સોલાપુર*
*મો. ૯૪૨૧૦ ૪૭૩૪૮*

*મોબાઈલ આવ્યો, કેમેરો ગયો*
*મોબાઈલ આવ્યો, ઘડિયાળ ગઈ*
*મોબાઈલ આવ્યો, ટોર્ચ ગઈ*
*મોબાઈલ આવ્યો, રેડિયો ગયો*
*મોબાઈલ આવ્યો, એમ.પી.-થ્રી ગયું*
*મોબાઈલ આવ્યો, ટપાલ ગઈ*
*મોબાઈલ આવ્યો, કોમ્પ્યુટર ગયા*
*મોબાઈલ આવ્યો, નિરાંત ગઈ*
*અને તમારો મોબાઈલ....*
*જો તમારી પત્નીના હાથમાં આવ્યો, તો તમે ગયા....!*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે 'અતિથિ ભવન' તથા 'વિદ્યાર્થી હોસ્ટેલ'નો પ્રોજેક્ટ હાથ પર લીધેલ છે અને તેની કાર્યવાહી સંતોષજનક રીતે આગળ ધપી રહેલ છે.

સૌપ્રથમ તો સક્ષમ કચ્છી મહાનુભાવો પાસેથી રૂા. ૧૦ કરોડ જેટલી રકમની બાર મહિનાની વગર વ્યાજની લોન મેળવી, તે મકાન બિલ્ડર પાસેથી સંપૂર્ણપણે વેચાતુ લઈ તથા તેનો કબજો મેળવી પ્રોજેક્ટને કાર્યરત કરી દેવા માંગે છે. અને ત્યારબાદ યોજના અનુસારના દાનો મેળવી, લોનની ભરપાઈ કરી દેવા માંગે છે.

અત્યાર સુધી આ સમાજે વિવિધ મહાનુભાવો પાસેથી નીચે મુજબની લોનના વચનો મેળવેલ છે કે જેમાંથી સારી એવી રકમ મેળવી પણ લીધેલ છે. મેળવેલ વચનો અનુસારની લોનની વિગત નીચે મુજબ જાહેર થયેલ છે :

| | | | | |
|---|---|---|---|---|
| ★ | શ્રી હરખચંદભાઈ સાવલા, ગાંધીનગર | રૂા. | ૧.૦૦ | કરોડ |
| ★ | એક સદ્‌ગૃહસ્થ તરફથી, નાઈરોબી | રૂા. | ૧.૦૦ | કરોડ |
| ★ | શ્રી હરીશભાઈ રંગવાલા, અમદાવાદ | રૂા. | ૫૧.૦૦ | લાખ |
| ★ | શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન, અમદાવાદ | રૂા. | ૫૧.૦૦ | લાખ |
| ★ | ગૂર્જર પ્રકાશન, હા. શ્રી મનુભાઈ શાહ, અમદાવાદ | રૂા. | ૨૫.૦૦ | લાખ |
| ★ | શ્રી વિજયભાઈ ગઢવી, માંડવી - કચ્છ | રૂા. | ૨૫.૦૦ | લાખ |
| ★ | શ્રી ચીમનભાઈ પલણ, અમદાવાદ | રૂા. | ૧૧.૦૦ | લાખ |
| ★ | શ્રી પ્રબોધભાઈ ઠક્કર, કર્ણાવતી દાબેલી, અમદાવાદ | રૂા. | ૧૧.૦૦ | લાખ |
| ★ | શ્રી મેઘજીભાઈ ખેતાણી, પટેલ ટૂર્સ, અમદાવાદ | રૂા. | ૧૦.૦૦ | લાખ |
| ★ | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ, અમદાવાદ | રૂા. | ૧૦.૦૦ | લાખ |
| ★ | શ્રી મણિલાલ કુંવરજી ગોસર, અમદાવાદ | રૂા. | ૧૦.૦૦ | લાખ |
| ★ | ડૉ. હિતુભાઈ શાહ, અમદાવાદ | રૂા. | ૧૦.૦૦ | લાખ |
| ★ | શ્રી હસમુખભાઈ ખીમજી મહેતા, અમદાવાદ | રૂા. | ૫.૦૦ | લાખ |
| ★ | શ્રી જગદીશભાઈ ઠક્કર, અમદાવાદ | રૂા. | ૫.૦૦ | લાખ |
| ★ | શ્રી સલીમભાઈ જત, મુંદ્રા (કચ્છ) | રૂા. | ૫.૦૦ | લાખ |
| ★ | શ્રી નરસિંહભાઈ પટેલ, ટીમ્બર પોઈન્ટ, અમદાવાદ | રૂા. | ૨.૫૧ | લાખ |
| ★ | શ્રી કીર્તિભાઈ મણિલાલ બારૂ, અમદાવાદ | રૂા. | ૨.૦૦ | લાખ |
| ★ | શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, અમદાવાદ | રૂા. | ૧.૦૦ | લાખ |
| ★ | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી, અમદાવાદ | રૂા. | ૧.૦૦ | લાખ |

સમાજના કાર્યકરો વધુને વધુ કચ્છી મહાનુભાવોનો સંપર્ક સાધવા પ્રયાસ કરી રહેલ છે અને આવતા દિવસોમાં તેના ખૂબ જ સારા પરિણામો આવશે તેવી ગણના રાખવામાં આવેલ છે.

દરેક કચ્છી મહાનુભાવને આ પ્રોજેક્ટમાં સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

***ભરત ઓઝા, માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

*આપણી ઊર્જા કેવળ નિંદામાં જ વેડફાય તો પછી વંદન ક્યારે કરીએ.*

## માનવ દેહદાન અંગે એક અનોખા ઉદાહરણરૂપ

### *'ઝિંદગી દેને વાલે સૂન... તેરી દુનિયાસે દિલભર ગયા'*



કચ્છ ભુજના કચ્છી વીસા ઓસવાળ ગુર્જર સમાજનો હું **શરદચંદ્ર હરિલાલ પરષોત્તમ શાહ,** છેલ્લા કેટલાક વર્ષોથી વર્તમાન પત્રો / મેગેઝિનોમાં **'સહસા'** નામે મારી કૃતિઓ રજૂ કરતો રહ્યો છું. છેલ્લા કેટલાક સમયથી મારા બંને હાથોમાં લકવો હોવાથી હવે મારાથી લખી શકાતું નથી. છતાં હું બોલું અને કોઈ લખે તો હજુ પણ મારે ઘણું લખવાની ઈચ્છા છે. મારા અત્યાર સુધીના લખાણ કાર્યને નીચે મુજબ પારિતોષિક પ્રાપ્ત થયા છે.

અખિલ ભારતીય ગુજરાતી નિબંધ સ્પર્ધા વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩માં અનુક્રમે પ્રથમ અને આશ્વાસન ઈનામો મળેલા છે.

છેલ્લા ૧૩ મહિનાથી પથારીવશ છું ત્યારે મને વિચાર આવ્યો કે મારા મૃત્યુ પછી મારા નશ્વર દેહને અગ્નિદાહ દેવાશે અને બધું બળીને ભસ્મ થઈ જશે. તેના કરતાં મારું આ શરીર અને તેના ભાગ બીજા કોઈ જરૂરતમંદને ઉપયોગમાં આવશે તો મારો તો જન્મ સફળ થયો ગણાશે. જેથી મેં મારા ચક્ષુ તથા દેહને બેંગ્લોરની હોસ્પિટલોમાં દાન કરવાનું લખી આપેલ છે. મારી આ વિગતનો હેતુ સમાજમાં ચક્ષુદાન, અવયવ દાન ક્ષેત્રે જાગૃતિ ફેલાવવાનો છે કે જેથી આપણા મૃત્યુ પછી જરૂરિયાતમંદ વ્યક્તિઓના જીવનમાં થોડી ખુશી આનંદ આવે અને આપણો મહામૂલ્યભર્યો મનુષ્ય અવતાર સફળ થયો ગણાય.

સૌને મિચ્છામિ દુક્કડમ્ તથા જય જિનેન્દ્ર!

***"સહસા"***

***શરદચંદ્ર હરિલાલ શાહ***

## જીવદયા ગૌરક્ષા મહા અભિયાન સમિતિ - વડોદરા

વડોદરા ખાતેની ઉપરોક્ત સમિતિ દ્વારા જીવદયા, ગૌરક્ષા તેમજ અહિંસા ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપવા બદલ તાજેતરમાં શ્રી બચુભાઈ પી. રાંભિયાને "ગૌરત્ન ઍવોર્ડ-૨૦૧૫" તથા પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત, સમિતિ દ્વારા નક્કી થયા મુજબ 'અમર શહીદ ગૌરક્ષક ગીતાબેન રાંભિયા ઍવોર્ડ' ઉપર જણાવેલ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરનારને પ્રતિવર્ષ અપાશે. તે અન્વયે ચાલુ વર્ષના ઍવોર્ડ ગુજરાતની વિવિધ ક્ષેત્રની ૨૧ વ્યક્તિઓને એક કાર્યક્રમ દરમ્યાન અર્પણ કરવામાં આવ્યા હતા.

## સમેત શિખરમાં પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

'મનઃ દ્રવતિ ઈતિ મંદિર' અર્થાત્ જ્યાં પગ મૂકતા જ મન પીગળીને પ્રભુમાં લીન થઈ જાય તે જ સાચું મંદિર. સમેત શિખરજી ખાતે આવા જ એક સાચા મંદિરમાં પધરાવાયેલી પ્રભુજીની પ્રતિમામાં જૈન શાસ્ત્રીય મંત્રોચ્ચાર વિધિ સાથે પ્રાણ પૂરાયા હતા. આ સાથે જ સમેત શિખરજીમાં યોજાઈ રહેલા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની, તાજેતરમાં પૂર્ણાહુતિ થઈ હતી. પ્રતિષ્ઠા વિધિ વખતે વાતાવરણ એટલું ધર્મસભર હતું કે શ્રાવકો થોડી ક્ષણ માટે જાણે પ્રભુમાં જ સમાઈ ગયા હતા.

સમેત શિખરજી ખાતે ૯ લાખ ચોરસ ફૂટમાં તળેટી તીર્થની રચના કરવાનો પુરુષાર્થ આદર્યો હતો. પ્રથમ તબક્કામાં શ્રી પાર્શ્વવલ્લભ પ્રાસાદ - મુખ્ય જિનાલય ઉપરાંત તેને ફરતા ૨૪ તીર્થંકરોના શિખરબધ્ધ જિનાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સરોવર મધ્યે આ મંદિર કલાકૃતિ - શિલ્પ - સ્થાપત્ય કલાની દૃષ્ટિએ ભારતમાં બેનમૂન બન્યું છે.

આ મહા મહોત્સવ દરમ્યાન પ્રભુજીના પાંચ કલ્યાણકની ધાર્મિક વાતાવરણ વચ્ચે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જૈન શાસન પરંપરાની આગવી એવી અંજન શલાકાની વિધિ સંપન્ન થયા બાદ પ્રતિષ્ઠા વિધિનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ દ્વારોદ્ઘાટનની વિધિ સંપન્ન થતાં જ મહોત્સવની પૂર્ણાહુતિ થઈ હતી. આ પછી પાંચ મુમુક્ષુઓનો દીક્ષા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો.

## દેહદાનની સંમતિ આપીને સમગ્ર સમાજને પ્રેરણા આપી....

*મૃત્યુ પછી માનવીનું શરીર ગણતરીના કલાકોમાં કામ વિનાનું થઈ જતું હોય છે અને તેને અગ્નિસંસ્કાર કરીને પંચ મહાભૂતમાં વિલીન કરી દેવાય છે. પરંતુ કેટલાક લોકો એવા છે, જે મૃત્યુ પહેલાં પોતાના શરીરનો અગ્નિ સંસ્કાર કરવાને બદલે દેહદાન, ચક્ષુદાન અને અવયવ દાન કરવાનું કહેતા હોય છે. આવું જ શુભ અને ઉત્કૃષ્ટ કાર્ય શ્રી શરદચંદ્ર શાહે કર્યું છે, જે ખરેખર સરાહનીય છે. એટલું જ નહિ પરંતુ દરેક માટે પ્રેરણારૂપ, આદર્શમય અને અનુકરણીય બાબત છે. તેમનું ઉમદા પગલું કોઈના જીવનમાં અજવાળા પાથરી શકે છે. શ્રી શરદભાઈની ઈચ્છાશક્તિ ખરેખર મહાન કહી શકાય. તેમનો જુસ્સો, ઉષ્મા અને નિષ્ઠા સદૈવ સમાજ માટે ગૌરવરૂપ રહેશે.*

*આ પ્રકારની પ્રબળ ઈચ્છા વ્યક્ત કરીને તેનું અનુકરણ કરનાર વ્યક્તિ અર્થે દરેક સમાજોએ કોઈ સુંદર અને વ્યવસ્થિત યોજના તૈયાર કરીને અમલમાં મૂકવી જોઈએ.*

***— તંત્રી મંડળ, મંગલ મંદિર***

## મુંબઈમાં અહિંસાપ્રેમી જૈન ડોક્ટરોએ મળી વેજ મેડિસિનનો પ્રચાર શરૂ કર્યો

અહિંસા એ જૈન ધર્મનો પાયાનો સિદ્ધાંત છે. એટલે જ જૈન ડોક્ટરોએ ભેગા મળીને શાકાહારી ઔષધો (વેજ મેડિસિન્સ)નો પ્રચાર અને પ્રસાર કરવા માટે કમર કસી છે.

એક ડૉક્ટરે જણાવ્યું હતું કે જૈન ધર્મના અનુયાયીઓમાંથી ઘણા ખરા એ નથી જાણતા કે કેપ્સ્યુલ્સ અને કેલ્શિયમની ગોળીઓ કેવી રીતે તૈયાર થાય છે! જો વિકલ્પ હોય છતાં શા માટે પ્રાણીજન્ય ઔષધિનો ઉપયોગ કરવો જોઈએ?

અહિંસક દવાનો પ્રચાર કરવા માટે અને લોકોને એ વિશે જાણકારી પૂરી પાડવા માટે જૈન ડોક્ટર્સ ફેડરેશનની રચના કરવામાં આવી છે. દવાના પેકેટ ઉપર ક્યાંય લખેલું નથી હોતું કે તેમાં પ્રાણીજન્ય તત્ત્વ વાપરવામાં આવ્યું છે.

સામાન્ય લોકો જ નહીં ઘણાં ડૉક્ટરો પણ આ બાબતથી અજાણ હોય છે. એટલે જ સમૂહ ચર્ચા, ઓનલાઈન ફોરમ અને પરિષદો યોજીને અહિંસક ચિકિત્સાના આ વિચારને લોકો સુધી પહોંચાડવા માટે કમર કસી છે.

ફેડરેશનના ડોક્ટરે કહ્યું હતું કે તબીબોની પહેલી ફરજ દર્દીનો જીવ બચાવવાની હોય છે. એટલે અહિંસક ચિકિત્સાનો આ વિચાર જીવ બચાવવા માટેના ઉપચારમાં વચ્ચે નથી લાવવા માંગતા પરંતુ અમે ડૉક્ટરોને સમજાવીએ છીએ કે શક્ય હોય ત્યાં સુધી વૈકલ્પિક દવાઓ વાપરો. ■

## શિક્ષણ
★ **૧૪ વર્ષે અંજાર વીર બાળભૂમિ સ્મારકનો ઉકેલ :** ૨૦૦૧ના ધરતીકંપના સમયે અંજારમાં ખત્રી ચોકમાંથી પ્રજાસત્તાક પર્વની રેલીમાં ભાગ લઈ રહેલા ૧૮૨ બાળક દટાઈને મૃત્યુ પામ્યા હતા. જેમાં ૨૧ શિક્ષક અને બે પોલીસ કર્મચારીઓ પણ હતા. નાના ભૂલકાંઓને અંજલિ આપવા વીર બાળભૂમિ સ્મારક બનાવવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ ૧૪ વર્ષ બાદ તે સ્મારક માટે એક ખાનગી કંપનીએ તાજેતરમાં તૈયારી દર્શાવેલ છે. સ્મારકના નિર્માણમાં ૫૦ ટકા રકમ લોક ભાગીદારી તથા ૫૦ ટકા સરકાર ચૂકાવે તેવી રીતે આ પ્રોજેક્ટ આકાર પામવાનો હતો. અલબત્ત લોક ભાગીદારીની રકમ એકત્રિત નહીં થતા લાંબા સમય સુધી પ્રોજેક્ટ અટકેલો છે. તાજેતરમાં મુખ્યમંત્રીશ્રી દ્વારા હકારાત્મક નિર્ણય લેવાતા આ પ્રશ્નનો અંત આવ્યો છે.

★ **માઇનિંગ ઈજનેરી એસોસિએશન :** માઈનિંગ અને ભૂસ્તર વિષયનો અભ્યાસ કરતા કચ્છના વિદ્યાર્થીઓને લાભ કરતી એક પહેલમાં ભુજની સરકારી પોલીટેકનિકના માઈનિંગ વિભાગ ખાતે દેશના માઈનિંગ એસોસિએશનના સ્ટુડન્ટ સેન્ટરને ખોલવામાં આવશે. જેનાથી જિલ્લાની ખનીજ કંપનીઓમાં રહેલી તકો અને વિદ્યાર્થીઓના વ્યવસાયલક્ષી અભ્યાસની દિશામાં સંકલન સાધી શકાશે.

★ **વાઈબ્રન્ટ કચ્છ :** કચ્છમાં ઔદ્યોગિક ગતિવિધિને વધુ વેગ આપવા ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ - કચ્છ દ્વારા આ મહિનાની આખરમાં શરૂ થઈ રહેલા વાઈબ્રન્ટ કચ્છ - ૨૦૧૫ના આરંભમાં મુખ્યમંત્રી ઉપરાંત ઉદ્યોગ જગતના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહે તેવું ત્રિ-દિવસીય આયોજન કરવામાં આવ્યું છે.

★ **૫૦ લાખનો દાડમનો પાક :** મુંદ્રા તાલુકાના નાના એવા કણઝરા ગામના અશિક્ષિત ખેડૂત અરજણ નારાણ ચાવડા (આહીર) ચાર વર્ષ પહેલાં ખેડૂત તરીકે બેહાલ હતા. ચારેક વર્ષથી પાંચ એકર જમીનમાં દાડમની ખેતી કરી અને જે ધુબાકો બોલી ગયો કે, વાત ન પૂછો! પહેલા વર્ષે સાત જ કિલો દાડમનો પાક થયો. કુદરતનો પડકાર આ મહેનતકશ કિસાને ઊઠાવ્યો અને દાડમનો મબલખ પાક શા માટે ન થાય? એ એક જ લગની સાથે કામે લાગ્યા. પરિણામે આ મોસમમાં એક એક છોડ દીઠ ૨૦થી ૨૨ કિલો ઉત્પાદન થયું. એક દાડમ ૨૫૦થી ૩૦૦ ગ્રામનું. ઉત્પાદને એકાએક જમ્પ માર્યો. ૫૦ લાખનો પાક ઉતર્યો. બનાસકાંઠા, દિલ્હીથી માંડી અખાતના રાષ્ટ્રોથી ઓર્ડર આવવા માંડ્યા. જો કચ્છી કિસાન નક્કી કરી લે કે ખેતીમાં સફળ થવું જ છે, તો ચાર જ વર્ષમાં ચમત્કાર થઈ શકે છે, તે આને કહેવાય.

★ **સફેદ રણમાં અશ્વદોડ.... ઉપરાષ્ટ્રપતિ પ્રભાવિત :** દેશના ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ હામિદ અન્સારીની તાજેતરની કચ્છ મુલાકાત દરમ્યાન ધોરડો ખાતે પરંપરાગત કચ્છ - સિંધની ઘોડાદોડ સ્પર્ધાનું આયોજન થયું હતું. બન્નીના સિંધી નસ્લના ઘોડાની દોડનું શ્રી રામ - રહીમ સિંધી કચ્છી અશ્વ સહકારી મંડળ - અંજાર દ્વારા આયોજન કરાયું હતું. ઉપરાષ્ટ્રપતિની ધોરડો મુલાકાત વખતે પ્રથમ વખત જ ઘોડાદોડ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં સમગ્ર કચ્છમાંથી ૧૨૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

★ **કલ્ચર ક્ષેત્રે મલેશિયામાં કચ્છ ચમક્યું :** અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘ અને ગ્લોબલ કાઉન્સિલ ઑફ આર્ટ એન્ડ કલ્ચર દ્વારા આયોજિત ૪થી કલ્ચર એલમ્પિક-૧૪માં મલેશિયા ખાતે ૩૦૦ કલાકારોની ૧૬૭ કૃતિમાં માધાપરમાં ઓધવબાગ અને ભુજમાં છઠ્ઠીબારી ભુજ મહિલા મંડળ સાથે કાર્યરત નુપૂર ડાન્સ એકેડેમિના વૈશાલી સોલંકીના માર્ગદર્શન હેઠળ કલાકારો શાસ્ત્રીય નૃત્ય અને જુનિયર ડ્યુએટ શ્રેણીમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત નિર્ણાયકોની પસંદગી પામતાં દ્વિતીય પુરસ્કાર સન્માનપત્ર અને બ્રોન્ઝ મેડલનું આંતરરાષ્ટ્રીય સન્માન મેળવી કચ્છનું નામ રોશન કર્યું હતું.

★ **ગાર્ડ ઓફ ઓનર અને કચ્છી મહિલા :** તાજેતરમાં જ પ્રજાસત્તાક દિને ભારતની મુલાકાતે આવેલા અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ઓબામાને ગાર્ડ ઑફ ઑનર પૂજા ઠાકુર નામની મહિલા અધિકારીએ આપ્યું હતું. આ પ્રકારે વિદેશી રાષ્ટ્રપ્રમુખને ગાર્ડ ઑફ ઑનર આપવું તે કોઈપણ અધિકારી માટે ગૌરવની વાત ગણાય છે. આ પૂર્વે આપણી ગુજરાતી મહિલાએ વિદેશી રાષ્ટ્રપતિને ગાર્ડ ઑફ ઑનર આપી આ ગૌરવ મેળવેલું છે અને આ મહિલા અધિકારી છે મૂળ કચ્છના વતની અને જૈન પરિવારમાંથી આવતા પન્ના મોમાયા. હાલ તેઓ સુરેન્દ્રનગર

Prakash®
PRAKASH METAL CRAFT PVT. LTD.
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

હેડ ક્વાર્ટરમાં ડી.વાય.એસપી. તરીકે કાર્યરત છે. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ અમદાવાદ ઍરપોર્ટ પર ઉતર્યા ત્યારે તેમનું ગાર્ડ ઑફ ઑનરથી સ્વાગત કરવામાં લીડ આ ડી.વાય.એસ.પી. પન્ના મોમાયાની હતી.

★ **તુણાના વિકાસનું નવું દ્વાર :** કે.પી.ટી.ના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે તુણાના જૂના બંદરથી ૮ કિ.મી. અંદર દરિયામાં નવી ચાર ટીશેઈપ જેટીનું નિર્માણ થયું છે. ૧૧ મિ.મે.ટન ક્ષમતાવાળા આ બંદરે ડ્રાય બલ્ક કારગો હેન્ડલ થશે. જેમાં કોલસો, ખાતર, ફોસ્ફરસ વગેરેનો સમાવેશ થાય છે. કે.પી.ટી. - અદાણી ભાગીદારીવાળા બંદરનો તાજેતરમાં કેન્દ્રીય શિપિંગ મંત્રીના હસ્તે પ્રારંભ થયો હતો.

★ **અકસ્માતના કેસમાં સુપ્રીમ કોર્ટે ભુજ ટ્રિબ્યુનલનો ચુકાદો માન્ય ગણ્યો :** ૧૯૯૦માં સૂરજબારી પાસે સર્જાયેલા અકસ્માતમાં મૃત્યુના વળતર અંગેના કેસમાં હાઈકોર્ટના ચુકાદા સામે કરેલી અપીલ સુપ્રીમ કોર્ટે મંજૂર કરી હાઈકોર્ટનો હુકમ રદ કરી ભુજની ટ્રિબ્યુનલનો ચુકાદો પુનઃ સ્થાપિત કરતો મહત્ત્વનો આદેશ કરતાં મધ્યમવર્ગના પરિવારને ચાર લાખની રાહત થઈ હતી. આ કેસમાં વિગત એવી છે કે ૧૯૯૦માં હરદેવસિંહ ઝાલા સૂરજબારી ચોકી પાસે રસ્તો પાર કરતા હતા ત્યારે ટ્રક અડફેટે મૃત્યુ થયું હતું. તેમના વારસોએ વળતરના રૂા. ૭ લાખ ૧૮ ટકાના વ્યાજ દરે અપાવવા દાવો કર્યો હતો. જેમાં ભુજની ટ્રિબ્યુનલ મૃતકની આવક તથા પછીના રિવાઈઝ્ડ પે-સ્કેલને લક્ષમાં લઈ રૂા. ૫.૯૯ લાખ ૧૫ ટકાના દરે વ્યાજ સહિત ચૂકવવા હુકમ કર્યો હતો. સામે વીમા કંપનીએ રકમ ઘટાડવા હાઈકોર્ટમાં અપીલ કરી, જેને માન્ય રાખી કોર્ટે રૂા. ૧,૮૫,૨૦૦/-નો ઘટાડો કરી રૂા. ૩,૬૭,૨૮૮/- ચડત વ્યાજ સાથે રીફંડ અપાવવા તામિલ કરી હતી. મૃતકના વારસોએ ભુજના વરિષ્ઠ ધારાશાસ્ત્રી તથા સુપ્રીમ કોર્ટના ઍડવોકેટ મારફતે કરેલી અપીલ મંજૂર કરતાં સુપ્રીમ કોર્ટે ટ્રિબ્યુનલના હુકમમાં ફેરફાર કરવામાં હાઈકોર્ટે ભૂલ કરી છે તેવું ઠરાવી ટ્રિબ્યુનલનો ચુકાદો પુનઃ સ્થાપિત કર્યો હતો. આ રીતે માનવીય અભિગમના કારણે રૂા. ૪ લાખની રાહત થઈ છે.

★ **હપ્તાવાળી યોજનાઓમાં કચ્છના પાંચ અબજ રૂા. સલવાયા! :** જિલ્લાના મુંદ્રા - ભુજ સહિતના અનેક ડેવલોપર્સ લોભામણી જાહેરાતો સાથે ઈનામો સહિત ૮૦ વારનો પ્લોટ સસ્તામાં આપવા નીકળ્યા. ૮થી ૧૦ હજારવાળા પ્લોટ ૩૦ હજારમાં ગયા અને દસ્તાવેજ થતા નથી. બિનખેતી નથી થઈ તેવી જમીનો પર પ્લોટ પડ્યા અને વેચી દેવાયા. અત્યારે મંદીના માહોલમાં ભાવ એટલા ગગડ્યા છે કે રૂા. ૧ની વસ્તુને ચાર આનામાં ખરીદનારો વર્ગ પણ નથી રહ્યો. બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલા એજન્ટોએ દરેક ઠગારી યોજનાના મૂળની તપાસ કરતાં જાણવા મળે છે કે ૨૦થી ૫૦ ટકા કમિશનની લાલચ આપી એજન્ટો મારફતે યોજનાના સભ્યો બનાવવાની ધૂમ પ્રવૃત્તિ ચાલી, પરિણામ એ આવ્યું કે લેભાગુ એજન્ટોએ પ્રથમ પોતાના નજીકના સગાસંબંધી, બાદ મિત્ર વર્તુળ અને પડોશીઓને આ સરળ હપ્તાથી પ્લોટ યોજનામાં ઓરી નાખ્યા. ગ્રાહક પાસેથી હપ્તા ઉઘરાવવાનું કામ કરી ડેવલોપર્સની ઓફિસે રૂપિયા જમા કરાવવાનું મહત્ત્વનું કામ આ એજન્ટોએ કર્યું. યોજના પૂર્ણ થયા બાદ પોતાના કમિશનની રકમની માંગણી કરી ત્યારે તમને કમિશન પેટે ૨-૪ પ્લોટ જ આપીશું એવું કહેવામાં આવ્યું. આવા એજન્ટો માટે તો 'રીઢે વે ને રસ્સોયે વ્યો' જેવો તાલ થયો છે.

*(વર્તમાન પત્રો પર આધારિત)*

## અંધશ્રદ્ધાને તિલાંજલિ આપો

આપણા દેશના જ્યોતિષીઓના ગુરુ ગણાતા એવા આચાર્ય પરાશરમ નામના પ્રખર જ્યોતિષીએ ગયે વર્ષે તા. ૧ તથા ૨ ડિસેમ્બર ૨૦૧૩ના રોજ સુરતના કાનજીભાઈ દેસાઈ હોલમાં ભવિષ્ય માટેની ચાર આગાહીઓ નીચે મુજબ કરેલી.

૧. નરેન્દ્ર મોદીના ગ્રહોની શક્તિ તેમને વડાપ્રધાન બનવા માટે ઓછી હોવાથી તેઓ વડાપ્રધાન બની શકે એમ નથી.


૨. તા. ૧૫ ઓગસ્ટથી તા. ૧૪ સપ્ટેમ્બર સુધીમાં ભારત-પાકિસ્તાન વચ્ચે યુધ્ધ થશે.

૩. ઉપર જણાવેલ સમય દરમ્યાન યુદ્ધ ન થાય તો ૩ નવેમ્બર ૨૦૧૪ સુધીમાં યુદ્ધ થશે.

૪. છેલ્લી ચોથી આગાહી એ કરેલી કે તા. ૧૫ એપ્રિલથી તા. ૧૪ મે સુધીમાં અવશ્ય યુધ્ધ થશે.

તેમની આ ચારેય આગાહીઓ ખોટી પડી છે. શું હજી પણ જ્યોતિષીઓની વાતો માનવી જોઈએ? જુઓ કે નરેન્દ્ર મોદીના નબળા ગ્રહો ક્યારે પાવરફૂલ થઈ ગયા તેની જ્યોતિષાચાર્ય શ્રી પરાશરમને ખબર જ ન પડી! અને યુદ્ધના ગ્રહ શનિ મહારાજ ક્યાં સંતાઈ ગયા તેની જાણ પણ પરાશરમજીને થઈ નહીં. હજી પણ જન્માક્ષરો મેળવીને સગાઈઓ થવી જોઈએ? હજુ પણ એક જ શુભ દિવસે શુભ ઘડીએ બધા લગ્નો થવા જોઈએ?

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 2242 7310 • Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **ધીરેન નાનજી દેઢિયા**
  એ/૩૦૪, શેત્રુંજય રેસીડેન્સી,
  આનંદનગર એસ.ટી. સ્ટેન્ડની ગલીમાં,
  પ્રહલાદ નગર રોડ, આનંદનગર ચાર રસ્તા,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૪૨૬૭ ૦૦૯૧૩, ૯૬૩૮૮ ૦૦૮૭૨

## શરણાઈ

- **રવિવાર, તા. ૧૫-૨-૨૦૧૫**
  **ચિ. વિશાલ હરખચંદ કુંવરજી ગોસર (ગોધરા - અમદાવાદ)**
  **ચિ. હેમાલી શૈલેષ હેમરાજ રાંભિયા (રામાણિયા - કચ્છ)**

## અવસાન

- **શુક્રવાર, તા. ૨૩-૧-૨૦૧૫**
  **માતુશ્રી સરોજબેન શામજીભાઈ વીરા (ઉં.વ.-૭૫) (ફરાદી - અમદાવાદ)**
- **સોમવાર, તા. ૨૩-૨-૨૦૧૫**
  **કુ. કિંજલ મિલન પદમશી શાહ (ગોસર) (ઉં.વ.-૧૪)**
  **(બાયઠ - અમદાવાદ)**

સદ્‌ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના...

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો તરફથી પ્રાપ્ત થયેલ લવાજમની યાદી

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો તરફથી નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.*

| ક્રમ | સભ્યનું નામ |
|---|---|
| ૧. | રાજેન્દ્ર ત્રિભુવન શાહ |
| ૨. | સુશીલ કીર્તિકુમાર મોમાયા |
| ૩. | હરખચંદ દામજી શાહ |
| ૪. | નેમજી ઉમરશી ગંગર |
| ૫. | જયપ્રકાશ હરિલાલ દલાલ |
| ૬. | અનિસ અરવિંદકુમાર દોશી |

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

| | |
|---|---|
| રૂા. ૨૫,૦૦૦/- | શ્રી મંગલદાસ શિવજી દનાણી (વારાપધ્ધર) ચેરિટેબલ ટ્રસ્ટ - માધાપર (કચ્છ) |
| રૂા. ૨૫,૦૦૦/- | સ્વ. સાકરબેન મોહનલાલના સ્મરણાર્થે - માધાપર (કચ્છ), હસ્તે : જલારામબાપા |
| રૂા. ૨૧,૦૦૦/- | શ્રી નલિન મગનલાલ શાહ (ફરાદી - અમદાવાદ) |
| રૂા. ૧૫,૦૦૦/- | એક સદ્‌ગૃહસ્થ તરફથી - મુંબઈ |
| રૂા. ૧૨,૦૦૦/- | શ્રી જલારામ સેવા મંડળ - માધાપર હસ્તે : દિલીપભાઈ રતિલાલ ભીંડે - માધાપર |
| રૂા. ૧૨,૦૦૦/- | શ્રી વલમજી આર. પલણ - અમદાવાદ |
| રૂા. ૬,૦૦૦/- | શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર - અમદાવાદ |
| રૂા. ૬,૦૦૦/- | શ્રી લક્ષ્મણદાસ મેઘજી ઠક્કર - અમદાવાદ |
| રૂા. ૨,૦૦૦/- | શ્રી પ્રેમજી ત્રિકમજી ભીંડે - અમદાવાદ |
| રૂા. ૧,૦૦૦/- | શ્રી હરખચંદ કુંવરજી ગોસર - સુરેન્દ્રનગર (પુત્ર ચિ. વિશાલના લગ્ન નિમિત્તે સપ્રેમ) |
| રૂા. ૫૦૧/- | શ્રી ઉપેન્દ્રકુમાર સુધાકર લાપસિયા - ભાવનગર |

### ડાયાલિસિસ સેન્ટર માટે

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | કચ્છ અંજાર નિવાસી વોરા જાસુદબેન ગુલાબચંદના પૌત્ર તથા રક્ષાબેન અતુલભાઈ વોરાના સુપુત્ર ગૌતમના લગ્નની ખુશાલી નિમિત્તે એક તિથિ. |

### વૈયાવચ્ચ ખાતે

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી વસંતબેન મૂલચંદભાઈ - વીરમગામ |
| રૂા. ૧,૦૦૧/- | શ્રી સોમચંદ વિશનજી મોમાયા - મુંબઈ |
| રૂા. ૫૫૧/- | શ્રી નરેશભાઈ જયચંદ નાગડા |

### તબીબી સહાય ખાતે

| | |
|---|---|
| રૂા. ૫૦૧/- | સ્વ. પ્રેમજી ભીમશી દેઢિયા (પત્રી)ના સ્મરણાર્થે હા. રમેશ ઉમરશી સાવલા - અમદાવાદ |
| રૂા. ૫૦૧/- | શ્રી નયન અશોકભાઈ ભેદા - મુંબઈ |

### શૈક્ષણિક સહાય ખાતે

| | |
|---|---|
| રૂા. ૬૦૦/- | શ્રી દિવ્યેશ જગદીશભાઈ ગંગર - મુંબઈ |

### વયસ્ક સમિતિ ખાતે

| | |
|---|---|
| રૂા. ૫,૦૦૦/- | શ્રી રોહિત ડાહ્યાલાલ શાહ - અમદાવાદ |

### મંગલ મંદિર ભેટ ખાતે

| | |
|---|---|
| રૂા. ૫૦૧/- | શ્રી ધીરેનભાઈ નાનજી દેઢિયા - અમદાવાદ (નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે) |

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

*બધે જ ગુણની પૂજા થાય છે, સંપત્તિની નહીં.*

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## કરિયર ગાઈડન્સ વર્કશોપ

### કોના માટે? તેમાં શું હોય? આ વર્કશોપ શા માટે?

★ ***કરિયર ગાઈડન્સ વર્કશોપ :***
તારીખ ૬ થી ૧૨ એપ્રિલ, ૨૦૧૫ (૭ દિવસ).

★ ***કોના માટે? :*** આ વર્કશોપ, ખાસ કરીને જે વિદ્યાર્થીઓ આ વર્ષે (૨૦૧૫ માર્ચ કે એપ્રિલમાં) કોઈપણ બોર્ડમાં, કોઈપણ માધ્યમમાં ધોરણ-૧૦ની પરીક્ષા આપી રહ્યા છે, તેમના માટે છે.

★ ***આ વર્કશોપમાં શું હોય છે? :***

☞ આ વર્કશોપમાં અલગ અલગ કરિયર અંગે ભણાવતા ફેકલ્ટી આવીને જે તે એરિયામાં કેવી રીતે તેમાં એડમિશન મળે, એન્ટ્રન્સ પરીક્ષા હોય તો એની વાત, તેની તૈયારીની વાત, તેમાં કેવું ભણવાનું આવે, તેની વાત કરે છે. આ જ રીતે વિવિધ વ્યવસાયમાં કામ કરતાં વ્યક્તિઓ પણ પોતાના ક્ષેત્રમાં કેવું કામ કરવાનું આવે અને તેમાં ભવિષ્યમાં કેવી તક છે તેના વિષે આવીને વાત કરે છે.

*ઉદાહરણ તરીકે :* કોમ્પ્યુટર અને આઈ.ટી., એન્જિનિયરિંગ, મેડિકલ, ડિપ્લોમા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી, આર્ટસ, મીડિયામાં થતાં અભ્યાસ વગેરે.

☞ બીજા અગત્યના ભાગ તરીકે આ વર્કશોપમાં જુદા જુદા એજ્યુકેશનલ કેમ્પસની વિઝિટ હોય છે. તેમાં જે તે સંસ્થા વિષે વિદ્યાર્થી જાણે છે. તેના ક્લાસરૂમ, લાઈબ્રેરી, ત્યાંની વિશેષ જગ્યાની મુલાકાત લે છે.

*ઉદાહરણ તરીકે :* IIM, NID, MICA, EDI, CEPT, EDI, NIFT, DAIIC (નોંધ : આ બધામાંથી જેમના દ્વારા પરવાનગી મળે તેમાં વિઝિટ ગોઠવાતી હોય છે.)

☞ અને ત્રીજા ભાગમાં વ્યક્તિગત વિકાસ થાય તે માટે જરૂરી આવડતને લગતી ટ્રેનિંગ હોય છે.

*ઉદાહરણ તરીકે :* પબ્લિક સ્પીકિંગ, ક્રિએટીવિટી, સ્ટ્રેસ મેનેજમેન્ટ, આત્મવિશ્વાસ વધારવો વગેરે.

★ ***આ વર્કશોપ શા માટે?***

૧. આ વર્કશોપમાં ભાગ લેવાથી મળતી માહિતી એકસાથે અને યોગ્ય વ્યક્તિ પાસેથી મેળવવી સામાન્ય રીતે ખૂબ મુશ્કેલ છે.

૨. આ વર્કશોપમાં આવ્યા પછી વિદ્યાર્થી પોતાની કરિયર અંગેના નિર્ણયમાં ખૂબ જ સ્પષ્ટ થઈને જાય છે.

૩. આ વર્કશોપમાં લઈ જવાતી એજ્યુકેશનલ સંસ્થાની મુલાકાત, વ્યક્તિગત રીતે મુશ્કેલ છે અને આ બધી વર્લ્ડ ક્લાસ સંસ્થામાં જવાથી વિદ્યાર્થી મહત્ત્વાકાંક્ષી અને જુદી રીતે વિચારતો બને છે.

આ પ્રકારનો વર્કશોપ આખા ગુજરાતમાં એક જ છે અને તે વર્ષમાં એક જ વાર થાય છે. જેમાં આ વર્ષે માત્ર ૪૦ વિદ્યાર્થીઓને જ લેવાના છે અને પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે રહેશે.

પાલડી ભવન કાર્યાલય પર રજિસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫ છે. ફોન સંપર્ક : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

અગર સમાજના પરિવારમાંથી વિદ્યાર્થીઓની જરૂરી સંખ્યા સમયસર મળશે નહીં તો અન્ય સમાજ પરિવારના વિદ્યાર્થીઓને આ ખૂબ જ મહત્ત્વના વર્કશોપમાં પ્રવેશ આપવામાં આવશે. આ રીતે સૂચિત વર્કશોપ તેનાં નિર્ધારિત સમયે અચૂક યોજવામાં આવશે, જેની નોંધ લેવા અનુરોધ છે.

*— કન્વીનર*

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટૉપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂા. ૨/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

*કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*કોઈપણ વસ્તુને ક્યારેય નકામી સમજવી ન જોઈએ.*

# વયસ્ક સમિતિ


સૂરની સુરાવલી વહેવડાવતાં 'સૂરીલી સરગમ'ના કલાકારો


સંગીતના સાગરમાં ડૂબેલા વડીલો


ગીતોની રમઝટ માણતા વડીલ નારીવૃંદ


શ્રીમતી ઈલાબેન અને રોહિતભાઈ શાહનું બહુમાન કરતા વયસ્ક સમિતિના સભ્યો. તસવીરમાં ડાબેથી રજનીકાંત પારેખ, આણંદજીભાઈ વીરા, રોહિત શાહ, શ્રીમતી ઈલાબેન શાહ અને દિલીપભાઈ દંડ.

સમિતિ દ્વારા તા. ૭-૨-૨૦૧૫ના રોજ જૂના ગીતોનો એક રસમધુર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રજનીકાંત દરવાન, કે. પ્રતિમા, નિર્મળા પાંડે, દલપત સોલંકી, જિતેશ ઉપાધ્યાય વગેરે પોતાના ગીતો દ્વારા શ્રોતાઓને બોલીવુડના સુવર્ણ કાળમાં લઈ ગયા હતા. વાદક વૃંદમાં હર્ષદ ચૌહાણ, પીયૂષ ચૌહાણ અને મનીષ ચૌહાણે સાથ આપ્યો હતો.

આ કાર્યક્રમ માટે શ્રી ધીરજલાલ હંસરાજ પારેખ દ્વારા રૂા. ૧૦,૦૦૦/- અને શ્રી રોહિતભાઈ ડાહ્યાલાલભાઈ શાહ દ્વારા રૂા. ૫,૦૦૦/-ની સ્પોન્સરશીપ મળી હતી. શ્રીમતી ઈલાબેન રોહિતભાઈ શાહ અને શ્રી રોહિતભાઈ ડાહ્યાભાઈ શાહનું સમિતિના સભ્યો દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના દિવસે શ્રીમતી ચંદ્રાબેન મહેન્દ્ર શાહનો જન્મ દિવસ હોવાથી તેમના તરફથી ૮મી ફેબ્રુઆરીના 'રાહગીરી' કાર્યક્રમ માટે ચા-નાસ્તાની સ્પોન્સિરશીપની ઑફર કરવામાં આવી હતી. તેને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવેલ. અંતે ભોજન બાદ સૌ છૂટા પડ્યા હતા.

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

**વેબ ડિઝાઈન કરવા કે માર્કેટ કરવા.... સોફ્ટવેર સંબંધી કોઈ પણ કામ માટે કે એપ્લીકેશનના કામ માટે**

**આઈ.ટી. સંબંધી તમારા કોઈ પણ કામ માટે સંપર્ક સાધો**

**દ્રશ્ય ફુરવા**

**EVANTRIX**

Contact : 8401144924, 9510571716
E-mail : contact@drashya.in OR drashya@evantrix.com
Visit Us : http://drashya.in OR http://evantrix.com

# વેબ ક્રાંતિ

અનેક ક્રાંતિનું સાક્ષી રહેલું આ જગત આજે એક નવી ક્રાંતિની મજા માણી રહ્યું છે, અને એ છે.... "વેબ ક્રાંતિ." અત્યારે આપણો દેશ ભારત, દુનિયામાં વેબસાઈટના સર્ચમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

૨૦૦૧માં કચ્છમાં આવેલા વિનાશકારી ભૂકંપ બાદ ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ તથા ઉદ્યોગમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતાએ ટેક્ષ હોલીડેની સ્કીમ આપી તથા સુયોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડી ભારતભરના ઉદ્યોગપતિશ્રીઓને આકર્ષ્યા અને અનેક ઉદ્યોગપતિશ્રીઓએ કચ્છમાં તેમના ઉદ્યોગો સ્થાપ્યા. ત્યારબાદ વર્ષ ૨૦૦૩થી તત્કાલીન મુખ્યમંત્રી અને હાલે ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ ઉદ્યોગોને વિકસવા માટે પૂરતી સવલતો આપી કે જેથી આ ઉદ્યોગોનો સારો વિકાસ થયો અને કચ્છને વિશ્વની નજરમાં હાઈલાઈટ થવાની તક મળી.

વર્ષ ૨૦૦૩થી વાઈબ્રન્ટ ગુજરાત શરૂ થતાં ગુજરાતમાં બહારની કંપનીઓ માટે આકર્ષણ પેદા થયું અને ગુજરાતમાં નવા પ્લાન શરૂ થવા લાગ્યા અને વિકસવા લાગ્યા. જેના કારણે ગુજરાતને માત્ર ભારતના નકશામાં નહિ પરંતુ વિશ્વના નકશામાં આગવું સ્થાન મળ્યું.

૨૦૧૫ના વાઈબ્રન્ટ ગુજરાતને ખૂબ જ સારો પ્રતિસાદ મળતાં, આયોજકોએ ૨૦૧૫માં કચ્છમાં 'વાઈબ્રન્ટ કચ્છ બિઝનેસ એક્સ્પો'નું આયોજન કરવાનું નક્કી કર્યું. આખા ગુજરાતમાં ગાંધીનગર પછી સૌપ્રથમ જિલ્લામાં આયોજન થઈ રહ્યું હોય તો તે આપણા કચ્છમાં થઈ રહ્યું છે.

આજના ટેકનોલોજીના જમાનામાં દરેક વ્યક્તિ માટે મોબાઈલ અને ઈન્ટરનેટ એ જીવન જરૂરિયાત બની ગઈ છે. તેને અનુલક્ષીને Optimatrix Solution નામની કંપનીએ વાઈબ્રન્ટ કચ્છની ઍન્ડ્રોઇડ અને આઈફોન માટે એપ્લીકેશન તૈયાર કરી છે. ઉપરોક્ત વિષય સંબંધી તમામ વિગત ખૂબ જ સરળ રીતે આ એપ્લીકેશન દ્વારા મળી રહેશે. ■


# કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭

***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.


# સમાજ સુરક્ષા સમિતિ

## સ્પષ્ટીકરણ

★ 'મંગલ મંદિર'ના માસ ડિસેમ્બર-૨૦૧૪ના અંકમાં પાના નં. ૭૦-૭૧ ઉપરની સમિતિની જાહેરાતમાં વિભાગ-૧(૬) અકસ્માત મૃત્યુના વીમા બાબત સ્પષ્ટતા કરવાની કે **"કુટુંબના મુખ્ય કમાનાર વ્યક્તિ" જો સભ્ય હોય તો જ આ લાભ મળી શકે. એટલે જો તે વ્યક્તિ સભ્ય ન હોય તો સભ્યપદ મેળવી લેવું જરૂરી છે.** આ બાબતનો ઠરાવ ટ્રસ્ટ મંડળે તા. ૧-૯-૨૦૧૩ની સભામાં કરેલ અને તેની જાહેરાત 'મંગલ મંદિર' માસ ઓક્ટોબર-૨૦૧૩ના અંકમાં આપેલ હતી.

★ આ સિવાય સભ્ય પરિવારોને જણાવવાનું કે નીચેની હોસ્પિટલોને વીમા કંપનીએ અમાન્ય ઠરાવી છે. એટલે આ હોસ્પિટલોમાં લીધેલ સારવારનો કોઈ ક્લેઈમ મળશે નહિ, જેની નોંધ લેવા વિનંતી.

| | | |
|---|---|---|
| ૧. | શારદા ક્લિનિક | અસારવા ચકલા |
| ૨. | પોલી ક્લિનિક | સરસપુર |
| ૩. | બી.કે. સર્જિકલ હોસ્પિટલ | પ્રહલાદનગર |
| ૪. | અક્ષર હોસ્પિટલ | શાહીબાગ |
| ૫. | ભારતી વલ્લભ હોસ્પિટલ | શાહીબાગ |
| ૬. | વેદ હોસ્પિટલ | ઘાટલોડિયા |

***મગનલાલ સંઘવી, કન્વીનર - સમાજ સુરક્ષા સમિતિ***



# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જાન્યુઆરી / ફેબ્રુઆરી - ૨૦૧૫

- **મંગળવાર, તા. ૨૦-૧-૨૦૧૫**

★ સંસ્થાના પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ, મંત્રી શ્રી કે.આર. શાહ, ટ્રસ્ટીશ્રીઓ શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર વગેરેની એક બેઠકમાં નક્કી કરવામાં આવેલ કે ૨૬મી જાન્યુઆરીના રોજ ધ્વજવંદન, મેડિકલ સેન્ટરના ડૉ. હિમાંશુ શાહના હસ્તે કરાવવું તેમજ તે પ્રસંગે નાસ્તાનું આયોજન કરવું.

- **બુધવાર, તા. ૨૧-૧-૨૦૧૫**

★ પાલડી ભવન ખાતે મેડિકલ સેન્ટરમાં MRI સેન્ટર તથા મેમોગ્રાફી પરીક્ષણ ચાલુ કરવા અંગે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી નરેન્દ્ર ખોના વચ્ચે ચર્ચા વિચારણા કરવામાં આવેલ.

- **ગુરુવાર, તા. ૨૨-૧-૨૦૧૫**

★ સંસ્થાના પાલડી ભવન ખાતે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી શાંતિભાઈ સાવલા વચ્ચે C.T. સ્કેન મશીન તથા MRI ડાયગ્નોસ્ટિક સેન્ટર ચાલુ કરવા તેમજ ચેરિટી કમિશ્નર ઓફિસમાં બાકી રહેલા કાર્યો અંગે ચર્ચા વિચારણા થયેલ.

- **શુક્રવાર, તા. ૨૩-૧-૨૦૧૫**

★ પાલડી ભવન ખાતે સંસ્થાના શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ, શ્રી જયેશભાઈ શાહ તથા ઈમ્પેક્ટ ફી ના કન્સલ્ટન્ટશ્રી સાથે એક મીટિંગ ત્રણે ભવનની ઈમ્પેક્ટ ફી અંગે ચર્ચા વિચારણા કરવા મળેલ હતી.

- **શનિવાર, તા. ૨૪-૧-૨૦૧૫**

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ચાલતાં રીનોવેશન કામનું નિરીક્ષણ શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, કોન્ટ્રાક્ટર શ્રી અનિલ સથવારા તેમજ સુથાર શ્રી અભયરાજ સાથે કરવામાં આવેલ અને જરૂરી સૂચનો કરવામાં આવેલ હતા.

★ પાલડી ભવન ખાતે શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી શાંતિભાઈ સાવલા દ્વારા સંસ્થાના વકીલ શ્રી પી.કે. શાહ સાથે ચેરિટી કમિશ્નરની ઓફિસને લગતા કામકાજ બાબત ચર્ચા કરેલ અને આગળની કાર્યવાહી અંગે નિર્ણય કરેલ.

★ આર્કિટેક્ટ શ્રી હિતેશ છાડવા સાથે શ્રી આશિષ મહેતાએ શાહીબાગ ભવન ઉપર ચાલતા રિનોવેશન કામ અંગે ચર્ચા કરેલ.

- **સોમવાર, તા. ૨૬-૧-૨૦૧૫**

★ સ્વતંત્ર ભારતના ૬૬મા પ્રજાસત્તાક પર્વ દિન નિમિત્તે પાલડી ભવનના પ્રાંગણમાં મેડિકલ સેન્ટરના ડૉ. હિમાંશુ શાહના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. આ પ્રસંગે તેમણે જણાવેલ કે ભારતના પ્રધાનમંત્રીના સ્વચ્છતા અભિયાનમાં આપણો સમાજ જોડાય તેવી ભાવના રાખવી જોઈએ. આ પ્રસંગે સમાજના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, અન્ય ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યશ્રીઓ તેમજ અન્ય સભ્યો સારી એવી સંખ્યામાં હાજર રહેલ. અંતમાં જલેબી - ફાફડાને ન્યાય આપી સૌ છૂટા પડેલ.

- **સોમવાર, તા. ૨-૨-૨૦૧૫**

★ પાલડી ભવન તથા શાહીબાગ ભવન ખાતે ચાલતી કેન્ટીનનો કોન્ટ્રાક્ટ હાલે કેન્ટીન ચલાવતા કોન્ટ્રાક્ટરોને આપવો તેવું કેન્ટીન સમિતિના કન્વીનર શ્રી મણિભાઈ ગોસર તેમજ પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ તથા મંત્રી શ્રી કે.આર. શાહ દ્વારા નક્કી કરવામાં આવેલ. આ સમયે સમિતિના અન્ય સભ્યો પણ હાજર હતા. કોન્ટ્રાક્ટનો સમયગાળો તા. ૧-૪-૨૦૧૫થી તા. ૩૧-૩-૨૦૧૮ સુધી – ૩ વર્ષ માટેનો નક્કી કરેલ છે.

★ મેડિકલ સેન્ટરમાં વપરાતા સાધનો અંગેનો હિસાબ બરોબર રહી શકે તે માટે કોમ્પ્યુટર સમિતિના સભ્ય સાથે ચર્ચા વિચારણા કરી તે અંગે યોગ્ય સોફ્ટવેર બનાવવું તેવું નક્કી કરવામાં આવેલ.

★ રિનોવેશન સમિતિની એક બેઠકમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી આશિષ મહેતા, શ્રી દિનેશ મણિલાલ શાહ, શ્રી પીયૂષ પારેખ, સંસ્થાના આર્કિટેક્ટ શ્રી હિતેશ છાડવા તથા રિનોવેશન કામના વિવિધ કોન્ટ્રાક્ટરો હાજર હતા. આ સમયે સુથારીકામના સામાન અંગે, કલરકામની જરૂરિયાત અંગે, સિવિલ કોન્ટ્રાક્ટર તથા ફોલ્સ સિલીંગના કોન્ટ્રાક્ટરો સાથે માલસામાનની ચર્ચા થયેલ હતી.

- **મંગળવાર, તા. ૩-૨-૨૦૧૫**

★ શાહીબાગ ભવન ખાતે રિનોવેશન પામેલ રૂમો તેમજ ડાયાલિસિસ સેન્ટરમાં ૧.૫ ટનના ૩-સ્ટાર 'કેરિયર' કંપનીના સ્પ્લીટ એર કન્ડિશનર લગાવવા અંગે તે કંપનીના મિ. ત્રિવેદી સાથે ચર્ચા કરી તે અંગે નક્કી કરવામાં આવેલ.

★ ડાયાલિસિસ સેન્ટરના ખર્ચ અંગે શ્રી અશોકભાઈ મહેતા સાથે ચર્ચા વિચારણા થયેલ અને તે અંગે છેલ્લા ૨-૩ મહિનાના હિસાબો ચેક કરી રજૂઆત કરવાનું નક્કી કરેલ.

★ શ્રી શાંતિભાઈ સાવલા સાથે ચેરિટી કમિશ્નર દ્વારા શ્રી ક.જૈ.સે. સમાજ અંગેની ચાલતી કાર્યવાહી અંગે ચર્ચા કરેલ અને તે અંગે આવતીકાલે તે

*સડેલા વિચારોને છોડો. નિરાશા આપોઆપ દૂર થશે.*

બાબતે તપાસ કરવા ચેરિટી કમિશ્નર ઓફિસમાં જવાનું નક્કી કરવામાં આવેલ.

- **બુધવાર, તા. ૪-૨-૨૦૧૫**

★ શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ શાહીબાગ ભવન ખાતે ચાલતા રિનોવેશન કાર્યનું નિરીક્ષણ કરેલ અને કોન્ટ્રાક્ટર તેમજ સુથારને જરૂરી સૂચનાઓ આપેલ. સાથે ડાયાલિસિસ પોઝિટીવ કેસ માટેના મશીન માટે અલગ વ્યવસ્થા કરવા અંગે વિચારણા કરેલ.

★ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિભાઈ સાવલા તેમજ મેનેજરશ્રીએ ચેરિટી કમિશ્નરની ઓફિસમાં અધિકારીશ્રીઓ સાથે કાર્યવાહી અંગે ચર્ચા વિચારણા કરેલ.

- **શનિવાર, તા. ૭-૨-૨૦૧૫**

★ વયસ્ક સમિતિ દ્વારા જૂના હિંદી તથા ગુજરાતી ગીતોનો રમઝટભર્યો રંગારંગ કાર્યક્રમ ૧૧૫ વડીલોની હાજરીમાં યોજવામાં આવેલ.

- **મંગળવાર, તા. ૧૦-૦૨-૨૦૧૫**

★ સંસ્થાના ત્રણે ભવનની ઈમ્પેક્ટ ફી અંગે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી અશોકભાઈ મહેતાએ એન્જિનિયર શ્રી અતુલભાઈ પરીખ તથા શ્રી વિજયભાઈ સાથે ચર્ચા કરેલ તેમજ શાહીબાગ ભવનની ઈમ્પેક્ટ ફી ભરવા અંગેનો અમ.મ્યુનિ.કો.નો નિર્ણય આવી ગયેલ હોવાથી તે ભરવાનું નક્કી કરવામાં આવેલ.

- **બુધવાર, તા. ૧૧-૦૨-૨૦૧૫**

★ આજરોજ પાલડી ભવન ખાતે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકભાઈ ગોસર દ્વારા ભવનમાં નવા સ્ટાફની નિમણૂક અંગે જરૂરી કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવેલ.

★ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહે ત્રણે ભવનની ઈમ્પેક્ટ ફી અંગે એન્જિનિયર શ્રી અતુલભાઈ સાથે ચર્ચા વિચારણા કરેલ હતી.

★ 'મંગલ મંદિર'ની આગળની કાર્યવાહી માટે શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી કે.આર. શાહ દ્વારા તંત્રીશ્રી મનુભાઈ શાહ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૧૨-૦૨-૨૦૧૫**

★ આજરોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી આશિષ મહેતાએ શાહીબાગ ભવન ખાતેના રિનોવેશન કાર્યમાં જોઈતા મટીરિયલ બાબતમાં ઘટતું કરવા અંગે ચર્ચા થયેલ.

★ સ્વાઈન ફ્લુના ખોફના કારણે તા. ૨૭-૨૮ ફેબ્રુઆરીના રોજ વયસ્ક સમિતિ દ્વારા યોજવામાં આવેલ તીથલ દર્શનનો કાર્યક્રમ પડતો મૂકવામાં આવેલ.

- **શનિવાર, તા. ૧૪-૨-૨૦૧૫**

★ વયસ્ક સમિતિની મીટિંગમાં તા. ૭-૩-૨૦૧૫, શનિવારના યોજવામાં આવેલ કાર્યક્રમની માહિતી આપવામાં આવેલ હતી.

★ શાહીબાગ ભવન ખાતે ચાલતા રિનોવેશન કામમાં ઝડપ કરવાની સૂચના શ્રી પ્રતાપભાઈ દંડ તથા આર્કિટેક્ટ શ્રી હિતેશ છાડવાએ ઈલેક્ટ્રિક તથા ફર્નિચર કોન્ટ્રાક્ટરોને આપેલ હતી. ■

## એક આનાની વાત

મહાન ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદ રહેતા હતા ઝાંસીમાં. તે વખતની વાત છે. તેઓ ત્યારે 'બુંદેલખંડ એન્ડ કાું.'' માં મોટર ડ્રાઈવિંગ શીખતા હતા. આઝાદ પ્રથમથી જ આઝાદીની ચળવળમાં રચ્યાપચ્યા રહેતા હતા. આ દળ પાસે સતત પૈસાની ખેંચ રહેતી હતી. આખરે પરિસ્થિતિ એ આવી કે આઝાદને અવારનવાર કશું જ ખાવા ન મળતું અથવા માત્ર થોડા ચણા ફાંકીને જ રહેવું પડતું.

એક દિવસ આઝાદ પાસે માત્ર એક આનાનો એક જ સિક્કો બચ્યો હતો (એક રૂપિયો = ૧૬ આના) આખા દિવસમાં એણે અન્નના દર્શન સુધ્ધાં કર્યા ન હતા. પેટમાં ભૂખની આગ બળતી હતી. સાંજ પડી ગઈ હતી. હવે એનાથી વધુ ભૂખ સહન થઈ શકે એવું ન હતું.

આઝાદ એક ભઠિયારાની દુકાને આવ્યા અને એક આનાના શેકેલા ચણા ખરીદ્યા. ચણા ખાવા પડીકું ખોલ્યું, તો એમાંથી એક આનાનો સિક્કો નીકળ્યો. એ એક આનાનો સિક્કો હાથમાં લઈ આઝાદે વિચાર્યું, ''ચાલો, હવે કાલની ચિંતા પણ ટળી ગઈ. પરમ દિવસની ચિંતા હવે પરમ દિવસે કરીશું.'' પણ તરત તેમના મનમાં બીજો વિચાર આવ્યો. એમનું મુખ ગંભીર બની ગયું. એમણે વિચાર્યું, ''આ એક આની પર મારો હક્ક શાનો લાગે? આ સિક્કો તો ભઠિયારાનો જ કહેવાય. એની ભૂલથી આ સિક્કો ચણાના પડીકામાં પડી ગયો લાગે છે. તેઓ તરત જ ભઠિયારા પાસે પહોંચી ગયા ને કહ્યું, 'ભાઈ! તમે મને એક આનાના ચણા આપ્યા તેની સાથે એક આનાનો સિક્કો પણ આપી દીધો! આમ વેપાર કરશો તો કમાશો શું? લ્યો, આ તમારો સિક્કો.''

ગરીબ ભઠિયારાના હાથમાં એક આનાનો સિક્કો મૂકીને આઝાદ તો ત્યાંથી ચાલવા લાગ્યા. ગરીબ ભઠિયારો આ નવજુવાનને જોઈ જ રહ્યો અને બોલી ઉઠ્યો ''કેટલો ઈમાનદાર યુવાન છે! ભગવાન જરૂર એને કીર્તિ અને સફળતા અપાવશે.''

ભઠિયારાને તો ક્યાંથી ખબર હોય કે આ છોકરો એક દિવસ મહાન ક્રાંતિકારી દેશભક્ત ચંદ્રશેખર આઝાદના નામે અપાર કીર્તિને પ્રાપ્ત કરશે.

***('સંસ્કાર દીપિકા' ઓક્ટોબર ૨૦૧૪ માંથી)***

***યોગ્ય તક શોધી કાઢો, અવસરની અછત નથી.***

## ઊડતી નજરે....

**માસ જાન્યુઆરી-૨૦૧૫ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.........................................** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................................................... | **૧૦,૩૩૯** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ............................ **૪૭૩** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .............................................. **૪૯** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............................ **૦૮** | |
| | ● | સોનોગ્રાફી ......................................................................... **૯૦૫** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ...................................... **૨૧** | |
| | ● | બોડી ચેક-અપ ..................................................................... **૩૨૭** | |
| | ● | અન્ય ............................................................................ **૮,૫૫૬** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ **૮૦૫** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ......... **૩,૫૦૨** | **૪,૩૦૭** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ......................... **૨,૯૬૨** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........................................... **૫,૨૪૦** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .............................. **૩૬૦** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ....................... **૧,૭૫૬** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ.. **૪૧૬** | **૧૦,૭૩૪** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........................................................ **૬૦૧** | **૬૦૧** |
| | | માસ જાન્યુઆરી - ૨૦૧૫ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ......... | **૨૫,૯૮૧** |

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# પંડિત જવાહરલાલ નહેરુ

***મુલાકાત લેનાર : રામનારાયણ ચૌધરી***
***ગુજરાતી અનુવાદ : કરીમભાઈ વોરા***

***ચૌધરી*** : જેમનો તમારા પર પ્રભાવ ન પડે બલકે જેમના પર તમારો પ્રભાવ પડે એવા માણસોને તમે કેમ બેસાડ્યા?

***નહેરુ*** : મેં કોને બેસાડ્યા? ઢેબરભાઈને?

***ચૌધરી*** : નિયમ પ્રમાણે જોતાં તો વાત એવી લાગે છે કે જાણે લોકોએ તેમને ચૂંટ્યા પણ...

***નહેરુ*** : અલબત્ત, તેમાં મારો હાથ હતો. એ વાત સાચી. બીજા પણ ઘણાનો હાથ હતો, પ્રમાણમાં મારો હાથ ઓછો હતો. અમે સૌ ઈચ્છતા હતા કે કોઈ કામ કરે એવો યોગ્ય અને હોશિયાર માણસ હોવો જોઈએ, અને ઢેબરભાઈ મને બહુ ગમતા. તેઓ ઘણા સૂઝવાળા માણસ હતા. તેમનું નામ પહેલાં મેં મૂક્યું કે બીજા કોઈએ મૂક્યું તે તો મને અત્યારે યાદ નથી. ગમે તેમ પણ અમે સૌએ તેમને પસંદ કર્યા અને પછી તેમને કહેવડાવ્યું

***ચૌધરી*** : અને સરદાર પટેલ ...?

***નહેરુ*** : કામ કરવાની તેમની આવડત જબરજસ્ત હતી. કડક આદમી હતા. ગુજરાતમાં તેમના હાથ નીચે કોઈને આમ કે તેમ કરવાની ઝાઝી મોકળાશ ન હતી. જ્યારે ઉત્તર પ્રદેશમાં માત્ર હું એકલો ખાસ ન હતો, ત્યાં સૌનો હાથ હતો.

***ચૌધરી*** : કોંગ્રેસમાં કોઈ સાથે તમારો મતભેદ કદી ઝઘડાની હદે પહોંચેલો ખરો? સરદાર સાથે એવો પ્રસંગ આવેલો?

***નહેરુ*** : આમ તો કોંગ્રેસના કોઈપણ આગેવાન-ગાંધીજીથી માંડીને કોઈ એવા નથી જેમની સાથે કોઈને કોઈ બાબતમાં મતભેદ ન થયો હોય. પરંતુ મતભેદને કારણે જે જૂથબંધી થાય એમાં હું કદી પડ્યો નથી. સરકારની રચના પછી અમારા વિચારોમાં કંઈક ફરક હતો એ ખરું. અને એ વાત ગાંધીજી સુધી પહોંચી હતી. તેમણે સમજાવ્યા હતા, બલકે જે દિવસે ગાંધીજીને ગોળી મારી હત્યા કરવામાં આવી તે દિવસે અમે ફરીથી તેમને મળવાના હતા તેમાં ખાસ કોઈ મમતની વાત ન હતી. છતાં અમુક બાબતોમાં દૃષ્ટિભેદ હતો.

***ચૌધરી*** : તમારો અને ગાંધીજીનો સંબંધ નેતા-અનુયાયીનો હતો, ગુરુ - શિષ્યનો હતો કે પિતા-પુત્રનો?

***નહેરુ*** : હું માનું છું કે તેઓ નેતા હતા અને હું તેમનો અનુયાયી હતો એ તદ્દન ઉઘાડી વાત છે. ગુરુ શિષ્યનો સંબંધ કહેવો એ કદાચ ખરું ન ગણાય. ન તો પિતા-પુત્ર સંબંધ પૂરો સાચો ગણાય.

***'પંડિતજી પોતાને વિશે' પુસ્તકમાંથી***

# બાળકની સંભાળ

★ બાળકના કાનમાં તેલ નાખવાથી બહેરાશ કે બીજી સમસ્યા થઈ શકે છે. એવી જ રીતે નાકમાં નાખવાથી ન્યુમોનિયા થવાની શક્યતા રહે છે. માલીશ દરમિયાન નાક-કાનમાં તેલ નાખવું નહીં.

★ નાની બાળકીની છાતીમાંથી ઘણી વાર દૂધ નીકળે છે તે દબાવીને કાઢી નાખવાની પ્રથા છે. પરંતુ આવું કરવાથી અંદર સોજો થવાનો ચેપ લાગીને પ્રસરવાનો ભય રહે છે. છાતી વધુ મસળવી નહીં.

★ નવડાવતી વખતે હળદર, મલાઈ, ચણાનો લોટ વગેરે લગાડવાથી અમુક બાળકોની ચામડી પર રિએક્શન આવે છે. આનો ઉપયોગ ટાળવો. બાળકના શરીર પરની બારીક રુંવાટી એની મેળે નીકળી જશે.

★ માથા પર તેલ થપથપાવવાથી તાળવું જલદી બંધ થઈ જશે. આ ભ્રમ છે. ઊલટું માથા પર વધુ થપકી મારવાથી અંદર મગજને ઈજા થવાનો ડર રહે છે.

★ સાવ નાના બાળકના મોઢામાં આંગળી નાખીને કે ગ્લિસરીનનું પૂમડું ફેરવીને જીભની સફાઈ કરવાની જરૂર નથી. આ વયે જીભ પર થોડી સફેદ છારી રહેવી સ્વાભાવિક છે.

★ સ્નાન કરાવનાર વ્યક્તિએ પહેલાં તો પોતાના હાથ-પગ ધોવા જોઈએ.

★ નવડાવતી વખતે તમારા પગ પર સ્વચ્છ કપડું પાથરીને, પછી તેના પર બાળકને સુવાડો.

★ બાળકના સ્નાનના કે કપડાં ધોવાના પાણીમાં જંતુનાશક દવા નાખવી નહીં.

★ બાળક કે એની માતાને ધુમાડી દેવી નહીં. તેનાથી ઉધરસ થાય છે. માતાને શેક આપવા માટે ગરમ પાણીની કે ઈલેક્ટ્રિસિટી પર ચાલતી થેલી વાપરવી.

★ બાળકને માલીશ કરવા માટે અમુક જ તેલ વાપરવું જરૂરી નથી. કોપરેલ (કોકોનટ ઓઈલ) મસાજ માટે યોગ્ય છે. એવી જ રીતે બાળક માટે અમુક જ કંપની કે બ્રાન્ડના સાબુ, તેલ, પાઉડર વાપરવા જોઈએ એ સાવ ખોટી રીતે થતો પ્રચાર છે. ઘરના બીજા સભ્યો વાપરતા હોય તેવી સારી માઈલ્ડ બ્રાન્ડનો સાબુ બાળક માટે વાપરવામાં કોઈ વાંધો નથી.

★ પાઉડરનો અતિરેક ટાળવો. બાળકના નાકમાં જતા પાઉડરથી શ્વાસના રોગો થાય છે.

★ બજારમાંથી લાવેલું કે ઘરમાં પાડેલું કાજળ આંજવા જતાં બાળકની આંખને ઈજા થવાની સંભાવના રહે છે.

★ જન્મ પછી ૩-૪ મહિના સુધી બાળકના પગ થોડા વાંકા રહે છે. તેને જબરદસ્તીથી સીધા કરવા જતાં હાડકાં વાંકાં થઈ જવાની શક્યતા રહે છે.

★ બાળકના હાથ-પગ વધુ પડતા ખેંચીને બાંધવા નહીં.

★ અને છેલ્લે, બાળકને અડનાર દરેક વ્યક્તિએ પોતાની સ્વચ્છતા અંગે સભાન રહેવું જોઈએ. એના નખમાં મેલ હોય કે ચામડીના રોગ થયા હોય તો બાળકની તબિયત બગડશે. ■

***કપટથી મેળવેલો ફાયદો છેવટે નુકસાનકારક હોય છે.***





નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....

# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬


Booking Open
Sample Villa Ready
Plots & Villa 15 Lacs Onwards
Kalpavriksha
abode
Plots & Villas
@ PANCHASHAR
SHANKHESHWAR
Plot Size - 500 SQ. YDS. & ABOVE PLOTS
VILLA ON DEMAND
1 BHK - 96 SQ. YDS. (Built Up)
2 BHK - 115 SQ. YDS. (Built Up)
Site Address :
Nr. Kalash Kuber, Village Panchasar, Shankheshwar, Gujarat.
Office Address :
4th Floor, Anjalee House, Opp Lal Bunglow, C. G. Road, Ahmedabad- 380009
Contact :
M : +91 99099 44034 | Ph. : 079 2642 7001/7
Web : www.kalpavrikshaabode.com
Developer :
DIAMOND
realty


Gala
NO DUST BROOM
iska bhusa nahi nikalta!
No 'new broom dust'
3X Longer lasting
Washable
Superior Cleaning Guaranteed


kalash kuber
a week-end villa plotting scheme
Site Address : at Panva Village
Viramgam-Shankheshwar Highway, Shankheshwar
NA-NOC TITLE CLEAR
kalash KALARAV
WEEKEND HOMES
Site Address : at Malanpur Village
Viramgam-Shankheshwar Highway, Mandal
Club House
Actual Image
Club House & Bungalows
શ્રી ૐકાર પાર્શ્વનાથ પુરમ તીર્થ
Entrance Gate
kalash kuber
Actual Image
શ્રી ચંત્ર લક્ષ્મી તીર્થ
karma INFRASTRUCTURE
Office : 310, Nalanda Enclave, Opp. Sudama Resort, Nr. V.S. Hospital, Pritam Nagar, Ahmedabad-380007,
Ph.:+91-79-2657 4467/68 M.:+91-98790 48757, 93770 63000
Email : info@karmainfrastructure.com Web : www.karmainfrastructure.com


BHARAT B. GALA
NAVINCHANDRA D. DEDHIA
SRE
Raju
ENTERPRISE
RE - ROLLING / S. S. PATTA - PATTI
179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710

Since 1958

Leading. Innovating. Growing.









Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

ISO 9001 : 2008

## V-Trans offers unmatched service edge to all its customers

- Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
- Expertise in multi point door pickup and door delivery
- Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
- Geographical presence across India at 400 locations in 26 states - further expanding
- Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof

### Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

**Corporate Office : V-Trans (India) Limited**

5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180**

**V-Xpress Toll Free no. : 1800-220-240**

ROMAN
GROUP

Give Your Society The Best!













Pest Control

Water Purifier

Water Proofing

Building Facilities

Silicon Acrylic Paint

Water Treatment Plant

Rain Water Harvesting

Solar Water Heating Systems

Tank And Ringwell Cleaning

Property Redevelopment And solutions

Landscaping And Play Equipment For Gardens

**Roman Group of Companies**
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
**www.romangroup.in**

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


# A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

**INDOCEM (INDIA) PVT. LTD.**

**(An ISO 9001: 2000 Certified Company)**

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,